પ્રાચીનકાળની પરાક્રમી પ્રમદાઓ

અથવા

બહાદુર ઇસ્લામી બાળાઓનો ઇતિહાસ.

લેખક:-અમદુલ્લાહ્ખાન બુઢુખાન પન્ની.

પોરબંદર.

પ્રગટ કર્તા

પઠાણ નિઝામખાન નુરખાન વકીલ.

અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૫૦૦.

ઇ. સ. ૧૯૨૧ હી. ૧૩૩૯

કિંમત રૂ. ૧-૭-૦

આ પુસ્તક અમદાવાદમાં લાલદરવાજે
આવેલા ધી અમરસિંહજી પ્રી. પ્રેસમાં પઠાણ નુરખાન
અમીરખાન વકીલે છાપ્યું.

અર્પણપત્રિકા.

મારાં વહાલાં બેન ફાતમાબાઇ,

મને યાદ છે કે તમોએજ આ ગ્રંથ લખવાને માટે મને સુચના આપી શરૂઆત કરાવી હતી. મારા સ્મરણ બહાર નથી કે તમો પોતે અરબી, ઉર્દુ જાણતાં હોઇ તમારા જ્ઞાનની પ્રસાદી બીજી તમારી હમકોમ ભગીનીઓને આપતાં હતાં. એટલુંજ નહીં પરંતુ તમો પોતે નમાઝી અને મઝહબી તથા ઘરગતુ કેળવણીથી પુરાં વાકેફ હોઇ બીજી બહેનોને પણ તમારા જેવી સદગુણ સંપન્ન નારી થવા પ્રેરતાં હતાં.

મને સારી પેઠે યાદ છે કે તમો મારાં માતા તુલ્ય મોટાં બહેન હોવાથી મ્હારા વિચાર ભંડારમાં વૃધ્ધી થાય, એવા નેક ઇરાદાથી વાતચીતના રૂપમાં પણ વિદ્વતા ભરી સુચનાઓ કરતાં હતાં.

મારા સ્મરણમાં એ વાત પણ હજુ તાજીજ છે કે તમો હમકોમી દેશ હિતેષીણી દુહિતાઓને માટે બહુ અભિ-

માન ધરાવતાં હતાં અને સંસારના તે નાજુક તબક્કાનો ઇતિહાસ બહાર પાડવા મને પ્રેરતાં હતાં અને તે તમારા શુભ પ્રયાસથીજ આ ગ્રંથ બહાર પડી શકેલ છે. તેથી તમારી મ્હારા પ્રત્યેની માયાની યાદમાં હું મ્હારો આ લઘુ ગ્રંથ તમોનેજ સ્નેહ સાથે અર્પણ કરવા અર્થે તમારી શોધમાં ચારે બાજુએ ફરી આવ્યો, પણ તમો ક્યાંએ દેખાયાં નહીં તેથી, ઓહ વહાલાં બેન! હવે તો તમારા પવીત્ર આત્માનેજ વિનવું છું અને આશા રાખું છું કેઃ–તે પાક રૂહ જન્નતમાંથીજ માત્ર એક પવિત્ર પ્રેમની નજરે વિયોગ સાગરમાં ડુબી રહેલા બંધુની નજીવી ભેટને કબુલ ફરમાવી લેશે.

હું છું તમારો બંધુ

અબદુલ્લાહખાન પઠ્ઠાં.

પ્રસ્તાવના.

આ સૃષ્ટીમાં અસંખ્ય પરાક્રમી પુરૂષો પેદા થઇ ગયા છે કે જેઓ લાંબા કાળથી આ ક્ષણભંગુર સંસારમાંથી કુચ કરી ગયા છતાં હજુ પણ તેમની સુકીર્તિ અને પુરૂષાતની કાર્યો સુર્યના તેજસ્વી કિરણોની પેઠે ઐતિહાસીક પુસ્તકોમાં પ્રકાશી રહ્યા છે. જો કે તેમનાં પાંજરા રૂપી શરીરો લાંબા સમયથી માટીમાં મળી ગયાં છે પરંતુ તેમની વીરતાના કાર્યોના પ્રતાપે તેમના આત્મા હજુ પણ અમર છે અને કિયામત સુધી અમર રહેશે. જેમકે તારિક અને મુહમ્મદે કાસિમના વિજયો, તૈમુર અને નેપોલિયનનાં કાર્યો, સિકંદર અને અકબરના અડગ ધૈર્યો, મેહમુદ અને ખાલિદનાં ઇસલામીક જુસ્સાઓ, નૌશીરવાન અને જહાંગીરના ઇન્સાફો, હાતમ અને મામુનની સખાવતો, સુલેમાન અને ખુશરૂની હિમ્મતો, જુલિયસ સિઝર, અને વલીદનો દેશ જીતવાનો ઉત્સાહ, અબ્દુરરહેમાન અને આલમગીરની આનબાન જેવા અને વર્ણનીય ઉત્સાહી શાહોનાં અમુલ્ય વૃતાંતોથી ધડો લેનારા ગૃહસ્થો જરા વિચાર દોડાવી એક નજર સંસારના તે માનીતા અને મનહરણ પ્રાણી ઉપર નાંખો કે જે ભુમિનાં વિશાળ ભાગ ઉપર નાજુક, રસીલી, અને અર્ધાંગનાના નામથી ઓળખાય છે અને જે આ બગીચા રૂપી સંસારનું સુંદર, સુગંધીદાર અને મનરંજન ફુલ છે. જેના ઉત્તમમાં

ઉત્તમ અને મહાનમાં મહાન કાર્યો પુરૂષોના અફસોસકારક અભિમાન અને આપસ્વાર્થિ કારણે એક ભયંકર ખાડમાં પડી, છુપી હાલતમાંજ પડેલા જોવામાં આવે છે. પરંતુ જુદા પુસ્તકકારે એકે ભાષામાં. એકે વિદ્વાને આ નાજુક તઅક્કાની તારીખ આપેલ નથી. જો કે " તારીખે તીબરી પ્રેસ યુરોપ. " " ફતુહાતે ઇસલામીયા, " બિલાઝરી, અસદુલગાબા, ફતુહુલશામ વિગેરે ઘણા પુસ્તકોમાં આ નાજુક તબ્બક્કાની વીરતાનાં ઘણાંજ લંબાણથી વૃતાંતો લખેલાં છે એટલુંજ નહીં પણ વિખ્યાત યુરોપી ઇતિહાસકાર એડવર્ડ ગીબન વીગેરે યુરોપી લેખકોએ પણ મુસલીમ પ્રાચીનકાળની પરાક્રમી પ્રમદાઓની વિરતાના લંબાણથી વર્ણનો આપ્યાં છે. પરંતુ જુદા પુસ્તકકારનું એકે ભાષામાં એકે પુસ્તક મારા જોવામાં કે સાંભળવામાં આવેલ નહીં હોવાથી, મારા વહાલાં મરહુમ બેન ફાતમાબાઇની ખાસ સુચનાથી તેનો જુદો ઇતિહાસ લખવા સેવકની લાંબા સમયથી અભિલાષા હતી તેથી તે બાબતનું સાહિત્ય એકઠું કરવામાં થોડા સમયનો વ્યય થતાં, પ્રોફેસર મોલ્વી સૈયદ સુલેમાન સાહેબનું તે સબંધમાં લખેલ, એક ટુંક ઉર્દુ પેમ્ફલેટ મારા હાથમાં આવ્યું; જેની આ લઘુ ગ્રંથમાં મેં મુક્ત હસ્તે સહાય લીધી છે તે સિવાય મિરાતે એહમદી, તવારીખે ફરિસ્તા વીગેરે પુસ્તકોની પણ સહાય લીધી છે તેથી તેઓના કર્તાનો આ સ્થળે અંતઃકરણ પુર્વક આભાર માનું છું.

આ લઘુ ગ્રંથમાં આવેલ કેટલાક બનાવોની હકીકત

અરબ્બી, ફારસી, ઉર્દુ તથા અંગ્રેજી પુસ્તકોમાં છે. પરંતુ ગુજરાતી ભાષામાં આ બાબતનું જુદા જુદા સ્વરૂપમાં કંઇ વર્ણન કે એકે પુસ્તક આજ દીવસ સુધીમાં બહાર પડેલ નથી જેથી તેવી એક ખોટ પુરી પડવાની સાથે ગુજરાતી જાણનાર ઇસલામી સ્ત્રી પુરૂષોને આમાંથી ઘણું નવીન અને વધુ જાણવાનું મળશે એ સ્વાભાવિક છે. ઇતિહાસીક ગ્રંથો તે પરાક્રમી પુરૂષો કે વીર વનિતાઓની કીર્તીના ભંડાર રૂપ છે એટલુંજ નહીં પણ તે તેમના કીર્તી સ્થંભોજ છે. તેથી આ પુસ્તકના વાંચનથી પુરૂષોની સાથે હાલના સમયની સન્નારીઓ પણ પ્રાચીનકાળની પરાક્રમી પ્રમદાઓની પરાક્રમતા વિષે જ્ઞાન સંપાદન કરી શકશે વિર વનિતાઓનાં જીવનચરીત્રો વાંચવાથી, તે તેમનું જીવન ઉન્નત બનાવી શકવાની સાથે તેમનું અનુકરણ કરી, સંકટ સમયે ધૈર્ય ધરી, દેશ તથા કોમ હીતકારી સુકર્મો કરતાં શીખશે તો હું મારી મહેનત સફળ થયેલી માનીશ.

વાંચક, આ ગ્રંથમાં જોઇ શકશે કે ઇસલામી સીવાય બીજી કોઇ પણ જ્ઞાતીમાં તેવી દેશ હિતેષીણી દુહિતાઓએ તેટલા પ્રમાણમાં જન્મ લીધો નથી અને તે માટે ઇસલામીઓને અભિમાન લેવા સરખું છે. છતાં મારે ઘણીજ દીલગીરી સાથે કહેવું પડે છે કેઃ—હાલના સુધરેલા વાતાવરણમાં પણ ઘણા લોકો કન્યા કેળવણીથી વિરૂદ્ધ છે. જ્યારે મુસલમાનોને ઇલ્મ ઉપર પ્રતિ હતી, ત્યારે તેમની સ્ત્રીઓ પણ કેળવાએલી હતી. તેના ઘણા દાખલાઓ તથા તેમનાં રચેલાં પુસ્તકો મોજુદ છે. જહાંગીરના મરણ વખતે તેની બેગમ

નુરજહાંએ જે શોકની ક્વીતા રચી છે તે એનો અચુક પુરાવો છે.

સ્પેનના બાદશાહ અલ્મુસ્તનસર બિલ્લાહ બીન અબ્દુ-રહિમાન અન્નાસિરૂદીનઇલ્લાહના સમયમાં ઇલ્મની એટલી ચઢતી હતી કે કોઇ મોટા દરબાર કે બાદશાહી મેળાવડા વખતે લોકો ભેટમાં નજરાણાંને બદલે પોતાનાં રચેલાં પુસ્તકો ભેટ આપતા હતા. ગદ્ય, પદ્યની આવી ચઢતી જોઇને સ્ત્રીઓ પણ કેળવણીમાં આગળ વધી.

એક સ્ત્રી વ્યાકરણની પુરી વિદ્વાન અને પદ્યમાં પ્રખ્યાત હતી, તેમજ ગણિત વગેરેમાં પુરી માહિતગાર હતી. લહીઆ તરીકે (લેખમાં) એની એટલી પ્રખ્યાતી હતી કે કોઇ છુપા કાગળપત્રો લખાવવા હોય તો બાદશાહ એની પાસે લખાવતા હતા.

ફાતિમા બીન્તેજ કરીયા એવી ઉત્તમ લખનાર હતી કે બાદશાહને એક પુસ્તક લખીને ભેટ આપ્યું હતું.

આઇશા બીન્તે અહમદે, પાદશાહને એક પુસ્તક સારા અક્ષરોથી લખીને આપ્યું. એ આઇશા બીજી પણ ઘણીક બાબતોમાં હુશિયાર હતી. ઇબ્ને હયાન જે સ્પેનનો પ્રખ્યાત ઇતિહાસ કર્તા છે તે કહે છે કે સ્પેનમાં આઇશાની બરાબરી કરે એવી કોઇ સ્ત્રી, રૂપ ગુણ અને જ્ઞાનમાં નહોતી. એણે પોતાના સમયના બાદશાહોનાં વર્ણનો પણ લખ્યાં છે અને તે એટલા બધા ભરોસાદાર છે કે સૌ તેને કબુલ રાખે છે.

કાન્ઝા બીન્તે જાફરે હુન્નરકળાનું એક મોટું પુસ્તક

રચ્યું અને ઘણી સારી કવિતાઓ રચી જેને તે પોતે મધુર કંઠથી ગાતી હતી. મરીઅમ બીન્તે અબુ યાકુબ સિવિલના મોટા મોટા કુટુંબોની દીકરીઓને કેળવણી આપતી હતી. તેની નિશાળ ઘણી પ્રખ્યાત હતી. મલેક તાહીરબંદ કેકારીની દીકરી **"તઝકારયાએ ખાતુન"** નામે હતી તેણે કેરો શહેરમાં સને ૬૮૪ હીજરીમાં "રબાત-અલ-બગદાદ" નામે મકાન બંધાવ્યું હતું, જેમાં નિશાળ રાખવામાં આવી હતી અને ઇસલામી સ્ત્રીઓને બોધ તથા કેળવણી આપવામાં આવતી હતી. તે એટલે સુધી કે કુમારી કન્યાઓ તે નિશાળમાંજ ઉછરતી હતી. કેળવણી તથા બોધ અને લેકચરો આપવાની હુંશીયારી મેળવી જ્યારે તેઓનાં લગ્ન થતાં તે વખતે નિશાળ છોડતી.

આબીસિનીયાના બાદશાહ "નાસરૂદવલા" ની દીકરી "ઝુમરૂ" નામે હતી, તેણે દમિશ્ક શહેરમાં પોતાની સઘળી દોલત ખરચીને મોટી કોલેજ બંધાવી હતી. તે સાતમાં સદીમા હૈયાતી ભોગવતી હતી. તે સિવાય દમિશ્ક શહેરમા મલેક અશરફની દીકરી "ખાતુન" નામે હતી, તેણે પણ સુંદર નિશાળ બંધાવી હતી.

રઝીયા કે જે નઝમે સઅદાના નામથી પ્રખ્યાત છે તેણે ઘણી સારી કવિતાઓ રચી છે. ખાસ કરીને તે ઇતિહાસ કર્તા-લખનારી તરીકે પ્રસિદ્ધ છે. બાદશાહના મરણ પછી તે પુર્વના મુલકોમાં ફરવા નીકળી અને દરેક ઠેકાણે વિદ્વાનોની તરફથી માન મેળવી શકી.

આ પ્રમાણે પ્રાચીન ઇસલામી સ્ત્રી કેળવણીનો ટુંક ઇતિહાસ છે, છતાં આધુનિક સમયમાં ઇસલામીયો સ્ત્રી કેળવણીથી શા માટે વિરૂદ્ધ છે તે સમજાતું નથી.

ઇસલામી સ્ત્રી સમાજમાં જીવનનું વર્ણન ઇતિહાસમાં લિપિબંધ રહે છે. જાતિય ચરિત્રની ઉન્નતી, અવનિતિ, વિચાર, કર્મ અને પરિવર્તન, સામાજીક જીવનના અસીમ કાર્યક્ષેત્રમાં અસંખ્યાકાર ધારણ કરે છે.

રાજ્ય નૈતિક અન્દોલન, પ્રગ્ન શક્તિનું અભ્યુસ્થાન, ભાષા અગર સાહિત્યનો વિકાશ, વિજ્ઞાનની ઉન્નતિ, ધર્મની પ્રભા–વૃદ્ધિ, અજ્ઞાન અંધકાર, અધર્મ અત્યાચાર, દરિદ્રા પરાપિડન અને રાજ્યવંશ ઇત્યાદી વાતોમાંજ જે ઇતિહાસ લખેલો છે એ એક પ્રકારની નિતિ કીવાં ધર્મ શાસ્ત્ર છે. એટલુંજ નહીં પણ તેના વાંચનથી જીવનનો પન્થ પારદર્શક બનાવે છે અને તે આ લઘુ ગ્રંથ વાંચ્યાથી વાચકો જોઇ શકશે.

આ ગ્રંથમાં બ્યુરેટીનાની મહાન સેવાઓ, ઓગસ્ટીનાની શુરવિરતાવાળી યાદગીરી હાલમાં પણ નસોમાં ગરમી અને અંતઃકરણમાં હિમ્મત ઉત્પન્ન કરનારી થઇ પડી છે.

રણક્ષેત્રનો ભયંકર દેખાવ અને શબીબની સ્ત્રી ગીઝાલાની શુરવિરતા વિચારવા જોગ છે. જ્યારે અબ્દુલ મલીકના તાજનો તે હીરો હજ્જાજ જેના નામથી આખું એરાક અને હજ્જાજ કંપિત હતું, જે પોલીટીકલ દુનિયાની રંગીલી મજલીસનો દબદબા ભરેલ દેખાવ હતો. જ્યારે તે

ઘણી ખરી લડાઇઓમાં આગળ આવી મુકાબલો કરી શકયો નહીં અને ઘણી ખરી વખત હિમ્મત અને ધૈર્યથી કાર્ય લેતાં પણ નિરાશા સાથ પરાજયનોજ દેખાવ જોવો પડયો, ત્યારે ખાસ કરી સિંહનું અંતઃકરણ ધરાવનાર શુરવીર ગીઝાલાનીજ આશ્ચર્યચકિત હિમ્મત અને શૌર્યની મહાન તસવીર છે, તે વાંચક જોઇ શકશે.

દમિશ્કના ઘેરા વખતે જયારે ઇસલામી સ્ત્રીઓ અપમાન સાથે કેદ થઇ, જેમને મદદનાં કશાં ચિન્હો નહીં જણાયાં, તે વખતે મહાન નામવર ઇસલામી બાનુ ખુલા બીન્તે અઝવરે એક જુસ્સા પુર્વક લેકચર કર્યું. જેના થોડાક વાકયોએ અગ્નિ સળગાવી દીધી અને સ્ત્રીઓ તંબુની મેખો લઇને શુરવીરતા સાથ આગળ વધી અને જોત જોતામાં ત્રીસ લાસો ભુમિ ભેટો કરતી થઇ પડી. આ તે પ્રખ્યાત કાર્ય હતું જેના મસ્તાના સરોદોએ વિખ્યાત યુરોપી ઇતિહાસકાર એડવર્ડ ગીબનનું પણ મગજ ભ્રમિત કરી નાખ્યું હતુ અને તેને નિચલા શબ્દો ઉચ્ચારવા પડયા કેઃ—

' એજ સ્ત્રીઓ કે જે તરવાર ચલાવવી, ભાલાઓની નીશાનબાજી અને તીરો ચલાવવામાં ઉસ્તાદ ગણાતી હતી અને એજ કારણે તેઓ પોતાનું પવિત્ર પતિવ્રત્ય પાળવામાં ગમે એવી વિકટ કસોટીમાં પણ વિજયી નીવડતી હતી."

સુલતાન અલાઉદ્દીન ખીલજીની દાસી ગુલ બેહસ્તની બહાદુરી પણ અવલોકવા જેવી છે.

એવીજ રીતે જોન ઓફ આર્કની વિખ્યાતીમય અને જાણીતી સરદારી યરમુક અને કાદસીયાના મારકાઓમાં સ્ત્રીઓની બહાદુરીઓ અને ખુનસ્થાં તથા ક્યારેઆના ઉશ્કેરનારાં અદભ્ય ભાષણો, રઝીયા અને નુરજહાંનની નાજુકાઇ અને સુંદરતા છતાં સિંહને તરવારથી મારી નાંખનારો પાઠ એવો નથી કે જેને ભુલ ભુલામણીનું પાણી મગજનાં પાના ઉપરથી ભુસી શકે.

તૈમુરી કાર્યોમાં હમીદ બેગમની બહાદુરીએજ આદિલશાહનું સૈન્ય અવ્યવસ્થિત સ્થિતીમાં તોપખાનું છોડી નહાસતું નજરે પડ્યું. ઇસલામી સ્ત્રીઓનાં શૌર્ય અને હિમ્મતના આ મહાન અદભ્ય દાખલા અને યાદગીરીઓની સદા બહાર પુષ્પ રૂપી છે જે હમેશાં મગજને શાન્તિ આપનાર થઇ પડે છે.

એજ મનહરણ વિષયોમાં ચાંદબીબીની આકર્ષક તસવીર પણ એક ખાસ ભાગ ભજવે છે. જેનાં ચળકાટ કરતાં મોતીઓ પણ આ લઘુ ગ્રંથમાં પરોવેલ છે. તે સીવાય અર્વાચીન યુવતિઓની યુદ્ધ સેવા અને સમાજ સેવાનાં વર્ણનોથી પણ વાંચક આજ દિવસ સુધી ઇસલામી અબળાઓનો સર્વાંશે નહીં તો કંઇક અંશે સંક્ષિપ્ત ઇતિહાસ જોઇ શકશે.

આ ઇતિહાસ પ્રથમ અહમેદાબાદથી પ્રગટ થતા "કૃયઝે આમ" માસીકમાં માહે ઓગષ્ટ સને ૧૯૧૯ થી માહે જાન્યુઆરી સને ૧૯૨૧ સુધી અર્થાત અઢાર માસ સુધી પ્રગટ થયો હતો તે દરમ્યાન વાંચકોને આદરને પાત્ર થઇ

ચુક્યો હતો. હવે આજ નવીનતાથી વાંચકોના કરકમળમાં સાદર થાય છે.

આ લઘુ ગ્રંથ લખી સંસારના આ નાજુક તબક્કાની વિરતાનો ઇતિહાસ બહાર પાડવા મારાં મરહુમ બેન ફાતમાબાઇની અતિ ઉકંઠા હતી અને તેમણે પોતાની હૈયાતીમાં કેટલાક ઉર્દુ નિબંધોમાંથી ટ્રાન્સલેશન કરવા માટે મદદ પણ આપેલ, પરંતુ લખતાં ઘણીજ દીલગીરી થાય છે કે આ પુસ્તક બહાર પડવા પામે તે પહેલાં તેઓ આ-પની દુનિયામાંથી તા. ૧૯-૪-૧૮ એટલે તા. ૭ રજજબ ૧૩૩૬ હીજરી શુક્રવારનાં રોજ કુચ કરી ગયાં અને મારો ઉત્સાહ મંદ થતાં તે કામ પરીપૂર્ણ થયા વગરનું રહ્યું. પરંતુ મારા વહાલા મીત્ર મૌલ્વી મોહમદ હનીફે ફરીને મને તે કામ હાથ ધરવા ઉત્તેજીત કર્યો. વળી ઉર્દુ ભાષા ઉપર મારો જોઇયે તેવો કાબુ નહીં હોવાથી કેટલાક અઘરા શબ્દો વીગેરેનું ટ્રાન્સલેશન કરવામાં મને પુર્ણ મદદ આપી છે જે માટે આ તકે હું તેમનો ખાસ આભાર માનું છું.

ઇતિહાસ જેવા ઉપયોગી વિષયના મુળ બનાવોની ખરી હકીકતોનો સંગ્રહ કરવાનું કામ કેટલું બધું જોખમ ભરેલું છે તે બીના તે કામના અનુભવીઓજ જાણી શકે છે. તેવા એક કામનો આ મારો પ્રથમજ પ્રયાસ હોવાથી કાંઇ ભુલ ચુક રહી ગઇ હોય તો તેને લક્ષમાં નહીં લેતાં સાર ગ્રહણ કરી દોષ ક્ષમા કરવાની વાંચકવૃંદને વિંનતી કરૂં છું. આ પ્રસંગે "ફયઝે આમ" તથા "પોલિટીકલ ભોમીયો"

પત્રના મેનેજર મારા મીત્ર જનાબ નિઝામખાન સાહેબે પણ ચાલુ લઘુ ગ્રંથનાં પ્રુફ સુધારવા બનતી કોશીશ કરવા તથા જલદી પુસ્તક પ્રગટ કરવા મહેરબાની કરી છે તે માટે પણ હું તેમનો ખાસ આભાર માની આ લંબાવેલી પ્રસ્તાવના પરીપુર્ણ કરૂં છું.

પોરબંદર
માંગરોલીયા ડેલા.
તા. ૫-૪-૨૧

લી. આપનો
અબદુલ્લાહખાન બુઢ્ઢખાન પન્ની.

અનુક્રમણિકા.

પ્રાચીનકાળની પરાક્રમી પ્રમદાઓ

અથવા

ઇસ્લામી બાળાઓની બહાદુરી.

પ્રકરણ ૧ લું.

યુરોપીયન બાળાઓની બહાદુરી.

યુરોપના પ્રખ્યાત ઇતીહાસ ગોલ્ડન ડીડસમાં સૌથી ભારે પરાક્રમી એક બહાદુર બાળાની બતાવેલી છે જેણે યુદ્ધમાં નેપોલીયનના મુકાબલામાં એક શુરવીર તરીકેની કામગીરી છેવટ સુધી બજાવી હતી.

"સને ૧૮૦૮ ઇસ્વીમાં જ્યારે નેપોલીયન બોનાપાર્ટ પોર્ટુગાલની લડાઇ ફતેહ કરી ચુકયો હતો ત્યારે પોતાના ભાઇ જોસફને ત્યાં મુકી, પોતે સ્પેન તરફ કુચ કરી. પાયતખ્ત આરગાનના શહેર ઝરગુઝા (સરકુસા) પાસે બંને ફોજોનો મુકાબલો થયો. સ્પેનના શુરવીર સિપાહીઓએ શુરાતનથી અજબ-બુત હુમલો કરી રણકૌશલ્યતા બતાવી, આવેલ હુમલાને હઠાવવા જીવપર આવી લડવા લાગ્યા. તમામ મુલ્કમાં દેશ અને કોમની જય પોકારાવા લાગી અને દરેક શખ્સ પોતાના દેશ માટે પ્રાણાહુતી આપવાને તૈયાર થઇ ગયો. આ મોકા ઉપર મુખલુકાતના એક કમજોર અને નાજુક વર્ગે પણ બનતાં સુધી પોતાના પ્રાણનું બલિદાન આપ્યું."

આ ઠેકાણે વાંચક પ્રશ્ન કરશે કેઃ—મખલુકાતનો નાજુક વર્ગ (બાળા, બાળક અને બુઢ્ઢા) તે પોતાના પ્રાણનું શું બલીદાન આપી શકતા હતા? તેનોજ હવે આપણે ઉલ્લેખ કરીશું.

કોન્ટેસ્ટ બ્યુરીટાએ બાળા તથા બાળકોનું એક મંડળ સ્થાપી તેના તાબામાં નીચે પ્રમાણે કામગીરી સોંપી આપી.

૧ યુદ્ધ સમયે સિપાહોને ખાણું પહોંચાડે.

૨ જખમી સિપાહોને રણભુમી ઉપરથી ઉપાડી લાવી તેઓની સારવાર કરે.

૩ તેઓની દવા દારૂ (મરહમ પટી) કરે.

આ લડાયક તવારીખનો એક અભિમાન લેવા સરીખો બનાવ એવો બનેલો છે કેઃ—આગરટીના ઝરાગુઝા એક દીવસે એક સિપાહીના માટે ભોજન લઇ જતી હતી કે રસ્તામાં એક ભયંકર દેખાવ તેને નજરે પડયો. ખાસ લડાઇમાં એક તોપચી સિપાહીને બંદુકની સડ સડ કરતી ગોળી વાગી અને તે ધબ દેતો નીચે પડી ગયો.

બીજા સિપાઇઓ ઉભા ઉભા હીંમત કરે છે કેઃ—માર્યા ગયેલા તોપચીની જગ્યાએ ઉભા થઇ દુશ્મનોને પોતા તરફ આવતા અટકાવે; પરંતુ બંદુકની ગોળીઓ એવા જોર શોરથી વરસાદ પ્રમાણે વર્ષી રહી હતી કેઃ—તોપ આગળ આવતાં સૈનીકોના પગ ડગમગતા હતા. બહાદુર બાળા અગરટીના તેવા ભયને ભેદીને, દોડતી દોડતી તે માર્યા ગયેલા સીપાહની જગ્યાએ જઇ પહોંચી અને તે તોપ કે જેને તે માર્યા ગએલા સિપાહીએ દુશમનો ઉપર નિશાન ટાંકીને રાખી

હતી તેના ઉપર દીવાસળી લગાવી દીધી અને અંતપર્યંત ત્યાંથી તેનો હીંમતભર્યો હાથ હટયો નહીં.

લડાઇ પુરી થતાં અગસ્ટીનાને જણાયું કે તેણીએ પોતાના પ્રાણેશ્વરની તરફથી તે સેવા બજાવી છે કે જેની મુડદા લાશ તોપના પાછળજ પડી હતી.

દેશની પ્રજાએ અગસ્ટીનાની આ ભારે સેવાને એવી માનભરી નજરોએ જોઇ કે જયાં સુધી તે જીવતી રહી ત્યાં સુધી, તેને પેનશન મળતું રહ્યું. યુરોપીયન લેખકે ગોલ્ડન ડીડસના બધાથી કીમતી તથા વખાણવા જોગ બનાવમાં તેનું વર્ણન કરેલ છે.

જોન ઓફ આર્ક, યુરોપની એક બહાદુર બાળા હતી જેણે પુરૂષનો પોષાક પહેરીને સિપેહસાલાર પ્રમાણે સને ૧૪૨૮ ઇસ્વીમાં ઓરલિયન્સનો ઘેરો ધાલ્યો અને પેટની લડાઇમાં અંગ્રેજોને હાર દઇ ચાર્લ્સ સાતમાને ગાદીએ બેસાડયો.

સને ૧૪૩૧ ઇસ્વીમાં તેના આ કૃત્યને લીધે, કુદરતી બળથી વધી જાય એટલું બળ તેનામાં હતું અને તે બળ જાદુની હીકમતથી છે એમ જાણી તેને બાળી નાખવામાં આવી.

જોનના કર્તવ્યપરાયણતાની છેવટની પ્રસીદ્ધી એ છે કે સ્કુલના બાળકે બાળક તેનાથી પરીચીત છે. તેના મુકાબલામાં અમારી ઇસલામી તવારીખમાં આવી તરેહના ઘણાએ બનાવો બનેલા છે પરંતુ અફસોસ કે તે સઘળા અરબી ફારસીમાં હોઇ તે ભાષાના અજ્ઞાનોએ તેવા-ઇસલામી બાળાઓની બહાદુરીના-બનાવો કાને પણ સાંભળ્યા નહીં હોય!

ભાટ ચારણોએ સંભળાવેલ કહાણી કીસ્સાઓથી તે અજાયબી પમાડે તેવા છે અને ઇસ્લામી બાળાઓની બહાદુરીના બનાવો કે જે ખરા ઇતીહાસના આધારો સહીત છે, તે ગુજરાતી ઇસલામી આલમમાં અંધારામાં ન રહે તે માટે વાંચક વર્ગ સન્મુખ રજુ કરવા પ્રયત્ન કરેલ છે.

પ્રકરણ ૨ જું.

ઇસ્લામી બાળાની યુદ્ધ સેવા.

ઇસ્લામની પહેલાં પણ આરબમાં રીવાજ હતો કે લડાઇ પ્રસંગે સ્ત્રીઓ પણ પુરૂષો સાથે શામેલ રહેતી. બાળાઓ તથા બચ્ચાંઓની ટોળી સૈન્યની હારથી પાછળ રહેતી અને તેઓનું કામ જખમી સિપાહોની સારવાર કરવાનું હતું. ઘોડાઓની ચાકરી કરે, પોતાના પરાક્રમી પતીને આરામ આપે, તેઓના બાપદાદાના ભુતકાળના બહાદુરીના વૃતાંતો કહી સંભળાવી શુરાતન ચઢાવે, દુશ્મનના માર્યા ગયેલા સિપાહોના હથીયાર ખોલે અને સામા પક્ષની ફોજને કેદ કરે વગેરે કામ પણ કરતી.

અરબનો મશહુર શાયર ઉમર બીન કુલસુમ અભીમાનથી કહે છે કેઃ—

"હમારી હારની પાછળ સૌંદર્યમયી સ્ત્રીઓ છે. અમને બરોબર ડર રહે છે કે તેઓની હલકાઇ ન થાય અને દુશ્મનો સામે જ્યારે અમો જીત પામીયે; તે સ્ત્રીઓએ લડા-

ઙના મેદાનમાં જીવતોડનો કરાર કર્યો છે હમારા સાથે તે એ માટે રહે છે કેઃ—દુશ્મનોના ઘોડા અને હથીયાર લઇ લે અને તેમને કેદ કરે. જસમ બીન બકરના ખાનદાનની ઓરતો જેનામાં સૌંદર્યની સાથે ખાનદાની, આબરૂ, પ્રતિષ્ઠા અને મઝહબ પણ છે અને હમારા ઘોડાઓની ચાકરી પણ કરે છે. તેઓ અમને વારંવાર કહેતી કે જો તમે દુશ્મનોના હાથથી અમને ન બચાવી શકો તો તમે અમારા પ્રાણનાથ પણ નહી."

ઇસ્લામમાં પણ આ વંશપરંપરાનો રીવાજ કાયમ થયો. જીહાદમાં બરાબર પુરૂષો સાથે તેઓની સ્ત્રીઓ પણ શામેલ રહેતી હતી. એક પ્રસંગ એવો બન્યો કેઃ-ઉમ્મુલ મોમેનીન હઝરત આયેશાં રદી. પોતાના હાથથી પખાલ (મશક) ભરી ભરીને જખમી સિપાહીને પાણી પીવરાવતાં હતાં, પરંતુ તેની સાથે રસુલુલ્લાહ (સ. અ. વ. ફઝુલ તથા બેકાર બાળાઓને સાથે લઇ જવાને ઘણું નાપસંદ કરતા હતા. એક વખતે હઝરત આયેશાં (રદી.) એ પુછ્યું કેઃ-"પુરૂષો તો જેહાદમાં સામેલ થઇને મોટા મોટા દરજ્જા પામે છે ત્યારે અબળાઓ શું કરે ?"

હઝરત રસુલ સ. અ. વ. એ ફરમાવ્યું કેઃ—"જનનીઓનો જેહાદ તેઓની હજ છે."

કબીલે કુઝાઆહની એક અબળા ઉમ્મેકુબસાએ એક ઇસ્લામી લશ્કરમાં સામેલ થવાની પરવાનગી માંગી પરંતુ હ. રસુલ સ. અ. વ. એ પરવાનગી આપી નહીં. ઉમ્મેકુબસાએ અરજ કરી કે યા રસુલીલ્લાહ હું ફક્ત જખમી

સિપાહોની સેવા કરીશ, લડીશું નહીં. આપ સાહેબે ફરમાવ્યું કે:—તમને પરવાનગી આપવાથી જો કાયદો ન બંધાઇ જાત તો હું ખુશીથી પરવાનગી આપત. (જુઓ અસદુલગાબા)

મોહદીસ અબુ નઇમે લખ્યું છે કે જંગે ખેબરમાં ફોજની સાથે ૭ ઓરતો પણ મદોનેથી ભેગી હતી. રસુલુલ્લાહ સ. અ. વ. ને તેમની ખબર નહોતી. જ્યારે ખબર પડી તો ધીક્કાર અને ગુસ્સેથી કહ્યું કે તમને સાથે આવવા કોણે પરવાનગી આપી છે ? તે વીર વનિતાઓએ વિંનતી કરી કે:—યા રસુલુલ્લાહ (સ. અ. વ.) હમારી સાથે દવા છે. હમે જખમીઓને મલમ પટી કરીશું, તેઓના બદનમાંથી તીર કાઢશું અને ખાવાની ગોઠવણ કરશું. તે ખુલાસો ધ્યાનમાં લઇ આપે ફરમાવ્યું કે " ઠીક, હવે તમો છેક અહીં સુધી આવી છો તો સાથે રહો. "

જ્યારે ખૈબર હઝરત અલી રદી૦ની સરદારી હેઠળ ફતેહ થઇ ચુકયો તો બીજા સિપાહોની સાથે તે અબળાઓને પણ હ. રસુલ સ. અ. વ. એ લૂંટના માલનો હિસ્સો આપ્યો. ઇબ્ને જુરેર તીબરી એક જગ્યાએ લખે છે કે મુસલમાનોએ પોતાના માર્યા ગયેલા માણસોને એક જગ્યાએ ભેગા કરીને બધાથી પાછળ નાંખી દીધા અને જે લોકો દફન ક્રીયા કરવાને મુકરર હતા, તેમને પેલા માર્યા ગયેલાઓ સાથે સ્ત્રીઓને સ્વાધીન કરી દેતા અને જે શોહદા હોય તેમને દફનાવી દેતા.

અગવાસ અને અરમાસની લડાઇ કે જે કાદસીયોની

ફતેહની સાથે સાથેજ થઇ હતી, તેમાં સ્ત્રીઓ તથા બાળકો કબર ખોદતાં હતાં.[૧]

કાદસીયાની લડાઇનું વૃત્તાંત એક સ્ત્રી જે પોતે રણભુમી ઉપર સામેલ હતી તે એવી રીતે વર્ણન કરે છે કે જ્યારે યુદ્ધ સમાપ્ત થઇ ચુકયું તો, અમે અબળાઓ અમારા લુગડાં કમરપર મજબુત બાંધીને અર્થાત્ અમો મહીલાઓ મરદ બનીને હાથમાં લાઠીયો લઇને, રણભુમી તરફ ચાલતી અને મેદાનમાં જ્યાં કોઇ મુસલમાન જખમી સિપાહી નજરે આવે ત્યાંથી ઉઠાવી લાવતી.[૨]

બુખારી શરીફમાં બયાન કરેલ છે કે:—હઝરત ઉમર રદી. એ પોતાના જમાનામાં ઉમ્મે સલીત નામે એક સહાબીયા કે જે ઓહદના પહાડી જંગ બદરના પછી આખર હિજરતની ત્રીજી સાલના શવ્વાલ મહીનામાં લડાઇ થઇ જે જંગે ઓહદના નામથી પ્રસિદ્ધ છે, તેમાં હ. રસુલ સ. અ. વ. ની સાથે સામેલ હતી. એના માટે ખાસ રજા આપી હતી, કારણકે તે જંગે ઓહદમાં પખાલ ભરી ભરીને પાણી લાવતી હતી.

કેટલીક વખતે સ્ત્રીઓએ પુરૂષોની એવા વખતે મદદ કરી છે કે જ્યારે તેઓના પગ રણભુમી ઉપરથી ડગી ચુક્યા હતા. તેવા સમયમાં તેઓને તેમના તે કૃત્ય તરફ શરમાવનારા તથા તેઓના રણભુમામાં પ્રાણાહુતી આપવા પ્રેરનારા શુરાતની શબ્દોથી, શુરાતન ચડાવી સ્થીર રાખતી હતી.

૧ તીબ્બી પ્રેસ યુરોપ. ભાગ ૭ પાને. ૨૩૧૭
૨ તીબ્બી પ્રેસ યુરોપ. ,, ,, ૨૩૬૩

ઉપરના સઘળા વૃત્તાંતથી કોમી હમદર્દી સીવાય પીઠ દેખાડનારાઓને શરમ ઉપજાવનારા શબ્દોનો વાક્ય પ્રહાર તેમજ બહાદુરી સિવાય નીચે પ્રમાણેની સેવાઓ પણ ઇસ્લામી અબળાઓની યુદ્ધ સેવા તરીકે મુકરર થઇ હતી.

1. જખમીઓને પાણી પીવરાવવું.
2. ફોજનો ખાવાનો બંદોબસ્ત કરવો.
3. કબરો ખોદવી.
4. લુલા લંગડા સિપાહીઓને રણભુમીથી ઉઠાવી લાવવા.
5. જખ્મી સિપાહોની સારવાર કરવી.
6. જરૂર પડે ત્યારે ફોજને હીંમત દેવરાવવી તથા તેમની મદદ કરવી.

હઝરત અનસ બીન માલીક, ખાદીમે ર. સ. અ. વ. ના માતુશ્રી ઉમ્મે સલીમ (રદી.), ઘણી વખતે રસુલીલ્લાહ સ. અ. વ. ની સાથે લડાઇમાં શામેલ રહી, ઉપર પ્રમાણે ફરજો બજાવતાં હતાં એટલુંજ નહીં પણ પ્રાચીનકાળની તમામ લડાઇઓનો ફોટો (પ્લાન) એક એક કરીને તમે તમારા સામે ખેંચો તો.તેમાં બહુધા કરીને પાયદળની પાછળ મુસલમાન મહીલાઓના મંડળને પણ પોતાની ફરજો બજાવવામાં મશગુલ થએલી જોશો. મુસલમીન મહીલાઓની મરદાનગી તથા છેવટની યુદ્ધ સેવાની બરાબર તેના સંક્ષિપ્ત વર્ણનની પણ આવશ્યકતા છે, કે જેથી વાંચકને જણાશે કે મુસલમાનોનો આ અશક્ત વર્ગ પણ તેમની નાજુક પરંતુ ભારે સેવાઓ કેવી ખુબીથી અતપર્યંત બજાવતો હતો ! હવેના પ્રકરણોમાં આપણે તેજ વર્ણન આપીશું.

પ્રકરણ ૩ જું.

હ. સફીયાનું શુરાતન.

મક્કા શરીફના મુશરેકોએ સને ૫ હીજરીમાં ફરીને મદીના મુનવ્વરા ઉપર ચડાઇ કરવાનો ઇરાદો કર્યો અને બીજા મુશરીકોને પણ પોતાની મદદે બોલાવ્યા. આ ખબર હઝરતે પાક રસુલુલ્લાહ સ. અ. વ. ને પહોંચતાં આપે મદીના મુનવ્વરાની બાજુએ ખનદક (ખાઇ) ખોદવાનું નક્કી કર્યું. સઘળા સહાબીઓને તે કામ માટે રોકયા એટલુંજ નહીં પણ તેઓની સાથે આપ પણ ખાઇ ખોદવાના કાર્યમાં પ્રવૃત થયા. ખાઇ ખોદાઇ રહેતાંજ અબુસુફીયાન દસ હજારનું લસ્કર લઇ ચડી આવ્યો. આ લડાઇને જંગે ખનદક કહે છે. તેનું વર્ણન મોટું છે પરંતુ આપણે તો આપણા મુળ માર્ગમાં કીવાં ખાસ મુસલમાન મહીલાઓની મરદાનગીનાજ વિષયમાં આગળ વધવાનું હોઇ. સંક્ષિપ્તમાં કહીશું કે ઇલાહી ગઝબ તથા મુસલમાનોની તીખી તલવારનો સ્વાદ ચાખી અબુસુફીયાન હાર્યો અને તેની મદદે આવેલ બની કરીઝા કે જે યહુદીનો સરદાર હતો તેની સાથે રસુલે ખુદા (સલ) તથા સહાબીયા (રદી) લડી રહ્યા હતા કે બની કરીઝા પાછળ હઠતો હઠતો તે જગ્યોએ આવી પહોંચ્યો કે જયાં મુસલમાન મહીલાઓ અને બચ્ચાઓની છાવણી તંબુ નાખી પડી હતી.

બની કરીઝા અને તરૂણીઓના તંબુ દરમ્યાન કોઇ

એવી સેના નહોતી કે જે તે સ્ત્રીઓની સંભાળ લે. ભોગ જોગે તેજ સમયે એક યહુદી તે તરૂણીઓ તરફ આવી પહોંચ્યો. તેને જોઈ સ્ત્રી સમાજની છાવણીમાં ભય ઉત્પન્ન થયો કે જો યહુદી બની કરીઝાને બાતમી આપશે કે અહીં ઓરતો છે તો તેઓ, રેઢુ પડ જોઇ અર્થાત મેદાન ખાલી નીહાળી અહીં હુમલો લઇ આવશે. તેથી હઝરત શફીયા જેઓ રસુલે ખુદા. (સલ.) ની ફૂફી થતાં હતાં અને હઝરત ઝુબેરના માતુશ્રી થતાં હતાં તેમણે, હઝરત હીસાન બીન સાબીતથી કહ્યું કેઃ—પેલા યહુદીને કત્લ કરો. હઝરત હીસાને વાંધો લીધો કે કોઇ પણ જાતના હથીયાર વિના તે જાસુસનો મુકાબલો કરવો તે ભયભરેલું છે.

આ વાકયો સાંભળવાની સાથેજ હઝરત શફીયા સીંહણ પેઠે શુરવીરતાથી ઉશ્કેરાઇ જઇ કહેવા લાગ્યાં "ઓહ ! હીસામ, તમો બુઝ દીલ છો! મુસલમાનો કે જે પાક દિન માટે લડે છે તેને ખુદા સિવાય કોની ભીતિ છે? ભીતિ કે ભય જેવા શબ્દો ઇસ્લામીયોની લુગાત (શબ્દ કોષ) માં મળવા અશકય છે. ઇસ્લામીયો દિન માટે લડવા ધારે તો મલેકલ મોત સાથે પણ લડી શકે એમ છે, તો પછી તે બિચારા મુશરેક યહુદીને મારી હઠાવવો તેમાં શું મોટી વાત છે ! તમો હથીયાર રહીત હોવાથી ભય બતાવો છો પરંતુ મને હથીયાર કીવાં શસ્ત્રની પણ શી જરૂર છે? બળવાન બાહુજ મારાં શસ્ત્ર છે, વજ્ર સમાન હથેળીઓ મારી ઢાલ છે અને આ લતાનો પ્રહાર તે તલવારનો વાર છે, પછી તેનું શું સામર્થ્ય છે કે મારા સામે ટકી

શકે ? એમ કહી તંબુમાંથી એક થાંભલો લઇને તે બહાદુર અબળા જાતે મેદાનમાં આવ્યાં. બંનેનો ભેટો થતાં પેલા યહુદીએ તલવાર ઉગામી, નજર ચુકવી, પાછળથી તલવારનો વાર કરવા પ્રયત્ન કર્યો. તરતજ સિંહણ સમાન શુરવીર સફીયાને સમય સુચકતા વાપરી, ચેતી જઇ, તેનાં સામે સિંહ સમાન ગર્જના કરી કહ્યું ઓહ ! પાજી

" સામને આકે જો તોફે મરદ ઉસકા નામ હય."
પીછે રેહ કર વાર કરના પાજીઓંકા કામ હય.

તું સમજતો નથી કે હું એક અરબ અબળા છું છતાં તારા જેવા પચીસ યહુદીઓનાં માથાં આ મારી તલવાર રૂપી લાકડીથી ઉડાવી દેવાને સમર્થ છું! અરે મરદુદ! તારી એટલી પણ હીંમત ચાલતી નહોતી કે તું મારા જેવી એક અબળા નારીના સામે રહીને તલવારનો વાર કરી શકે કે પાછળથી રહીને વાર કરવાને પ્રયત્ન કરે છે ! તું સમજતો નથી કે હું કોણ છું ?

" મયઁ કોન હું તું અભી જાનતા નહી મુજકો
મયેં કોન ઓરત હું યેહ પહેચાનતા નહીં મુજકો
લાદી હય દગાબાજ ઓર ગુલુ તેરા
મયેં વોહ બલા હું જો પી જાઉંગી લહુ તેરા."

એમ કહેતાંની સાથે તેણે તંબુની થાંભલી મારી તેને ત્યાંજ પાડી દીધો. ઇતીહાસકાર ઇબ્ને અસીર નઝરીએ લખ્યું છે કેઃ—આ પહેલીજ બહાદુરી હતી કે જે એક ઇસ્લામી અબળાથી જાહેર થઇ. અર્થાત મુસલમાન મહિલાઓની આ પહેલીજ મરદાનગી હતી.

પ્રકરણ ૪ થું.

ઉમ્મે અમારાની યુદ્ધ ઉમંગતા

અથવા

યમામાની યુદ્ધ ભુમિ.

ઉમ્મે અમારા એક મશહુર સાહબીયા હતાં. જેઓ હીજરતની પહેલાં મકાને અકબામાં જ્યારે મદીનાના મુસલમાનોએ કુફારે કુરેશથી છુપી રીતે રસુલે ખુદા (સલ.) ના મદદ તથા ઇસલામના ફેલાવા માટે રસુલે ખુદા (સલ.) ના હાથ ઉપર વચન દીધું હતું (બેઅત કરી હતી). તે નાની ટોળી કે જે ઇસલામની સૌથી પહેલી ટોળી હતી તેમાં પણ ઉમ્મે અમારા સામેલ હતાં. ઇસલામની તવારીખમાં તે બનાવને બેઅતે અકબા કહે છે. સને ૬ હીજરીમાં જ્યારે રસુલે ખુદા (સલ.) એ હજની નીયતથી મક્કામોઅઝમા તરફ પ્રયાણ કર્યું અને મક્કામાં દાખલ થવાના લીધે કુરેશીઓથી આપે પરવાનગી માગી અને હઝરત ઉસમાન (રદી.) ને મુસલમાનો તરફથી એલચી બનાવીને મક્કે મોકલવામાં આવ્યા ત્યાર બાદ તરતજ અફસોસકારક તથા ભયંકર સમાચાર ફરી વળ્યા કે કુરેશ લોકોએ હઝરત ઉસમાન (રદી.) ને શહીદ કરેલ છે. તેજ વખતે તમામ સહાબા અને રસુલે ખુદાએ કુફારે કુરેશથી લડી પોતાના પ્રાણનું બળિદાન આપવાનું પણ લીધું. જે તવારિખે ઇસ્લામમાં બયેઅતે રિઝવાનના નામથી પ્રસિદ્ધ છે.

ઉમ્મે અમારા આ બેઅતે રિદ્વાનમાં પણ શામેલ હતાં. મુસલમાનો તરફથી પોતાના સ્વામી (ખાવીદ) ઝેદ બીન આસીમની સાથે જંગે ઓહદ કે જેનું વર્ણન બીજા પ્રકરણમાં આવી ગયેલ છે તેમાં પણ સામેલ હતાં.

હઝરત અબુબકર (રદી.) ના સમયમાં મુસયાલમએ કઝ્ઝાબ નામના માણસે નબુવતનો દાવો કર્યો. તેના પક્ષકારોને ઇસલામ મહઝબના કેટલાક નૈતિક નિયમો પસંદ પડતા નહોતા. બીજું અનાથ અને અપંગોનું પાલણ પોષણ કરવા સારૂ મુસલમાનો ઉપર જકાતનો કર નાખવામાં આવ્યો હતો કે જે અદ્યાપી સુધી અસ્તિત્વમાં છે, જેને ખુદાઇ ઇનકમટેક્ષની ઉપમા અપાય છે તે કર, તેઓ આપવાને નારાજ હતા. આ વેળા મુસલમાનો ઉપર ચારે તરફથી વિપદનું વાદળ છવાઇ ગયું હતું છતાં તેઓ નિરાશ થયા નહોતા. તેઓનો દ્રઢ ધર્મ વિશ્વાસ અને સંપુર્ણ શુરાતનને લીધે ફરીથી વિજયમાળા તેમનેજ મળવા ઉત્સુક હતી. હઝરત મોહમ્મદ (સ. અ. વ.) સાહેબની આખર ક્રીયા પુરી થયા પછી રાજ્ય પદ્ધતિ નિયમસર ચલાવવી તથા દુશમનોથી ઇસલામને બચાવી આત્મ રક્ષણ કરવું, એ ખલીફાનું સખ્ત કર્તવ્ય હોવાથી અરબસ્તાનના ઉત્તર વિભાગમાં શાન્તી ફેલાવવા માટે હઝરત અબુબકર (રદી.) અનેક રીતે આપતિમાં આવી પડયા, છતાં સૈન્યને આગળ વધવા હુકમ આપ્યો અને જેદનો પુત્ર જે સેનાધીપતિ હતો તેને ઉપદેશ કર્યો કેઃ—

" તમો વિશ્વાસઘાતકતાને તજી દેજો, સતપંથને તજશો નહીં, કોઇ બાળક, સ્ત્રી અને વૃદ્ધની હત્યા કરશો નહીં,

ખજુરના ઝાડને કાપશો નહીં, જે વૃક્ષો માણસો કે પશુઓના ખોરાકમાં ઉપયોગી હોય તેનો નાશ કરશો નહીં. જો ગિરજાના અધિકારીઓ મસ્તક મુંડાવી તમારી તાબેદારી સ્વિકારે તો તેમને હેરાન કરશો નહીં. હવે તેજ પરવરદેગારનું નામ લઇને આગળ વધો, તેજ તમોને દુશમનોથી બચાવશે."

જે સમયે ઝેદના પુત્રે ઉત્તરમાં ચડાઇ કરી તેજ વેળા બીજા શત્રુઓ મદીના ઉપર ચડી આવ્યા પણ તેને તો તરતજ પાછા હઠાવ્યા. ઉત્તર પ્રદેશમાં ઝેદના પુત્રે જય મેળવ્યો એટલે તે તરતજ મદીનામાં આવ્યો. ખાલીદ બીન વલીદ પણ શત્રુઓનો સંહાર કરવા રોકાએલા હતા, તેવામાં ઉપર જણાવ્યા પ્રમાણે મુસયલમે નબુવતનો દાવો કર્યો તેથી તેના સામે યુદ્ધની તૈયારી થઇ. સેનાધીપતીએ શુરવીરતા સુચક સંભાષણ કરતાં કહ્યું કે:—"અરબસ્તાનના પરાક્રમી અરબ યોદ્ધાઓ અને વિરવનિતાઓએ અદ્યાપી સુધી પોતાની શક્તિ ઉપરાંત જે વિરતા બતાવી છે અને સંકટો સહન કરવામાં કશી મણા રાખી નથી તે માટે તમો બેશક ધન્યવાદને પાત્ર છો. અત્યાર સુધીમાં કેટલીકવાર અનાહાર રહેવા છતાં પણ આપણા અરબ સિપાહો કાયર થયા નથી અને કાફરો ઉપર રણભુમીમાં વારંવાર આક્રમણ કરતા રહ્યા છે. વીરનારીઓ પોતે રોજા રાખીને પોતાના સ્વામિ, સુત અને સહોદરો માટે રણભુમીમાં ખાવાનું મોકલતી રહી છે. એટલુંજ નહી પણ નાના બાળક તથા બાલિકાઓએ પણ પોતાના અહારમાંથી અર્ધભાગ યોદ્ધાઓને આપીને પોતાની કર્તવ્યપરાયણતાનો નિશ્ચય કરાવ્યો છે. શાબાશ શુરવીર સૈનિકો તથા વિરવનિ

તાઓના સ્વદેશાભિમાનને ધન્ય છે. તમે તમારા સ્વદેશ રક્ષા તથા સ્વધર્મ માટે આટલી સીમાપર્યંત સ્વાર્થ ત્યાગનો સ્વીકાર કર્યો છે તેથી અરબકુળના ગૌરવોની અત્યંત વૃદ્ધિ થઇ છે. હઝરત રસુલે ખુદા (સલ૦) ની રૂહપાક રાજી થઇ છે અને પાક ઇસ્લામ ધર્મના જયનો ડંકો ચોમેર વાગી રહ્યો છે, છતાં મુસયલમએ કઝ્ઝાબે નબુવતનો ખોટો દાવો કરી આલમને ઉંધે રસ્તે દોરવા પ્રયત્ન કર્યો છે માટે તેને આપણે આપણી તીખી તલવારના સ્વાદ ચખાડવોજ જોઇએ. આશા છે કે તમો મારા આ ઉદ્ગારો પ્રત્યે સહાનાભુતિ દર્શાવશો."

નરતજ રણનાદ થયો કે, બેશક તેમજ થવું જોઇએ. નરતજ અલ્લાહો અકબરના ગગનભેદક ધ્વનિ સાથે યુદ્ધ સંગ્રામની શરૂઆત થઇ અને પળવારમાં વિદ્રોહીનું દમન કરતા મુસલમએ કઝ્ઝાબને કતલ કર્યો જે યુદ્ધ જંગે યમામાના નામથી મશહુર છે. આ જંગમાં આ પ્રકરણની નાયિકા ઉમ્મે અમારા પણ સામેલ હતી એટલુંજ નહીં પણ જ્યાં સુધી તેનો હાથ જખમી થયો ત્યાં સુધી બહાદુરીથી લડતી રહી હતી. તે દીવસે ઉમ્મે અમારાને બાર જખમ થયા હતા.[1]

પ્રિય વાંચક, ઉમ્મે અમારા જેવી બહાદુર બાળા બીજી જ્ઞાતિમાં ભાગ્યેજ પેદા થઇ હશે કે જેને બાર ભારે જખમ થયા છતાં એક શુરા સિપાહ સમાન શુરવીરતાથી લડતી રહી તે ઉપરથી કહેવું જોઇએ કેઃ—

1 અસદુલગાબા ભાગ પમો પાનું ૬૦૫

" સરખા સરજ્યા ઇશ્વરે કાં પુરૂષ કાં નાર
વાઘ કે વાઘણ કોઇપણ છે ફાડી ખાનાર

ખરેખર ઇસલામમાં એવી વિર વનિતાઓ પેદા થઇ છે કે તેને માટે અભિમાન લેવા સરખું છે, દુનિયાની બીજી સતિ સુન્દરીઓ, આ વીર અરબ અબળાઓ આગળ કશી ગણત્રીમાં નથી એમ કહેવામાં આવે તો તે અતિસ્યોક્તિ ભરેલું કહેવાશે નહિં. ઇસ્લામી અબળાઓની સ્વરાજ નિષ્ટા, સ્વધર્મ શ્રદ્ધા અને સ્વમાતૃ ભુમિના અભિમાનના એ અદભુત આશ્ચર્યકારક ખેલને જોઇને કોનું હૃદય વિહ્વળ નહિ થાય વારૂ ? આહ ! તેમના પવિત્ર ચારિત્રની મહતા માત્ર કલ્પના ગમ્ય છે પરંતુ અમારી માત્ર એટલીજ ભાવના છે કે જન્નતમાંથી પણ તમો એવો આશીર્વાદ આપો કે આધુનિક સમયની ઇસ્લામી અબળાઓ તમારા જેવી બહાદુર, પવિત્ર, સ્વધર્મ નિષ્ઠ, પતિપરાયણા અને દેશાભિમાની થાઓ. ઇસ્લામના ગત ગૌરવને ફરી લાવીને પોતાના પતિ સમક્ષ રજુ કરે અને તેથી તેમની ઓલાદ પણ તેવીજ બહાદુર થાય એવી અભ્યર્થના છે.

પ્રકરણ ૫ મું.

કાદસીયામાં કરબલા.

હઝરત ફારૂકે આઝમ (રદી.) ના સમયમાં ઇસલામને જઝીરાહતુમા અરબ નામના બેટથી બહાર પગ મુકવાને

માટે પૂર્વના તે બે મહાન બળ સામે મુકાબલો કરવો પડ્યો કે જે સૃષ્ટિમાં રૂમ અને ઇરાનના હૈબતનાક નામથી મશહુર છે. રૂમીયોની તે સર્વોત્તમ ખુનખાર અને ભયંકર લડાઇ કે જેના ઉપર તેમના તકદીરનો છેલ્લો ફેંસલો થયો તે જંગે યરમુક છે અને ઇરાનીઓનો તે બધાથી છેલ્લો બળપૂર્વક હુમલો હતો કે જેમાં પોતાનું સઘળું બળ તથા શુરાતન વાપર્યું. તે એટલે સુધી કે જેમાં તેઓ પાયમલ થઇ ગયા તે જંગે કાદસીયા છે. આ બંને યુદ્ધ તારીખે ઇસલામના મહાન બનાવો છે કે જેણે દુનિયામાં ફેલાવો પામવાને ઇસલામનો માર્ગ સ્વચ્છ કરી આપ્યો પરંતુ તે બન્ને મહાન બનાવોમાં મુસલમાનોની ફતેહમંદી બે પ્રકારે આભારી છે. એકતો તેમનું બાહુબળ તથા બીજું યુદ્ધમાં જોશ પેદા કરે તેવું તેમનું શુરાતની સંભાષણ છે.

ઇરાનનો નવો બાદશાહ યજદેજરદ ગાદીએ બેઠો ત્યારે તે નાની ઉમરનો હતો પરંતુ તે ઉત્સાહી અને ઉચ્ચ અભિલાષી હતો. તે આરબોને કહાડી મુકીને હીરા પ્રદેશ ફરીથી છતી લેવાની આંકાક્ષા રાખતો હતો તે ઉદ્દેશથી તેણે કાદસીયામાં એક લાખ માણસનું સૈન્ય એકઠું કર્યું. તે અહિંના મુસલમાનોનો નાશ કરી તેને પોતાના દેશમાંથી હાંકી કહાડવા માટે દક્ષિણ તરફ વધવા લાગ્યો. સેનાધિપતી મોસેન્નાના તાબાનું સૈન્ય આ અસંખ્ય સૈન્યની સનમુખ આવીને યુદ્ધ કરવાને અશક્ત હતું તેથી ફરીને કાદસીયા મુકી દીધું અને મરૂભુમિની સીમાપર રહી, મદીનામાંથી આવી પહોંચનારા નવા લશ્કરની રાહ જોવા લાગ્યા. આ

પ્રમાણે જેટલો સમય ઇસલામીયો ઇરાનીઓ (પારસીઓ) ની રાહ જોતા હતા તેજ સમયમાં તેઓનો બહાદુર સેનાપતિ મોસેન્ના કાદસીયામાં તાવથી મરણ પામ્યો. નીકાસના પુત્ર સાદને ખલિફાએ નવું લશ્કર લઇ મોકલ્યો હતો તે હવે આરબોના સઘળા લશ્કરનો સેનાધીપતી થયો. આ લશ્કરની સંખ્યા ૩૦ ત્રીસ હજારની હતી. કાદસીયા નામની જગ્યાએ મહાન ભયંકર યુદ્ધ થયું. તેણે કરબલાના મેદાનનું રૂપ ધારણ કર્યું અને તેવીજ ખુનખાર લડાઇ થઇ. બે દીવસ બાદ ત્રીજા દીવસે શરૂઆતમાં સેનાધીપતી સાદે શુરાતનથી સંભાષણરૂપી પ્રાર્થના કરતાં કહ્યું.

" હે પાક પરવરદિગાર, આજે અમો ઇસલામીયોને આનંદનો અવસર પ્રાપ્ત થયો છે. પરંતુ એ આનંદને ઉત્સવનું રૂપ આપવું એ તારીજ કૃપા ઉપર અવલંબી રહેલું છે. હે માલેકે મુલ્ક, અત્યાર સુધી અરબો તારા હબીબે પાકના ફરમાન મુજબ પોતાના ધર્મ કર્મ અને પ્રજાપાલન આદિ કર્તવ્યમાં દૃઢ અને સત્યાવલંબી રહ્યા હોય તો આજના યુદ્ધમાં તું વિજયમાળા અમારા ગળામાં આરોપજે એવી મારી અરજ છે. પાક પરવરદિગાર, તારા બળથીજ અમો આજ ત્રણ દીવસ થયાં ટક્યા છીએ અને હજુ આજ છેલ્લો હુમલો તે બળવાન શત્રુ સામે સમરક્ષેત્રમાં લઇ જવાનો સાહસ કરેલ છે. શત્રુ બળવાન છે પરંતુ અધર્માવલંબી છે માટે તું અવશ્ય અધર્મનો નાશ કરીને ધર્મનું રક્ષણ કરીશ એવી મારી દૃઢ શ્રદ્ધા છે. તું સ્વતંત્રતાનો ચાહક છે, ઇસલામીયોના યશનું પ્રતીપાલન કરનાર છે માટે

અવશ્ય અમને તારા હબીએ પાકના તુફેલથી ફતેહમંદ કરીશ." એમ કહેતાંની સાથે અલ્લાહો અકબરના ગગન ભેદક ધ્વનિ સાથે સૈન્ય લઇને ભુખ્યા વાઘ પ્રમાણે સમર-ક્ષેત્રમાં કુદી પડયો. તરતજ પારસી લશ્કર કે જે ઉપર જણાવ્યા પ્ર ાણે એક લાખનું હતું અને આરબોનું લશ્કર ફકત ત્રીસ હજારનું હતું છતાં બહાદુરીથી મરણીયા થઇ લડતાં, દુશ્મનના લશ્કરમાં ભંગાણ પડયું અને તેઓ સંપૂર્ણ રીતે હાર્યા. તેનો સેનાધીપતી મરાયો અને લશ્કર નાસી ગયું. (હીજરી ૧૫ મોહરમ) આ લડાઇમાં હજારો મુસલમાન શહીદ તેમજ જખમી થયા. સ્ત્રીઓ તથા બાળ-કોએ શોહદાઓની કબરો ખોદી તથા જખમીઓને રણભુમી ઉપરથી ઉપાડી લાવી સારવાર કરી.[1]

કબીલે નખ્વઅની એક બુઢી ડોસીએ પોતાના પુત્રોને રણભુમિમાં મોકલતી વખતે નીચે પ્રમાણે ઉપદેશ આપ્યો હતો.

"અય મારા વહાલા વીર પુત્રો, તમે પાક ઇસલામ કબુલ કર્યા પછી ફર્યા નથી, તમે હીજરત કરી તેથી કોઇએ તમને કલંક લગાડયું નથી, તમારા દેશને માટે અભિમાન રાખો, તમારા ઉપર કોઇ દીવસે દુષ્કાળ પડેલો નથી, તમોએ આ તમારી બુઢી માતાને સાથે લાવીને ઇરાનીઓ સામે છોડી દીધી છે. ખુદા પાકની કસમ કે તમે એક પિતાના પુત્ર છો તેવીજ રીતે તમો એકજ માતાના ફરજંદો છો. ન તો મેં કોઇ દીવસે તમારા બાપથી બદદાનત કરી છે કે ન તો

૧ ફતુહાતે ઇસ્લામીયા પાનું ૬૪૨ તીબરી ભાગ ૬ પાને ૨૩૦૭

મેં તમારા મામાની ફજેતી કરી છે માટે તમો હર્ષથી યુદ્ધક્ષેત્રમાં જાઓ અને આખર સુધી લડો. વીરપુત્રો સદા સર્વદા તમારૂં નામ નિષ્કલંક અને અમર રહેજો. તમે આનંદથી રણભુમીમાં જાઓ અને તે અવસરને એક ઉત્સવ સમાન માની શત્રુદલનો સંહાર કરી, અરબ ઓલાદની સાર્થકતા કરો. હું આશીર્વાદ આપું છું કે તમે વીરતાથી પોતાની જનની જન્મભુમિ માટે તમારા પ્રાણનુ બળિદાન આપી, મારા અંતઃકરણમાં અખંડ આનંદ સ્થાપો. વહાલા પુત્રો, સાવધ રહેજો અને લોકોને એમ કહેવાનો સમય ન આપશો કેઃ—

“ આ કયા કાયર કુટુંબનાં બાળકો હતાં કે યુદ્ધમાં આવીને મરણના ભયથી પલાયન કરી ગયા ! ” સામી છાતીએ લડીને રણમાં મરી જજો, અમર નામના કરી જજો પણ જીવનની આશાથી કાયર બનીને પાછું પગલું ન ભરતાં પોતાના વંશની કીર્તિને કલંકિત ન કરતા. આટલું સાંભળતાંજ તે બુઢીનાં બાળકો કીવાં વીર નરો સિંહની પેઠે અલ્લાહો અકબરની ગર્જના કરતાં રણભુમીમાં ચકચકીત તલવાર સાથે કુદી પડયા અને ઘણી બહાદુરીથી લડતા લડતા જ્યારે ડોશીની નજરથી અદ્રષ્ય થયા ત્યારે તે ડોશીએ દુઆ (આર્શીવાદ) માટે હાથ ઉઠાવ્યો કેઃ—

“ ખુદા યા ! મારા બાળકોને બચાવજે ”

યુદ્ધની આખરે તે વિરનરો સહીસલામત વિજય મેળવીને પાછા આવ્યા અને પોતાના સાથે આણેલો લુંટનો માલ પોતાની માતા આગળ મુકી દીધો.

સદરહુ સંગ્રામમાં અરબની મશહુર શાયેરા (સ્ત્રીકવી) ખુનશા પણ સામેલ હતી. તેના સાથે તેના ચારે પુત્ર પણ હતા. રાતના ત્રીજા પહોરે જ્યારે દરેક સિપાહી પ્રભાતના રમણીય અને ભયંકર દેખાવનું અવલોકન કરી રહ્યા હતા તેવા સમયે તે શાયેરાએ દર્દનાક તથા ગમનાક બનાવનો અહેવાલ આપ્યો.

આ લડાઇમાં ઇસ્લામી અબળાઓ કીવાં તે વિરવનિતાઓની કેવી વિરતા હતી તે શુરાતની શબ્દોમાં પોતાના પ્યારા પુત્રોને એવી રીતે શૌર્ય ઉત્પન્ન કરાવવા માટે ઉપદેશ આપવાનું શરૂ કર્યું કે:—[૨]

"પ્યારા પુત્રો તમે પોતાની ઇચ્છાથી ઇમાન લાવી મુસલમાન થઇ હીજરત કરી છે. વહદહુ લા શરીકના કસમ કે તમે જેવી રીતે એક માના પુત્ર છો તેજીજ રીતે એક

૨ આ યુદ્ધ સમયેની આ બંને બાબતો બચ્ચાંના ગણત્રી તથા કેટલાંક વાકયોની શબ્દ રચનાથી એકજ હોવાનું અનુમાન થયું પરંતુ તેમાં વળી કેટલોક મતભેદ પણ છે કે તે એક નથી. કારણકે પહેલી ડોસી નખાઅના કુટુંબની છે ત્યારે ખુનસા મુસલીમના કુટુંબની છે. પહેલી ડોસીના ઉપદેશથી બીજી બાજાનો (ખુનશાનો) ઉપદેશ વિરતાથી ભરપુર છે જે ખુનશાના ખાનદાનને છાજતોજ છે. પહેલી ડોસીના સંબંધમાં લખ્યું છે કે તેના પુત્રો લુંટનો માલ લઇ પાછા આવ્યા. ઇબ્ને અસીરે બીજી બાજા માટે લખ્યું છે કે તેના પુત્ર શહીદ થયા અને તેનું પેનશન હઝરત ઉમર (રદી) તેની માને આપતા આ ઉપરથી વાંચક જોઈ શકશે કે આ બંને બનાવો જુદા છે.

બાપના બેટા છો. મેં તમારા બાપથી બદદાનત કરી નથી તેમ તમારા મામાને મલીન કર્યો નથી અને ન તો તમારા વંશપરંપરા ચાલ્યા આવતા કુટુંબને કલંક લગાડયું છે. મારા વિર પુત્રો જે ભારે પુન (સવાબ) ખુદા પાકે કાફરોથી લડવાને લીધે મુસલમાનો માટે નીર્માણ કરેલ છે તે તમો સારી રીતે જાણો છો, તો સમજી લ્યો કે આખેરત જે હંમેશાં રહેવાવાળી છે તે આ અક્ષણભંગુર સૃષ્ટીથી બહેતર છે. ખુદાપાક ફરમાવે છે કે મુસલમાન સબર કરો અને દરેક કાર્યમાં દ્રઢ રહો અને મારો ભય રાખો કે તમે દરેક કાર્યમાં ફળીભુત થાઓ. કાલે જયારે ખેરીયતથી હુકમ ખુદાનો ને પ્રભાતકાળ પામો તો અછકયતાની સાથે ખુદાપાકની આશિશ માગતા, દુશમનો ઉપર ભુખ્યા વાઘની પેઠે ટુટી પડજો અને જોવું કે આતીશદાનરૂપી યુદ્ધ જોરપર છે તેમજ ચારે બાજુ તેના જોશના ભડકા ભડકી રહ્યા છે તો તમે ખાસ તે આતીશદાને જંગ (યુદ્ધ રૂપી હોળી) ની તરફ મોઢું કરજો અને જોજો કે લશ્કર ક્રોધથી કેસરીયાં કરવાં કટીબધ્ધ થયેલ છે તો તરતજ તમે દુસ્મનના સીપેહસાલારો પર ટુટી પડજો. સામી છાતીએ લડીને સમરક્ષેત્રમાં શહીદ થઇ શોહદાનું માન મેળવી, અર્થાત તમારા પ્રાણની આહુતિ આપી અમર નામના કરી જજો પણ પાછળ હઠશો નહીં. ખુદા કરશે તો તમે દુન્યામાં માલે ગનીમત તથા આખેરતમાં ઇજ્જત પામશો.[1]

સવારે યુધ્ધ શરૂ થતાંજ ખુનસાના ચારે બહાદુર

૧ ઇબ્ને અસીર જરીફ્રુત અસદુલ ગાબા ભાગ ૫ મો પાને ૪૪૨.

બેટાઓ એકત્ર થઇ દુશ્મનોપર તુટી પડયા અને અલ્લાહો અકબર કહેતાંજ એકત્ર થઇ દુશ્મનોના લશ્કરને બકરીઓની પેઠે કત્લ કરતા ચાલ્યા. ભારે યુધ્ધ જામ્યું, લોહીની નદી વહેવા લાગી અને તેમાં યોધ્ધાઓનાં માથાં જળચર જીવો સમાન તરવા લાગ્યાં. તેમના ઉડતા કેશો સમુદ્રમાંહેની શેવાલનો ભાસ આપતા હતા. આ ભયાનક યુધ્ધમાં આ ચારે વીરનરો શહીદ થયા, તેની ખબર જયારે ખુનસાને મળી ત્યારે તેણીએ કહ્યું. "ખુદાપાકના લાખો આભાર છે કે જેણે મારા બહાદુર બેટાઓને શહાદતનું માન આપ્યું. તે તો ફક્ત ચારજ પુત્રો હતા પરંતુ તેના બદલે ચાર હજાર પુત્રો હોય તો પણ હે ખુદાપાક, તારા નામ ઉપરથી કુરબાન છે."

ધન્ય વિર માતા ધન્ય છે, તમારા ખુલ્ક તથા ઇસ્લામ ઉપરની આસ્થાને! ઓ આધુનિક સમયની ઇસલામી અબળાઓ ! વાંચો અને જુઓ કે આ પણ તમારા જેવી એક અબળાજ હતી. છતાં તેની સ્વધર્મ નિષ્ઠા તથા સ્વદેશ પ્રેમ માટે સ્વાર્થ ત્યાગનો સ્વીકાર કરી, પોતાના બહાદુર બેટાઓનું બળિદાન આપ્યું તે જેવું તેવું કર્તવ્ય નથી. તમો પણ તમારી ભૂતકાળની ભામિનીઓનું અનુકરણ કરી ઇસલામી સેવા બજાવો. પુર્વ ગઉરવને પાછું મેળવવું તે કાંઇ મોટી વાત નથી.

હઝરત ઉમર (રદી.) ખુનશાની આ ભારે સેવા બદલ તેને આઠસોનું પેનશન આપ્યા કરતા હતા.

પ્રકરણ ૬ ઠું.

બુવ્યેબમાં બાળાઓની બહાદુરી.

જસ્રના બનાવ બાદ જેમાં મુસલમાનોને પરાજય પામવો પડ્યો હતો, તે એક બીજી ભયંકર લડાઇ થઇ હતી, જે જંગે બુવ્યેબના નામથી મશહુર છે. હઝરત ઉમર (રદી). ને ખીલાફત મળવાથી ઇસ્લામની અત્યંત ઉન્નતી થઇ હતી. તેઓ ભયંકર નૈતિક જ્ઞાન અને ન્યાય પરાયણતામાં વિખ્યાત હતા, વિશેષ કાર્યદક્ષ તથા ચરીત્ર બળમાં બળવાન હતા. તેઓએ મદિનાના રાજ્ય તંત્રની લગામ હાથમાં લેતાંની સાથેજ આરબોના અંદર અંદરના રીત રીવાજ નિયમ પુર્વક કરવાનું તથા સેનાધિપતિ મોસેન્નાને મદદ કરવા નવું લશ્કર આપવાનું ઠરાવ્યું. આ સૈન્ય સેનાધિપતિ અબુવાયેદની સરદારી તળે હતું. અબુવાયેદે યુદ્ધ ભુમિમાં ઉભા રહેતી વેળાએજ મુખ્ય સેનાધિપતિ મોસેન્નાના હુકમનો અસ્વીકાર કરી, યુદ્ધ આરંભ્યું જેથી તેનું સૈન્ય હારી ગયું અને પોતે પોતાના પ્રાણનું બળિદાન આપ્યું.

આ જોગ સાધીને પણ ઇરાનીઓ પોતાની યોગ્ય ગોઠવણ કરી શકયા નહીં. પછી યુફ્રેતીસ નદીના પશ્ચિમ કિનારે બુવ્યેબ નામની જગ્યાએ, તેઓ મોસેન્ના સામે લડતાં સખ્ત રીતે હાર્યા. તેના લશ્કરનો નાશ થયો અને તેનો સેનાધિપતિ મરાયો. આ જંગે બુવ્યેબ કે જેને જંગે કાદસી-

યની બરોબર સમજવું જોઇએ તેમાં મુસલમાનોને ઇરાનીઓનો ઘણોખરો ખોરાકી વીગેરે સામાન હાથ આવ્યો.

આ વેળા મુસલિમ મહિલાઓને રણભુમાથી ઘણી પાછળ રાખવામાં આવી હતી, કારણકે ખાવાનો બંદોબસ્ત તે સ્ત્રીઓના સ્વાધીન હતો; તેથી મોસેન્નાએ ખોરાકીનો મેળવેલ સઘળો સામાન લશ્કરની એક ટુકડીની દેખરેખ નીચે સ્ત્રીઓને સ્વાધીન કરવા મોકલાવી દીધો. આ ટુકડી ઘોડાઓ દોડાવતી મજલ, દરમજલ, સ્ત્રીઓના સ્થાન તરફ ચાલી તે બહાદુર બાળાઓ સમજી કે દુશમન ચડી આવ્યો છે તેથી તેઓ ચોંકી, પરંતુ તે તરુણીઓના તંબુમાં હથિઆર કયાંથી હોય કે તે સામે થાય? તોપણ તે સિંહણરૂપી શુરાતની સુંદરીઓ પોતાનાં બાળકોને પાછળ ઉભાં રાખી પોતે પત્થર તથા તંબુની થાંભલીઓ લઇને હુમલો કરવાને ઉભી થઇ ગઇ. તેટલામાં સામેની ટુકડી આવી પહોંચી અને તે ટુકડીનો અફસર ઉમર બીન અબદુલ મસી પોકરી ઉઠ્યો કે બેશક, ઇસલામી લશકરની સુંદરીઓએ તેવુંજ શુરાતન રાખવું જોઇએ. એમ તે બાળાઓની બહાદુરીની પ્રસંશા કરી, ધન્યવાદ આપી; બુગ્યેબના યુદ્ધમાં ઇસલામીયોનો વિજય થયાના શુભ સમાચાર આપી તે ખાધા ખોરાકીનો સામાન તેમને હવાલે કર્યો.*

---

* તારીખ તીબરી ભાગ ૫ મા પાનું ૨૧૯૭

પ્રકરણ ૭ મું.

મેસાનમાં મહિલાઓની મરદાનગી.

ગત પ્રકરણમાં જણાવેલ વર્ણનથી પણ એક આશ્ચર્ય ઉત્પન્ન કરે એવી મરદાનગી મુસલિમ મહિલાઓએ બતાવી છે. દજલા નદીની નજદિક મેસાનના રહેવાસીઓથી મુસલમાનોનો મુકાબલો થયો. મુગીરા જે તે વખતે લશ્કરના સિપેહસાલાર હતા તેઓ, મહીલાઓને મેદાને જંગથી ઘણે પાછળ મુકી આવ્યા હતા. બંને લશ્કરમાં દ્વંદ યુદ્ધ બન્યું હતું કે અરહદ બીન્તે હારીસ જે તબીબુલ અરબફુલદાની પોત્રી હતી, તેણે સ્ત્રી સમાજ સમક્ષ કહ્યું. " કદાચ આપણે મુસલિમ મર્દોની મદદ કરીયે તો તે ઘણીજ પ્રસંગોપાત થઇ પડશે, માટે ચાલો, આપણે યુદ્ધ ભુમિ ઉપર જઇ લડીને આપણા પ્રાણની આહુતિ આપીશું."

એમ કહી તેણે પોતાના દુપટ્ટાનો (ફેંટા જેવું ઓઢણું) એક નીશાનરૂપી ઝુંડો બનાવ્યો. બીજી બાળાઓએ પણ પોતપોતાના દુપટ્ટાઓની ઝંડીઓ બનાવી. આ સમયે બંને સૈન્યના બહાદુર લડવઇયાઓ હીંમતથી હુમલો કરી રહ્યા હતા, તેવામાં આ દમામદાર દેખાવથી તે રણશુર સુંદરીઓ ઝુંડા ઉડાવતી યુદ્ધ ભુમિ નજદીક જઇ પહોંચી. દુશ્મનો સમજ્યા કે મુસલમાનોનાં મદદ માટે એક તાજું બહાદુર લશકર આવી પહોંચ્યું છે એમ સમજીને તેઓ હીંમત હારી

જઇ નાસવા મંડયા. આ જવાં મર્દો તથા મહિલાઓએ તેમની પુંઠ પકડી, સારો માર મારી, તેમને હરાવી વીજય પામ્યા.

વાંચક ! મુસલિમ મહિલાઓની આ મરદાનગી નિહાળી બેશક આપણા મુખમાંથી આ શબ્દો ખર્યા વીના રહેશે નહિ કેઃ–હે ! રણશુર રમણીઓ, તમારા સ્વાભિમાન અને સ્વધર્મ નિંદાની જેટલી પ્રશંસા કરવામાં આવે તેટલી થોડી છે. વિર મુસલામી અબળાઓ પોતાના પ્રાણ વલ્લભ પતિમાં કેવો અચળ સ્નેહ ધરાવતી હતી ! એનું પોતાના પ્રાણની અનેકવાર આહુતિ આપીને જગતને તમે અનુકરણીય ઉદાહરણ બતાવી આપ્યું છે. ખુદાપાક તમારા જેવી તરૂણીઓ ભવિષ્યમાં પણ પેદા કરે.

પ્રકરણ ૮ મું.

દમિશ્કમાં દંપતીઓનું દ્વંદ યુદ્ધ.

સમયે સીદ્દિકીમાં શરૂ સને ૧૩ હીજરીમાં મુસલમાનોએ દમિશ્ક ઉપર ચડાઇ કરી થોડાક હુમલા બાદ દમિસ્કવાસીઓ કિલ્લામાં ભરાઇ બેઠા. આ ચડાઇમાં "અબાન બીન સઇદને" માતુમા કે જે દમિસ્કનો હાકેમ હતો તેણે શહીદ કર્યો; તેથી તેની અર્ધાંગના ઉમ્મે અબાન બીન્તે અત્બા પોતાના શહીદ થયેલા સ્વામિનાં વસ્ત્રોથી સજ થઇ સ્વામીનું વેર લેવાને રણક્ષેત્રમાં નીકળી પડી. ઘણી વાર

સુધી દુશ્મનોનો મુકાબલો કરતી રહી. દમિસ્કવાસીઓ જો કે કિલ્લેબંધ હતા પરંતુ કિલ્લાના બુરજોમાંથી બરાબર મુસલમાનોને જવાબ આપતા હતા. કિલ્લાની ઉપરની ફોજમાં સહુથી પ્રથમ, એક બુઢ્ઢો શખ્સ પોતના હાથમાં એક સોનેરી સલીબ* લઇને ક્રીશ્ચીયન પાદરીઓથી વિજય માટે મદદ માગી રહ્યો હતો. ઉમ્મે અબાનને કુદરત તરફથી તીર ફેંકવાની કળા બક્ષિસ થઇ હતી, અર્થાત તે એક ઉત્તમ તીરંદાજ તરૂણી હોવાથી તાકીને એક એવું તીર માર્યું કે તે સોનેરી નીશાન (ઝુંડો) તેના હાથમાંથી છુટીને કિલ્લાની નીચે જઇ પડયો. મુસલમાનોએ દોડીને તે નીશાન લઇ લીધું. ઇસાઇયોથી તેમના સલીબે આઝમનું અપમાન જોઇ ન શકાયું તેથી તેઓ ક્રોધે બળાઇ, શહેરનો દરવાજો ઉઘાડી બહાર નીકળી આવ્યા. પછી એવા જોરથી જંગ જામ્યું કે શમશીરો સામસામે સડસડાટ કરતી ચાલતી હતી, તીરોથી આકાશમંડળ છવાઇ ગયું અને લોહીની નદી વહેવા લાગી. ખરેખર આ એક ભયંકર યુદ્ધ હતું. રૂમીઓએ તેઓનો ધાર્મિક ઝુંડો પાછો લેવાને માટે લાખ લાખ કોશીશ કરી પરંતુ તેમાં તેઓ ફળીભુત થયા નહીં. જેઓ નીશાન તરફ નજર કરી આગળ વધ્યા તેને ઉમ્મે અબાએ બાણુથી વીંધી નાંખ્યા. હવે માલુમ કે જેના હાથથી ઉપર જણાવ્યા પ્રમાણે ઉમ્મે અબાનનો શવહર શહીદ થયો હતો તે મુખ ભાગમાં આવ્યો અને કોઇપણ રીતે તે પાછળ હઠતો નહતો. તે જોઇ ઉમ્મે અબાન ઘણી ખુશી થઇ

* (†) આ નીશાનવાળો ધામીંક ઝુંડો.

અને હવે પોતાની વેરની વસુલાત લેવાનો સમય આવી પહોંચેલો જોઈ ને ખુદાનો પાડ માનતાં કહેવા લાગી.

" નહીં મુજકો રહી દુન્યામેં ફિર ઉમ્મીદ જીનેકી
નિકાલેગા વોહ સીનેસે ખ્વાહીશ હર વખ્ત જીનેકી"

અરે મરદુદ ! તેંજ મારા શોહરને શહીદ કર્યો હતો પરંતુ તને ખબર નથી કે અસમતપનાહ અરબ અબળા જીવાં શુરાતની સુંદરીઓ પોતાના પ્રાણેશ્વરનું વેર લેવાને કદી ચુકતી નથી. હવે હું પ્રતિજ્ઞા જાહેર કરૂં છું કે: તારો પ્રાણ લઈશ.

" ગજબ આતીશ કીનેકી બદન દીલસેજ બરસાઉં
કિડાકે હાથમેં ખંજર, જાલિમ જોર બતલાઉં
કરંકે ખોપરી જૂદી, જીગર ટુકડેહી કરડાલું
લેકર તેરી જાન પ્યારીકા કોલ પુરા મેરા કરલું "

આમ કહીને તેણે માતુમાની આંખમાં એવું જોઇને તીર ફેંકયું કે તે રાડ પાડીને નાસવા લાગ્યો.

આ વખતે ઉમ્મે અબાન યુદ્ધ સંગ્રામનો શએર પઢી રહી હતી જે અરબી ભાષામાંજ તેના અસલ સ્વરૂપમાં હું અહીં ઉતારી લઇશ.

" ઉમ્મો અબાનુન ફઅતલુબી બીસારેકી
સૌલી અલયહીમ સોલતુલ્ મુતદારકી "

અર્થાત

"ઉમ્મે અબાન લે તું હવે આગળ વધી વસુલાત તારા વેરની
અસર થઇ છે હવે ઘણી તીખા તારા તીર તણા ઝેરની "

એટલે ઉમ્મે અબાન, તું પોતાના વેરની વસુલાત લે

અને તેના ઉપર પગલે પગલે હુમલો કરી આગળ વધ. જો રૂમીઓ તારા બાણના મારથી ઘાયલ થઇ રાડો પાડી ઉઠયા છે. એમ કહેતાં તેણે માતુમાને પકડી પાડી તરતજ પોતાની પાતળી કમરમાં લટકાવેલી તલવારથી તેનું માથું જુદું કરી, તે લઇને પોતાના કેમ્પમાં આવી પહોંચી. આણી· ગમ રૂમીઓ ગભરાટથી પાછા કીલ્લામાં ભરઇ બેઠા. તેઓને ખાત્રી હતી કે નેવુ હજાર રૂમીઓ મોટા સરોસામાન સાથેની તૈયારીથી અજનાદાન કે જે જેરૂસલેમની પૂર્વમાં અને રામ- લેહ તથા બેતજીબ્રીન એ બે નગરની વચ્ચે આવેલું છે ત્યાં ભેગા થાય છે અને મુસલમાનોની ફોજ ફુરીજીવાઇ તમામ મુલ્ક શામમાં ફેલાઇ ગઇ છે, તેથી જરૂર આપણને મદદ મળશે એવી દમિશ્કવાસીઓને ખાત્રી હોવાથી ધીરજતાથી કિલ્લામાં ભરાઇ બેઠા હતા.

હવે અહીંજ હજરત અબુ ઓબેદા અને ખાલીદ બીન વલીદની ફોજ જે એરાક (સીરીયા) ને પાયમાલ કરીને દમિશ્કમાં આવી મળી હતી. તેઓ બંને એવા નિર્ણય ઉપર આવ્યા કે આપણે પ્રથમ અજનાદીનના લશ્કરને શીકસ્ત આપીશું નહીં ત્યાં સુધી ત્યાંથી મદદ આ· વતી રહેશે માટે આપણે અજનાદીનની તરફ રવાના થવું જોઇએ. ખાલીદે તે સુચનાનો સ્વીકાર કરવાથી તેઓએ અજનાદીન તરફ કુચ કરી. ખાલીદ લશ્કરની આગળ જઇ રહ્યા હતા અને હજરત અબુ ઓબયદા થોડાક લશ્કરની સાથે સ્ત્રીઓ તથા બાળકોને લઇને તંબુ તથા ખાવાપીવાની સામગ્રીના સામાન સાથે તેમની પાછળ જઇ રહ્યા હતા.

જ્યારે દમિશ્કવાસીઓએ જોયું કે ઇસલામી લશ્કર ઘેરો ઉઠાવીને રવાના થઇ ગયું છે ત્યારે તેઓ ઘણા ખુશી થયા. તેવામાં ભોગજોગે તે વખતે રૂમના કઇસરે દમીશ્કની મદદ માટે લશ્કર મોકલ્યું હતું તે પણ આવી પહોંચ્યું અને તેની દમીશ્કવાસીઓના દિલમાં ખુમારી આવી તેથી તેઓ મદોન્મત થવા લાગ્યા. તરતજ બોલસ કે જે એક મશહુર લડવઇયો તથા તીરંદાઝ હતો તેની સરદારી નીચે છ હજારનું લશ્કર દમિશ્કથી રવાના થયું. આ વખતે બોલસનો ભાઇ બીતરસ પણ શામેલ હતો. ઇસલામી લશ્કર દુર નીકળી ગયું હતું તેથી દમિશ્કવાસીઓ ઝડપબંધ કુચ કરવા લાગ્યા. જ્યારે તેઓએ ઇસલામી લશ્કરનો પાછલો ભાગ જે અબુઉબયદાની સરદારી તળે ઓરતો તથા અસબાબને સાથે જતાં જોયો, તો તેઓએ પાછળથી બાયલાપણું વાપરી તત્કાળ ઓચીંતો હુમલો કરી દીધો.

અબુઉબયદાએ આ ઓચીંતો હીચકારો હુમલો જોઇ દ્રઢતાથી તેમનો મુકાબલો કર્યો. બોલસ તો પોતાની ટુકડી લઇ અબુઉબયદા સામે લડવા તઇયાર થયો અને તેના ભાઇ બિતરસે પોતાની ટોળી સાથે સ્ત્રીઓ ઉપર હુમલો કર્યો અને તેમાંથી કેટલીકને કેદ કરી દમિશ્ક તરફ લઇ ચાલવા રવાના થયો અને થોડેક છેટે જઇ પોતાના ભાઇ બોલસની લડાઇના પરિણામની રાહ જોતો બેઠો.

અબુઉબયદાએ એક ઝડપી સવારને મોકલી દમિશ્કવાસીઓના બાયલાપણાથી કરેલા આ હિચકારા હુમલાના ખબર ખાલિદ બિન વલીદ કે જે આગલા લશ્કર સાથે જઇ

રહ્યા હતા તેમને પહોંચાડાવ્યા.

અબુઉબયદા બહાદુરીથી લડી રહ્યા હતા તેવામાં ખાલિદ બીન વલીદને આ યુદ્ધની ખબર પડતાં તરતજ તેમણે રાફેઅ બિન ઉમરને એક હજાર સવાર સાથે અસબાબ વીગેરે સામગ્રીની સંભાળ માટે મોકલ્યો. પછી એક હજાર સવાર સાથે અબ્દુર રહેમાનને મોકલી કહ્યું કેઃ— "તમે દુશ્મન સાથે મુકાબલો કરતા થાઓ." પછી ઝરરાર બિન અઝદરને એક હજાર સાથે મોકલ્યા અને પોતે પણ એક હજાર સવાર સાથે અબુઉબયદાના લશ્કરની મદદ માટે આવી પહોંચ્યા.

અબુઉબયદા શુરવીરતાથી લડી રહ્યા હતા કે તેની કુમકે ઇસલામી લશ્કર આવી પહોંચ્યું. ઝરરારે તરતજ બોલસને એવા જોરથી નેઝો માર્યો કે બોલસ ઘોડા ઉપરથી ધરણીપર ઢળી પડ્યો. તે ઉઠીને ભાગતો જતો હતો પરંતુ ઝરરારે ઘોડા ઉપરથી ઉતરી તેને કેદ કરી લીધો. બોલસે કહ્યું "અરે, અરબ યોદ્ધા મને ખુદા વાસ્તે કત્લ કરજો નહીં કારણ કે મારી જીંદગી ઉપર તમારી અબળાઓની જીંદગી અવલંબી રહેલી છે." ઝરરારે તેને કત્લ નહીં કરતાં કેદ રાખ્યો.

હવે વાંચક, આણીગમ ઉત્સાહી અરબીવાણી કોવા શુરાતની સુંદરીયો તરફ તારી દ્રષ્ટિ દોર.

અહીં બિતરસે રસ્તામાં પોતાનો કેમ્પ રાખી, અબળાઓને તંબુમાં કેદ રાખી તેઓ ઉપર પહેરો રાખ્યો હતો. આ સઘળી સુંદરીઓ અમીર તથા ઉંચા કુળની હતી. ખુલા બીન્તે અઝદર પણ તેજ ઉંચા કુળની હતી એટલુંજ નહીં

પણ તે શેહસવારી તથા લડાઇ લડવાના કાર્યથી અરબમાં પ્રખ્યાત હતી, તે ઘણી પરાક્રમી હતી. તેને કેદ કરી લેવામાં આવી હતી, નહીં તો અવસ્ય તે તરતજ હુમલો કરી દેત. જ્યારે તે વીર વનિતાઓને ઉંટો ઉપરથી ઉતારીને તંબુમાં બેસાડી તો તે એક બીજા સામે જોવા લાગી. ખુલ્લાએ કહ્યું "હે! રણશુર રમણીઓ! શું તમે શરમનો સંહાર કરી દમિશ્કવાસી કાફરોના હાથમાં જઈ, અરબ ભુમીને દાગ દેવા માંગો છો ?

મારો તો તમો સઘળી સુંદરીઓને એજ ઉપદેશ છે કે અરબ અબળાઓનું ઉંચ્ચ ભુષણ તે અસમતપનાહ કીંવાં પતિવ્રત્ય છે. અર્થાત જો અસમતપનાહ માટે પ્રાણનું બળિદાન આપવું પડે તો આનંદથી આપવું પરંતુ કદાપિ પાતિવ્રત્યથી પતિત થવું નહીં. દુશમનના કબજામાં જવાથી કોણ જાણે આપણા ઉપર શા શા જુલમ થશે, તેના કરતાં દ્વંદ યુદ્ધ કરી, મરી જઇ, શહાદતનો દરજ્જો પામવો એજ ઉત્તમ છે. તેમ છતાં જેઓ મોતથી ડરતી હોય તેઓ ભલે અહીં તંબુમાંજ પડી રહે." આ વાક્યો સાંભળી તેમાંથી ઉમ્મે અબાન બીન્તે અતમા કે જેની વિરતા. ઉપર વાંચક જોઇ ચુક્યો છે, તે ક્રોધાયમાન થઇ કહેવા લાગી.

"આવા સંકટના સમયમાં પોતાના જીવન સુખની આશાને વળગીને અહીં ગોંધાઇ રહી, નીચ નારી કીંવાં બીકણ બાળા તરીકે પ્રસીદ્ધ થવાને કોણ પસંદ કરશે ? મનુષ્ય માત્રનો આત્મા અવિચલ તો નથીજ. એક દીવસ સર્વેને એક સરખી રીતે મરવાનું તો છે કારણ કે શરીર

ધારી પ્રાણીનું મરણ એ પ્રકૃતીજ છે. હવે જ્યારે ચાર દીવસ વ્હેલું કે મોડું મરણ તો આવવાનુંજ છે ત્યારે આવા અવસરે કામ આવીને શહાદતનો મરતબો પ્રાપ્ત કરવા કોણ પસંદ ન કરે ? જો કે સાધારણ રીતે સંસારનો એવોજ નિયમ છે કે મરણના નામથીજ સર્વ પ્રાણીઓને કંપારી છુટે છે. પરંતુ શુરવીર સ્ત્રીઓ તથા પરાક્રમી પુરૂષોની પ્રકૃતી તો એવીજ હોય છે કે તેઓ મૃત્યુને ઉત્સાહ પુર્વક આલિંગન આપવાને હમેશાં તઇયાર રહે છે. અમો કાયર નથી. તમારા છેલ્લા શબ્દો સાંભળીને અમારાં મન શોકથી ગમગીન થયાં છે. અમે લડીશું. અમારા દીન અને અમારી પોતાની પ્રતિષ્ઠા માટે લડીશું અને જય પામીને જીવીશું અથવા તો પરાજય પામીને મરીશું. અમારી પાસે હથીયાર નથી તો આ અમારા બાહુબળ તેમજ આ તંબુની થાંભલીઓ હથીયારનું કામ બજાવશે અને અમો દ્વંદ યુદ્ધ જમાવીશું."

"સર્વનો ત્યારે એજ દ્રઢ નિશ્ચય છે ?" ખુલાએ ખુલ્લા શબ્દોમાં કહ્યું. "એકવાર નહીં પણ એક હજારવાર લાખવાર, કરોડવાર એજ નિશ્ચય છે." આ રણશુર રમણીઓના રણોનાદથી તંબુનાં તમરાં ઉધડી ગયાં.

તરતજ અલ્લાહો અકબર કરતી આ પડદા પલટન અથવા આ બાળાઓની બટેલીયન, તંબુની થાંભલીઓરૂપી તલવારો લઇ બહાર નીકળી આવી અને કાયદેસર હાર બંધાઇ ગઇ. સિપેહસાલારીણીનું પદ ખુલા બીન્તે અઝદર કે જે ઝરરારની બેન થતી હતી તેણે લીધું. તેની પાછળ

ઉમ્મે અમાન બીન્તે અતમા, અફીરા બીન્તે અફ્ફાર, સલમા બીન્તે નોમાન બીન મુકરીન વિગેરે દંપતીઓનું દળ અલ્લાહો અકબર કહેતાં બહાર નીકળી પડયું. પહેરાવાળાઓએ તેમને રોકી, પરંતુ આ સિંહણોના લશ્કર આગળ પહેરેગીર બીચારો શું ટકી શકતો હતો !

ખુલાએ થાંભલીનો એક મજબુત ફટકો લગાવ્યો કે તરતજ તે ધરણીપર ઢળી પડયો. પછી આ વિર દંપતીઓએ દ્વંદ્વ યુદ્ધ જગાડી દીધું અને એક સપાટામાં ત્રીસ લાશોને જહન્નમમાં પહોંચાડી દીધી. ભારે બહાદુરીથી આ સ્ત્રી સેના લડી રહી હતી તેટલામાં ખાલિદ બીન વલીદ તથા ઝરરાર પણ બોલસ સાથેના યુદ્ધમાંથી ફતેહમંદ રીતે ફારેગ થઇ, લશ્કરના પ્રથમ ભાગમાં ઘોડા દોડાવતા આવી પહોંચ્યા અને તરતજ ઝરરારે દુશ્મનના લશ્કરના સેનાધીપતિ બિતરસને એવા જોરથી નેજો માર્યો કે તે તેના જિગર પાર થઇ ગયો અને ખાલિદ બીન વલીદે સ્ત્રી સેનાની શુરવીરતા નીહાળી. તે વખતે તેના મુખમંથી આ શબ્દો ખરી પડયા કેઃ—

" હે ! અરબ ભુમિની દિવ્ય તેજસ્વીની પુત્રીઓ ! તમારા સ્વદેશ પ્રેમ અને સ્વધર્મ પરાયણતા અને આત્મ બળિદાનનો ઇતિહાસ જે કોઇ સાંભળશે તેના મનમાં આજે કે ભવિષ્યમાં આશ્ચર્ય થયા વીના તો રહેવાનુંજ નથી.

અરબ ભુમિ કે જ્યાંથી ઇસલામ ધર્મ પ્રકાશિત થયેલ છે, તે પાક ભુમિએ તમારા જેવી દેશ હિતૈષિણી દુહિતાઓને જન્મ આપ્યો છે, તે અરબ ભુમિની ધન્ય-

તાનો અવધિજ થયેલો કળી શકાય. આવી શુરવીર સુંદરીઓના પગની રજથી વિભુષિત થવાનું માન બીજા કોઇ પણ દેશની ભૂમીને મળેલું નથી અને હવે પછી મળશે કે નહીં એની પણ શંકાજ છે.

એટલુંજ નહીં પણ એહલે ઇસ્લામ તમારા નામ ઉપર અભીમાન લેશે, જગતમાં જ્યાં સુધી દમીશ્કનાં દંદ યુદ્ધનું દાસ્તાન હયાત રહેશે ત્યાં સુધી તમ વનિતાઓની વિમળ કીર્તીનાં ગુણગાન ગવાતાં રહેશે. ''

હવે ઝરરારે બિતરસનું માથું કાપી પોતાના નેજા ઉપર રાખી લીધું અને ઇસલામી ફોજની ઇનાને અઝીમત (ઇરાદાની લગામ) ફરીને અજનાદીન તરફ વળી.[૧] એડવર્ડ ગીબન સાહેબ પોતાની તવારીખમાં આ બનાવનું વર્ણન કરીને મુસલમાન મહિલાઓની શરમાળ વૃતી, શીયળવ્રત તથા શુરવીરતાનું શ્રેષ્ઠપણે વખાણ કરતાં લખે છે કેઃ—

" ઇસલામી અબળાઓ ખરેખર શરશીરઝની (તલવાર ખેંચવાવાળી) નેઝાબાઝી, તીરઅંદાઝીમાં પૂર્ણ રીતે પંકાએલી હતી એટલુંજ નહીં પણ બારીક સમયમાં પણ દ્રઢતાથી શુરાતન બતાવતી હતી.[૨]

---

૧ તીબરી. ભાગ. ૬ ઠો પાને. ૨૩૪૭

૧ તીબરી. ભાગ ૫ મો. પાને. ૨૧૦૧

પ્રકરણ ૯ મું.

યરમુકમાં યુવતિઓનું યુદ્ધ કૌશલ્ય.

મુસલમાનોને હાંકી કાઢવા માટે રોમનો રાજા હિરોક્લિયાસ પોતે હેમસ નગરે આવ્યો હતો. આરબ સેનાધિપતીઓને દુર કરવા સારૂ તેણે જુદાં જુદાં ચાર લશ્કર રવાના કર્યા. જ્યારે મુસલમાનોએ રોમના રાજાની ફોજ રવાના કર્યાની વાત સાંભળી ત્યારે પરસ્પર એકમત થઇને એ નિશ્ચય ઉપર આવ્યા કે સઘળા આરબ લશકરને એકજ જગ્યોએ રાખવું. તે પ્રમાણે ઇ. સ. ૬૩૪ ના એપ્રીલ માસમાં યરમુક (ગોરમાક) નદીની પાસે જલાન નામની જગ્યાએ ચારે મુસલિમ સરદારોનાં લશ્કરને એકત્ર કરવામાં આવ્યાં. એ જોઇ રોમન લોકોએ પણ પોતાના લશ્કરને એક કર્યું. યરમુક એ એક અપ્રસિદ્ધ નદી હતી જે હરણની ઉંચી ભૂમિમાંથી નીકળીને ટાઇબેરીયસ હદની કેટલાએક માઇલ દક્ષિણે જોર્ડન નદીમાં પડે છે.

આ સંધી સ્થળથી ૩૦ માઇલ મુળ તરફ યરમુક નદીની ઉત્તરમાં અર્ધ વર્તાકાર પર્વતથી વીંટળાએલ એક વિશાળ સમતળ ક્ષેત્ર છે. આ જગ્યા મોટા સૈન્ય માટે છાવણીનું યોગ્ય સ્થાન હતું. યરમુક નદીના કાંઠાના ભાગમાં પથરા બહુ હતા અને કિનારા નદિના તળીયાની સપાટીથી બહુ ઉંચા હતા. આ પર્વતથી વિંટાએલ ભુખંડની સનમુખ

બે ટેકરીઓની વચ્ચેનો એકજ માર્ગ હતો અને ફક્ત આ એકજ માર્ગદ્વારા અંદરના સમતુલ વિશાળ મેદાનમાં પેશી શકાતું હતું. આ જગ્યાનું નામ વાયાકુસા હતું. મુસલમાનોના ઇતિહાસમાં આ જગ્યા વિશેષ પ્રસિદ્ધ છે. આ જગ્યા ચારે બાજુએ પર્વતોથી સુરક્ષિત જાણીને રોમન લોકો તેને કુદરતી રણભુમિ તરીકે ગણતા હતા, તેથી રોમન સૈન્યે ઇસલામીઓની ફોજનો કાંઇ પણ વિચાર કર્યા વગર આ જગ્યામાં પ્રવેશ કર્યો હતો.

આ ઘટનાથી મુસલમાનો શત્રુઓનો સંકેત સમજવાને સમર્થ થયા હતા એટલે એકદમ પુરતી ઝડપથી યરમુક નદી ઓળંગીને તેની ઉત્તર દિશાએ પર્વતની ટેકરી પાસેની એક ઉંચ ભુમિ ઉપર છાવણી નાંખી, તેઓ એવા વિચારથી તૈયાર હતા કે રોમન સૈન્ય જેવું સમતુલ ક્ષેત્રમાંથી બહાર નીકળે કે તરત તેના ઉપર હુમલો કરવો.

ઇતિહાસીક પુસ્તકનું લક્ષપુર્વક અવલોકન કરતાં ભુગોળના જ્ઞાનની અતિ આવશ્યકતા છે કારણકે ભુગોળનું જ્ઞાન હોય તોજ ઇતિહાસીક વાંચન રસમય થઇ પડે.

આ જગ્યાએ વાંચનારા સારી પેઠે સમજ્યા હશે કે રોમન લશકરે પોતા માટે છાવણીની જે જગ્યા પસંદ કરી હતી તે જગ્યા ચારે દિશાએથી ડુંગર અને નદીના કીનારાથી વિંટાએલી હતી. બે ટેકરીઓની વચ્ચેનો ફક્ત એકજ સાંકડો માર્ગ તેમાંથી બહાર નીકળવાનો હતો અને આ સાંકડા રસ્તા ઉપરની એક ટેકરી ઉપર મુસલમાનોએ પોતાની છાવણી નાંખી હતી. એકેના લશ્કર સનમુખ રહી, બે માસ

સુધી ત્યાંજ છાવણી નાંખી પડ્યાં હતાં. છેવટે આ પ્રમાણે નકામો વખત વ્યય કરવાનું યોગ્ય નહી સમજી ખલીફાએ વાલીદના પુત્ર ખાલિદને કાદસીયાથી સિરીયા મોકલ્યો. રોમનો આ સમાચાર જાણે તે પહેલાં તો ખાલેદ મુસલમાનોના લશ્કરને મળી ગયો. આ વખતે રોમન શહેનશાહ હિરાક્લિયસના ૨ લાખ ૪૭ હજાર માણસોના સૈન્ય સામે મુસલમાનોનું ફક્ત ૪૦ હજારનું લશ્કર હતું, પરંતુ જેટલા હતા તે અરબોમાંથી ચુંટી કાઢેલા હતા. રૂમીયોનું તોફાન એવા જોશ તથા વિજયની અધિરાઇથી આગળ વધી રહ્યું હતું અને એવી મોટી સંખ્યાના લશ્કરથી અભિમાની થઇ એવો ગર્વ રાખતા હતા કે આપણા સામે મુસલમાનો એક ટક્કર પણ ઝીલી શકે તેમ નથી; યરમુકમાં બંને ફોજોનો મુકાબલો થયો. મુસલમાન તથા ઇસાઇઓની સંખ્યામાં સાત આઠ ગણો તફાવત હતો. છતાં ઇસલામી લશ્કરનો એવો દબદબો હતો તથા કેળવાએલા લશ્કરથી એવા મોરચા ઉપર વ્યુહ રચના થઇ હતી કે ચાલીસ હજાર રૂમીયોએ તો જાણે પગમાં બેડીયો નાંખી લીધી હતી કે હઠવા ચાહે તો હઠી પણ ન શકે ! એવી તેઓની કેદી જેવીજ સ્થીતી હતી છતાં તેઓનું તેટલી સંખ્યા બાદ કરતાં બાકીના બે લાખનું ગંજાવર લશ્કર તીડની માફક એવા જોરશોરથી મુસલમાનો ઉપર તુટી પડયું કે ઇસલામી ફોજની ડાબી બાજુ હટતાં હટતાં સ્ત્રીઓના કેમ્પ સુધી આવી પહોંચ્યું. લમોજઝામનું કુટુંબ એક મુદત સુધી તે ઇસાઇઓના હાથ નીચે રહેતું હતું અને હવે મુસલમાન થઇ ગયું હતું. ઇસલામી લશ્કરની

ડાબી બાજુએ તેજ કુટુંબના લોકો હતા. રૂમીયોએ તે તરફ પ્રયાણ કર્યું તો તેઓ ડરી જઇ ગભરાટથી ભાગી છુટ્યા. રૂમીયો તેમની પાછળ પાછળ તરૂણીઓના તંબુ સુધી આવી પહોંચ્યા. આવો મામલો જોઇ તે ઇસલામી રણઘેલી રમણીઓ કીવાં અત્યુતમ શૌર્યત્પાદક કામિનીઓના ક્રોધની સીમા રહી નહી. જલદીથી તે વિકાળ વનિતાઓ કેમ્પથી બહાર કુદી પડી અને અલ્લાહો અકબર કહેતાની સાથે એવો જોશબંધ હુમલો કર્યો કે રૂમાયો, કે જેઓ પાણીના પ્રવાહ પ્રમાણે બહુજ ત્વરાથી આગળ વધી રહ્યા હતા, તે એકાએક પાછળ હઠી ગયા. એટલુંજ નહીં પણ ભાગતાઓને રોકી, તેઓને ફરીથી આગળ વધાર્યા અને તેઓની પાછળ આવી મુસલમાનોને, તેઓના પુર્વજોની પરાક્રમતાના વૃતાંતો કહી સંભળાવી શાર્ય ઉત્પન્ન કરાવવા લાગી. આ કુળ દીપક કામીનીઓની કોશીશોથી એવી અસર પેદા થઇ કે મુસલમાનોના ઉખડી ચુકેલા પગ પાછા સ્થીર થઇ ગયા. કુરેશી કામીનીઓ તરવાર ખેંચા ખેંચીને દુશ્મનો ઉપર તુટી પડી અને હુમલો કરતી કરતી પુરૂષોથી આગળ નીકળી પડી. હજરત મઆવીયાની બેન યરબાહ, બાળાઓની એક બેટેલિયન લઇને આગળ વધી અને ઘણીજ બહાદુરી બતાવીને ઘાયલ થઇ.

રોમન લશ્કર કેટલું નહાનું હતું તે આપણે ઉપર જાણી ચુકયા છીએ! છતાં અબળાઓએ ઇસલામીઓનો રણોત્સાહ વધારવા મથન કર્યું અને તેથી ઇસલામી શુરવીરોનો સમુદાય ઉમંગથી યુદ્ધ કરવા અને મરણીયા થઇ લડવાને તલપી

રહ્યો હતો. આ વેળા બેહિશ્તમાં હુરોના સમુદાયો, સમરમાં શત્રુ સમક્ષ પ્રાણાહુતી આપવાને જતા એ બહાદુરોને પોતાના હૈયાહાર બનાવવા માટે આકાશ માર્ગમાંથી ભુમિ-પર આવવા માટે નીકળી ચુકયા હોય! એવોજ ગગનમંડળ-માંથી આભાસ થતો હતો. ભારે ધમસાણ યુદ્ધ જામ્યું. બંને પક્ષના સૈનિકો મહા શૌર્યથી લડતા હતા એ તો નિર્વિવાદ હતું પરંતુ ભેદ માત્ર એટલોજ હતો કે રૂમીયો બની શકે ત્યાં સુધી પોતાના પ્રાણને બચાવવાને પ્રયત્ન કરતા હતા અને વીર ઇસલામીઓ હવે તેવા પ્રકારના કોઈ પણ પ્રયત્ન વિના મરણીયા થઇનેજ શસ્ત્ર ચલાવતા હતા. એનું પરીણામ એ આવ્યું કે આ ભયંકર મનુષ્ય સંહારક સંગ્રામ યરમુક યુદ્ધને નામે પ્રસીદ્ધ થયું. રોમનોનું ઘણું લસ્કર મરાયું અને તેનો સંપૂર્ણ રીતે પરાજય થયો. બાકી રહેલા લશ્કરનો મોટો ભાગ નદીમાં પડીને મરી ગયો. આ પ્રમાણે દક્ષિણ સીરીયાનો સઘળો મુલક મુસલમાનોના હાથમાં આવ્યો. વાંચક! કયાં રોમનોનું અઢી લાખનું લશ્કર અને કયાં ફકત ઇસલામીઓનું ચાલીસ હજારનું લશ્કર! છતાં શત્રુને શીકસ્ત આપી તે, ઇસ્લામી યોદ્ધાઓનું જેવું તેવું સાહસ કીવાં પરાક્રમ કહેવાય નહીં! એટલુંજ નહી પણ બહાદુરીથી લડીને દુશ્મનોનું દમન કરી પ્રાણહુતી આપવી એ કળા મુસલમાનોને કુદરત તરફથી બક્ષીસ હતી. આ પ્રકરણના હેડીંગ પ્રમાણે યરમુકમાં યુવતીઓની યુદ્ધ કૌશલ્યતાનો કંઇક આભાસ ઉપર જણાવેલ છે બાકી હવે જણાવું છું. હજરત મઆવીયાની બેન યરબાહ ખાવલ

થવાનું ઉપર આપણે જાણી ચુકયા ત્યાર બાદ હજરત મઆવીઆની માતા હીન્દા બીન્તે અતબા, પુરૂષોને તેમનું પુરૂષાતન દેખાડવા માટે એમ કહેતી હતી કેઃ—[1]

યા માઅશરીલ અરબ અદદુલ્લુગલફાને બેશુયુફકુમ

અર્થાત—અય બહાદુર અરબો મર્દ બની જાઓ, નામર્દ ન બનો. ઝરરાર બીન અઝદરની બેન ખુલા, આ શએર સંભળાવી મુસલમાનોને જોશ આપતી હતી.

" યા હારે બન અન નીસ્વતીત તકયાત
રમયતો બે અલ શેહમ વલ મનીઆત. "

અર્થાત.

" હે પાક દામન પ્રેમદાઓ તજી નાસનારાઓ તમે ભયભીત થઇ મર્ણ તથા તીર તણા નીશાન બનવું કેમ ગમે?"

એટલે-હે, પાક દામન પ્રેમદાઓ તજીને નાસી જના રાઓ! તમે મોત તથા તીરના નીશાન ન બનો.

ઇતીહાસકાર તીબરીએ આ યુદ્ધમાં ઉમ્મેહકીમ બીન્તે હારીસનું નામ ખાસ કરીને લીધેલ છે. તથા ઇબ્ને અસીર જઝરીએ લખ્યું છે કે હઝરત મઆઝ બીન જબલની ફુફી જાત બહેન અસ્મા બીન્તે યઝદ, એ એકલીએ નવ રોમનોને મારી નાંખ્યા.[2] જે જે પ્રેમદાઓ પુરૂષાતન દેખાડી કીવાં

---

૧ બીલાઝરી પાને ૧૪૧

૨ અસદુલ ગાબ ભાગ ૫ મો પાને ૩૯૮

• ઇબ્ને ઉમર વાકેદી કૃત ફતુહુસશામમાં આવા પ્રકારના ઘણા બનાવોનું વર્ણન કરેલ છે તેથી અઝદી કૃત ફતુહુસશામમાં તે બાબતનાં વર્ણનો નથી જેથી અમો પણ તે મુકી દઇએ છીએ.

યરમુકના યુધ્ધમાં જે જે યુવતીઓ યુધ્ધ કૌશલ્યતા બતાવી લડી હતી તેમાંનાં થોડાંક નામ ઉપરમાં જણાવ્યા સીવાય ઇબ્ને ઉમર વાકેદી બતાવે છે તે આપણે અહીં ટપકાવી લઇશું.

અસ્મા બીન્તે અબુબકર સીદીક (રદી). ઉબાહ્ બીન સામતની બીબી.

ખુલ્લા બીન્તે શોઅલબા. કોયુબ બીન્તે માલીક. સલમા બીન્તે હાસમ.

નાઅમ બીન્તે કનાસ. અરીરા બીન્તે અફ્ફાર.

યરમુકનું ઘણું ભયંકર યુદ્ધ યોમુતતાવીરના નામે પ્રસિદ્ધ છે. તેમાં મુસલિમ મહીલાઓની મરદાનગી તથા રણ કૌશલ્યતાનું વર્ણન તથા વખાણ કરવાં તે સોના ઉપર ઢોળ ચડાવવા સમાન છે. પરંતુ આપણે સમય તથા સ્થાનનો અભાવ હોઇ સંક્ષેપ્તમાં પતાવીશું. કદાચ જો અરબ અબળાઓ તરવારો ખેંચી, વિકાળ વાઘણની પેઠે ઉશકેરાઇ જઇ, રોમનોનાં મોઢાં ન ફેરવી દેત તો મુસલમાનોને પરાજય પામવાને લેશ માત્ર પણ વિલંબ નહોતો ! હિન્દા, ખુલ્લા, ઉમ્મે હકીમ અને ઘણી કુરેશ કામિનીઓએ પુરૂષાતન દેખાડયું છે. અસ્મા બીન્તે અબુબકર ઘોડા ઉપર સવાર થઇ પોતાના પ્રાણેશ્વર હઝરત ઝુબેરના સાથે સાથેજ હતાં અને બરાબર હઝરત ઝુબેરની હારોહાર કાંધેકાંધ મેળવી બહાદુરીથી લડતાં રહ્યાં.

પ્રકરણ ૧૦ મું.

રંગભુમિ કે રણભુમિ !

અથવા

રણઘેલી રમણીઓ.

વાંચક! એ તો પ્રત્યક્ષ અનુભવથી તથા બહોળા વાંચનથી તમો જાણી શકયા હશો કે ઇસ્લામી વીર નરો સ્વધર્મ અને સ્વદેશની રક્ષા માટે શસ્ત્ર ધારણ કરી યુદ્ધ કરવા માટે રણભુમિમાં તેઓનું જવું એના જેવો તેઓને બીજો એક પણ અગાધ આનંદનો વિષય હોતો નથી. એટલુંજ નહીં પણ તેઓ રણભુમિને પોતાની રંગભુમિ કીવાં વિહાર ભૂમિજ સમજી ત્યાંજ પોતાના લગ્ન મંડપ ગોઠવી લગ્ન કર્યાના બનાવો પણ બનતા હતા તે આધાર સહિત હું તમને બતાવું છું.

ગત પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે યરમુકના યુદ્ધ પછી મુસલમીનોની ફોજ રોમનોના મુકાબલા માટે કુચ કરી રહી હતી તેવામાં, એક દીવસે દમાસ્કસના નજદીક મરજુસસફર નામના શહેરની સરહદમાં છાવણી નાંખી મુકામ કર્યો. ખાલિદ બિન સઇદ કે જેણે હમણાંજ (કુચ કરતી વેળા રસ્તામાં) ઉમ્મે હકીમ બીન્તે હારીસથી લગ્ન કર્યાં હતાં તેથી અહીં એક પુલ પાસે ઉમ્મે હકીમે પડાવ નાંખ્યો જે અઘાપી પર્યંત ઉમ્મે હકીમનો પુલ કહેવાય છે. ત્યાં વલીમાનું

ખાણું (નીકા થઇ ગયા બાદનું ખાણું) હજુ પુરૂં ખવાય પણ નહોતું રહ્યું કે રોમનોનું લશ્કર આવી પહોંચ્યું. આવો મામલો જોઇ આ રંગભુમિએ રણભુમિનું સ્થાન લીધું. ખાલિદ બિન સઇદ કે જે નવપરણીત હતો તે આવા સંજોગો હોવાથી યુદ્ધમાં સામેલ થવા પડેલાં પોતાની નવપરણીત પ્રમદાને મળવા ગયો. તેને જોઇને તરતજ તે વાઘણ વનિતા ઉમ્મે હકીમે મોઢા ઉપર બુરખો નાંખી લઇ કહ્યું "ખબરદાર મારા તંબુથી દુર રહો. હું સમજુ છું કેઃ– તમો નવપરણીત છો એટલુંજ નહીં પણ પરણ્યા પછી એક રાત્રી પણ સંસાર સુખનો ઉપયોગ લીધો નથી. પરંતુ વીર નરે વિલાસવાસનાને બદલે સ્વધર્મ નિષ્ઠા માટે પ્રાણાહુતી આપવી એ એક ખરા ઇસ્લામીનો ધર્મ છે, માટે પ્યારા પ્રાણેશ્વર! આપ સુખેથી પ્રથમ યુદ્ધમાં જાઓ અને વિજયમાળા પહેરી પાછા મને દર્શન આપો. પરંતુ યાદ રાખજો કે પાછી પાની કરી તો તમે મારા શૌહરજ નથી."

ખાલિદ બિન સઇદ શુરાતની શબ્દો સાંભળતાંજ તંબુના દ્વાર પાસેથીજ પાછો વળ્યો અને એકદમ ભુખ્યા વાઘ પ્રમાણે રણભુમિમાં ઝંપલાવ્યું. તેની પાછળજ તેની નવપરણીત પત્ની ઉમ્મે હકીમ પુરૂષના વેષમાં લડવાને નીકળી પડી. ભારે ભયાનક યુદ્ધ જામ્યું અને એવા જોરથી ઇસ્લામીયોએ હુમલો કર્યો કે રૂમીયોને (રોમનોને) પાછળ હઠવું પડયું. ઉમ્મે હકીમ પણ ઘણીજ બહાદુરીથી લડી અને રોમનોના સાત સૈનિકો તેના હાથે માર્યા ગયા.[1]

૧ અસદુલ ગાબા ભાગ ૫ મો પાને ૫૭૭

વાકેદીકૃત ફતુહાતેશ્શામ જો સાચી માની કબુલ રાખો તો એ પણ કબુલ કરવું પડશે કે શામની ફતેહોમાં ઇસ્લામી પરાક્રમી પ્રમદાઓ પ્રાધાન્ય છે. જંગે જમલમાં જો કે હઝરત આયશા(રઝ)નું ફોજ લઇને હઝરત અલી (ક. વ.)ના મુકાબલામાં આવવું એ ધાર્મિક રીતે અમો એક ગંભીર ભુલજ કહીશું પરંતુ તેથી ઇસ્લામી અબળાઓની યુદ્ધ ઉમંગતા કીવાં રણઘેલછા, દ્રઢતા, હિંમત, બહાદુરી, એક પ્રમદા હોવા છતાં પુરૂષની શકતી વીગેરે બાબતો ઉપર પ્રકાશ પાડે છે.

આ લડાઇને જંગે જમલ (ઉંટની લડાઇ) કહેવાનું કારણ એ છે કે હઝરત આઇશા(રઝ) ઉંટપર સવાર થઇને લડાઇમાં લશ્કરને ઉશ્કેરતાં હતાં તેટલા માટેજ આ લડાઇને ઉંટની લડાઇ કહે છે.

હું આ પહેલાંજ કહી ચુકયો છું કેઃ ફતુહાતે વાકેદીનું વર્ણન કબુલ રાખો તો એ માનવું પડશે કે શામની ફતેહોમાં અબળાઓનો મોટો ભાગ છે. ખાસ કરીને ઉમ્મે હકીમ, હીન્દા, ઉમ્મે કસીર, અસમા, ઉમ્મે અબાન, ઉમ્મે અમારા, ખુલા, લબના, અફીરા, આ પરાક્રમી પ્રમદાઓએ ઘણી વેળા એવા પુરૂષાતનથી સંગ્રામ સેવા બજાવી છે કે તે પુરૂષોથી પણ થઇ શકતી નથી.

અતબા બીન ગઝવાન હઝરત ઉમર (રદી.) તરફથી અમીર હતા. અઝદા બીન્તે હારીસ જે તમીમે બરબ કુલદાની પોત્રી હતી અને અતબાની પત્ની હતી તે મદીનતુલ

ફુરઆદના રહેવાસીઓ સામેના મુકાબલામાં પોતાના પ્રાણેશ્વર અતબાની સાથે લડાઇમાં હતી અને પોતાના શુરાતની સંભાષણથી સૈનીકોને ઉશ્કેરતી હતી. ઝરકા, અકરસા, ઉમ્મુલખઇર વીગેરે કેટલીક કામિનીઓએ[૨] એવા એવા જુસ્સાદાર ભાષણો આપ્યાં છે કે તેથી આખી ફોજમાં શર્યરૂપી અગ્નિ પ્રજળી ઉઠયો.[૩]

સને ૧૩૯ હીજરીમાં મનસુરની ખીલાફતના સમયે રૂમના કયસરે મલતીયા ઉપર ચડાઇ કરી તેને ભસ્મીભુત કરી નાંખ્યો. મનસુરે કયસરને અટકાવવા માટે લશકર મોકલ્યું. સાલે બીન અલી, અબ્બાસ બીન મોહમદ સિપેહસાલાર હતા. તે લોકોએ જઇને પ્રથમ મલતીયાને શરણ કરી તેને ફરીથી આબાદ કર્યો અને પછી કુસતુનતુનીયા તરફ પ્રયાણ કરી કયસરનાં બીજાં શહેરો પણ કબજે કરી લીધાં. ઉમ્મે ઇસા બીન્તે અલી અને લુબાબા બીન્તે અલી જેઓ સાલેની બહેનો અને મનસુરની ફુઇઓ હતી તેઓએ એવું પણ લીધું હતું કે જો બનુ ઉમૈયાની હકુમત બરબાદ થઇ જશે તો અમો જેહાદ કરીશું.[૪]

૨ ફતુહુલબીદાન બીલાઝરી પાને ૩૪૩ પ્રેસ યુરોપ.

૩ ઇકેદુલ ફરીદ ભાગ ૧ પાને ૧૨૧ થી ૧૨૪

૪ ઇબ્ને અસીર ભાગ ૫ મો પાનું ૧૯૭

પ્રકરણ ૧૧ મું.

બુખારામાં બાળાઓની બહાદુરી.

સને ૯૦ હીજરી ઈ. સ. ૭૦૯ માં હાકામ વંશીય વલીદ બીન અબદુલ મલીકની ખીલાફતના સમયમાં મુસલમાનોએ બુખારાપર ચઢાઇ કરી મોધારાઇટ વંશના કોતેબા (કયતબા) ને તે ફોજનો સિપેહ સાલાર બનાવીને મોકલ્યો. અરબોમાં અઝદનું કુટુંબ બહાદુરી તથા રણ કઉશલ્યતામાં તે સમાન બીજું કોઇ નહીં હોવાને માટે મશહુર છે. ઇસલામી ફતેહોમાં તેનાં કર્તવ્યો ઘણાં પ્રકાશીત છે.

આ યુદ્ધમાં બુખારાના તુર્ક પણ મોટી તૈયારીઓથી મુસલમાનોના મુકાબલામાં નીકળ્યા. તેઓ સામે પ્રથમ અઝદના કુટુંબીઓએ પોતાને એકલાઓને જોર અજમાવવા માટે પરવાનગી માંગી. કયતબાએ ઘણી ખુશીથી તેમને આગળ વધવાની પરવાનગી આપી. અઝદી આગળ વધ્યા અને ઘણી બહાદુરી તથા હીંમતથી હુમલો કર્યો, પરંતુ મુકાબલો કંઇ સાધારણ સૈન્યથી નહોતો. ! તુર્કોએ એવા જોરથી હુમલાનો જવાબ આપ્યો કે અઝદી પાછળ હઠતા હઠતા છાવણી સુધી આવી પહોંચ્યા. તુર્કોએ આગળ વધીને ઘણાજ શર્યથી હુમલો કરી દીધો.

હવે અરબ અબળાઓએ જોયું કે મુસલમાનોથી વિજયમાળા વીખુટી પડવા ચાહે છે, તેથી તરતજ તે પડદા

પલટન હુમલો કરવાને તઇયાર થઇ ગઇ અને મારી મારીને ઘોડાઓનાં મોઢાં રણભુમિ તરફ ફેરવી દીધાં અને એક શોરબકોર મચાવી દીધો. આ ઉપરથી મુસલમાનોની હીંમત બંધાઇ અને સંભાળથી ફરીને એવી હીંમતથી હુમલો કર્યો કે તુર્કો ફરીને ઉભા ન રહી શક્યા. જો કે આ મોકા ઉપર તરૂણીઓએ તરવાર નથી ઉપાડી છતાં વિજયમાળા તો તે વીર વનિતાઓ કીવાં પરાક્રમી પ્રેમદાઓથીજ મળી શકી છે. જો તે વીર વનિતાઓ હીંમત ન કરત તો મુસલમાન મેદાન છોડી ચુકયા હતા.[૧]

પ્રકરણ ૧૨ મું

ગઝાલા તથા જહીઆની જવાંમર્દી
અથવા
ખારજીઓની ખટપટ.

ઇસલામમાં ખારજીઓનો ફીરકો ઇતિહાસીક નજરે બહુજ પ્રખ્યાત છે. જેનું વર્ણન કેટલાક બીજા ઇસલામી ફીરકાઓ પ્રમાણે ફકત ભયંકર બનાવટ નથી, પરંતુ ઘણી વખતે સલ્તનત તથા જુલમાઓ તેમજ અહંકારીઓના મુકાબલામાં તેણે તરવાર ખેંચી છે. સમાનતાથી યુક્તિબાજ લડાઈ લડવાની અપેક્ષાની દ્રષ્ટીએ તેમની ગરદન હંમેશાં

૧ કમીલ ઈબ્ને અસીર ભાગ ૪ થો પાને ૨૨૨

તલવારના નીચેજ રહી. પરંતુ તેમની દીર્ઘદ્રષ્ટી અને બહાદુરીએ તેમને ઘણા દીવસ સુધી જીવતા રાખ્યા અને અદ્યાપી પર્યંત છે. રાજ્ય પ્રકરણની રીતીએ તેમના વિચારો પુર્ણ રીતે આજકાલના નેશનાલિષ્ટ ફીરકાના બરોબર હતા.

ખારજીઓ દમાસ્કસના ખલિફાના કટ્ટા દુશ્મન હતા. તેઓ બાર્બર જાતી સાથે ભળી ગયા. ખારજીઓ બે વિભાગમાં વહેંચાઇ ગયા હતા એટલે કે અઇશ્વરીક સાશનના પક્ષપાતીઓ અને વિરૂદ્ધ મતવાદીઓ. આ બંને મતાદારીઓને ખલિફા અબદુલ માલેકે હાંકી કહાડયા હતા તેથી તેઓ આફ્રિકા જઇને બાર્બર અને અસભ્ય જાતિના લોકોના નેતા તરીકે ગણાવા લાગ્યા. તે પછી આફ્રિકામાં જે મોટી ભયંકર લડાઇઓ થઇ તે મુખ્ય કરીને ખારજીઓના શિક્ષણથીજ થઇ હતી. સને ૭૭ હીજરીમાં જ્યારે અબદુલ મલીક શામમાં ખલીફા હતા અને હુજ્જાજ સકફી ઇરાકનો ગવર્નર હતો તે સમયમાં શબીબ ખારજીએ મુસીલમ રાજ્ય વિરૂદ્ધ માથું ઉઠાવ્યું. ગઝાલા શબીબની સ્ત્રી તથા જહીઝા શબીબની માતુશ્રી પણ લડાઇમાં સામેલ રહેતી. હુજ્જાજે શબીબના હુમલાને દાબી દેવા એક પછી એક પાંચ સરદારોને મોકલ્યા પરંતુ તેમાંથી એક પણ રણભુમિ ઉપરથી પાછો જીવતો આવ્યો નહીં. તેથી છેવટે અબદુલ મલિકે શામથી લશ્કર મોકલાવ્યું ત્યારે હુજ્જાજે જાતે લશ્કર લઇને ચઢાઇ કરી.

હવે શબીબ મુસલથી નીકળી કુફે ગયો, પરંતુ હુજ્જાજ તેની પહેલાં લશકર સહીત કુફે જઇ ત્યાંના રાજ્ય મહેલ

(કસરૂલ અમારત) માં ઉતરી ચુકયો હતો. છતાં પણ તે ગગન વિહારીણી ગઝાલાએ નીર્ભયતાથી બાધા લીધી કે હું કુફાની જામે મસજીદમાં બે રકઆત નફલ નમાઝ પઢીશ. તેથી સુર્યોદય થતાં ગઝાલા પોતાના પતિ શબીબની સાથે ફકત ૭૦ સીતેર યોદ્ધાઓને લઇને જામે મસજીદમાં આવી. જો કે આખુ શહેર તેઓનું દુસ્મન હતું એટલુંજ નહીં પણ શામી સૈન્ય પણ કુફામાં છાવણી નાંખી પડેલ હતું, છતાં શબીબ તરવાર ખેંચી મસજીદના દરવાજા ઉપર ઉભો થઇ ગયો અને ગઝાલાએ અંદર જઇને નીર્ભયતાથી બે રકઆત નમાઝ પઢી. વળી સાધારણ નમાઝ નહીં પરંતુ પહેલી રકઆતમાં સુરે બકર પઢી અને બીજી રકઆતમાં આલાઇમિરાન કે જેનાથી મોટી કોઇ સુર પાક કુરઆને મજીદમાં નથી. બન્ને અને અઢી સિપારાઓમાં તે પુરી થઇ છે.

ગઝાલા નમાઝથી મુકત થઇને પોતાના ઉતારા ઉપર ચાલી ગઇ અને હુજ્જાજની આખી ફોજ જોતીને જોતીજ રહી ગઇ જયારે રણશુર ફુંકાયો તો હુજ્જાજ કુફા, બસરા અને શામની ફોજ લઇને બહાર આવ્યો. શબીબનું સૈન્ય જો કે તેના મુકાબલામાં બહુજ થોડું હતું, પરંતુ તે બહાદુરીથી લડતું હતું.

હુજ્જાજ પોતાની ફોજની પાછળ જાતે જોશ આપી રહ્યો હતો તેથી તેની ફોજ બરાબર આગળ વધતી ગઇ. તે એટલે સુધી કે હુજ્જાજે ખવારીઝની મસજીદ ઉપર કબજો કરી લીધો. ગઝાલા તથા જહીઝા પણ રણભુમિમાં શુરાતનથી લડી રહી હતી, અને હુજ્જાજે છાની રીતે થોડાક

માણસોને મોકલ્યા, જેઓએ પાછળથી જઇ, ગઝાલાને મારી, ભુમી ઉપર નાખી દીધી. શબીબ પોતાની મરી ગયેલી મહિલાને મુકીને હવાઝની તરફ ચાલ્યો ગયો.

ઇબ્ને ખલકાને લખ્યું છે કે:—જહીઝા પણ આ લડાઇમાં મારી ગઇ પરંતુ ઇબ્ને અસીર અને તીબરીએ લખ્યું છે કે આ લડાઇ પછી શબીબનો ઘોડો ઠોકર ખાઇને દજલા નદીના પુલ ઉપરથી નદીમાં પડી ગયો અને શબીબ બખતર તથા બીજા હથીયારોના ભારે બોજથી તે નદીમાં ડુબીને મરી ગયો. કોઇ વ્યકતી તરફથી તેની માને જાહેર કરવામાં આવ્યું કે શબીબ માર્યો ગયો ત્યારે તેની બહાદુર માતાએ કહ્યું.

" શબીબ જેવો વીરનર માર્યો જાય, એ જો મોભનાં પાણી નેવે ચઢે, સુર્ય પશ્ચિમ દીશાએ ઉદય થાય, એ જો સંભવિત હોય તોજ મારો શુરવીર શબીબ માર્યો ગયાનું સંભવિત હોય. "

આખરે જ્યારે બીજાઓએ કહ્યું કે શબીબ માર્યો ગયો નથી પરંતુ અચાનક ડુબી જવાથી તેનું મરણ નીપજેલ છે ત્યારે તેણીએ કહ્યું કે તે સંભવીત છે.

આ બનાવ ઉપરથી તેની માતુશ્રીની મરદાનગી તથા દ્રઢતા સાથે એ પણ સિદ્ધ થાય છે કે તે છેવટ સુધી જીવતી હતી.

કેટલીક લડાઇઓમાં હુજ્જાજ અને ગઝાલાનો ભેટો થયો છે પરંતુ હુજ્જાજ મુકાબલો ન કરી શકયો અને ભાગી નીકળ્યો. જો કે તે એજ હુજ્જાજ હતો કે જેનાથી

આખું ઇરાક અને હીજાઝ પ્રદેશ કાંપતું હતું. એક શાયર તેજ બનાવને લક્ષીને હુજ્જાજને તીવ્ર વાક્ય બાણથી આર ચડાવે છે.[1]

શએર.

અસદુન અહલયા વઅલ હુરુબેન આમતુન
ફતખાઓ તશફેરુન મીન શગીરીત સાફીરી
હલા બરઝત ઇલા ગઝાલ ફીન વગી
બલકાના કલબેઝા ફીજના હીત તાએરી.

અર્થાત—હે! હુજ્જાજ, મારા ઉપર તું સિંહસમાન છે પરંતુ લડાઇમાં બીકણ અને આળસુ શાહમૃગ પ્રમાણે બકરા જેવો થઇ જાય છે. હુજ્જાજ તું રણક્ષેત્રમાં ગઝાલાના મુકાબલામાં કેમ ન નીકળ્યો? અરે પણ નીકળે કેમ? તારૂં હૃદય તો ધડકી રહ્યું હતું!

પ્રકરણ ૧૩ મું.

ફારેઆની ફિદાગીરી.

ઇસલામીયોના એક વિભાગ, ખારજી પંથની ફતેહમંદીનું વૃતાંત ગયા પ્રકરણમાં આપણે જાણી ચુકયા. આ બીજો બનાવ પણ તેજ ફિરકાની એક અબળાની અત્યુતમ યુદ્ધ ઉમંગતા સબંધીનો છે.

---

૧ ઇબને ખલકાન ભાગ ૧ લો પાને ૨૨૩. બીજી હકીકત તવારીખોમાંથી લીધી છે.

" સને ૧૭૮ હીજરીમાં હારૂન અલ રશીદના જમાનામાં વલીદ બીન જરીફ ખારઝીએ ખાબુર અને નસીબેનમાં બળવો ઉઠાવ્યો. આ બળવાને શાન્ત પાડવા દરબારના એક પ્રસિદ્ધ સરદાર યઝીદ શેબાનીને મોકલ્યો. થોડોક મુકાબલો થયા બાદ ખારઝીઓ પરાજય પામ્યા અને વલીદ માર્યો ગયો.

આ સમાચાર જ્યારે વલિદની બહેન ફારેઆને મલ્યા ત્યારે તેને ત્યાંથી નાસી છુટવાની કેટલાકોએ સલાહ આપી, તેને ધિક્કારતાં તે કહેવા લાગી કેઃ—

" શું હું અહીંથી નાસી છુટી એકલીજ દુઃખ મુકત થાઉં ! ના ! કદાપિ નહીં ! કોઇ કાળે નહિ ! શું વીર ઇસલામી અબળાનું કર્તવ્ય આ છે ? ઇસલામી અબળા રણમાંથી પલાયન કરવા જન્મે છે ? ના ! તે રણમાં ઝુઝવા, મરવા, વીરને જન્મ આપવા જન્મે છે, માટે હું તો યુદ્ધમાંજ જઇશ. " એમ કહેતાં તેણે પોતે બખતર પહેરી સઘળાં હથીયાર ધારણ કર્યાં અને એક વીર યોદ્ધા તરીકે આ વીર વનિતાએ ઘોડા ઉપર સ્વાર થઇ, શાહી લશ્કર ઉપર હુમલો કરી, કેટલાકને શહીદ કર્યા. આખરે યઝીદ, બીજાઓને હઠાવીને પોતે તેના મુકાબલામાં આવ્યો અને ફારેઆના ઘોડાને એક નેઝો (ભાલો) મારી કહ્યું " ફારેઆ તમે કેમ તમારા ખાનદાનને બદનામ કરો છો ? એક અબળા થઇને યુદ્ધ ઉમંગ શા માટે રાખો છો ? જાઓ, પાછાં જાઓ. "

ફારેઆ નિરાધાર થતાં મેદાનથી પાછી ફરી, પરંતુ તેની આંખોમાંથી અશ્રુધારા વહેતી હતી, એટલુંજ નહીં પણ તેના મુખમાં આ હૃદયદ્રાવક અસરકારક અશઆર હતા.

" ફયા શજરૂલ ખાબુરે માઅલીકા મુરના,
કાઅન કલ્લમ તુજઝા અલીબીન તરીફ;
ફતા લા યે હીબ્બુઝ ઝાદો ઇલ્લામનીતતકા,
વલ્લલમાલો ઇલ્લા મનકનાદા સુયુફ;
ફકદના કાફુકદાનુસ શમાબો વલયતના,
પદયના કામીન પીત્યાનેના બે ઉલુફ;
અલયહી સલામુલાત કફનાતે,
અહીલ મોતો વેકાઅનબી કુલ્લે શરીફ. "

અર્થાત.

" અય ખાબુરના નીર્લજ વૃક્ષો તમોને જાણે વલીદના મોતનો ગમજ (શોક) ન હોય તેમ હજુ કેમ લીલાં છો ! વલીદ એક એવો મહાન શુરવીર નર હતો જે દ્રવ્યની દોલત કરતાં, શૌર્ય, તેગ, તેમજ નેઝાની દોલત પસંદ કરતો હતો. એ વલીદને, અમે જેવી રીતે મનુષ્ય યુવાવસ્થા ખોઇ બેસે છે તેવીજ રીતે ગુમાવ્યો છે. અમો તારા એક પ્રાણ માટે અમારા હજારો પ્રાણનું બળીદાન આપવાને તત્પર છીએ. વલીદપર ખુદાપાકની રહેમત હોજો. મોત એક દીવસે દરેક મનુષ્યને આવવાનું છે. "

આ સંપૂર્ણ મરસીઓ એવો તો શૌર્યત્પાદક તથા અસરકારક છે કે ધર્મ ઉપદેશકો (ઉલ્માઓ) હવે તેનેં માનની નજરોએ જુવે છે.

અબુ અબી કાલીએ પોતાના એમાલી નામના ગ્રંથમાં તેનું અનુકરણ કરેલ છે. ઇબ્ને ખલકાનએ લખ્યું છે કે ફારેઆનો મરસીયો ખુનસાના મરસીયા સમાન છે.

આ મરસીયાની પહેલી કડી એવી ઉત્તમ છે કે દુન્યાના ઘણા ધર્મ ઉપદેશકો તેને જાણી બુજીને અજાણ થઇ દ્રષ્ટાંતમાં મુકે છે.

વલીદની આ બ્હેનનું નામ ઇબ્ને ખનકાનએ શારેઆ તથા ફ્રાતેમા લખ્યું છે પરંતુ ઇબ્ને અસીરે તેનું નામ લેલી બતાવ્યું છે.

ઇબ્ને ખુલદુનએ આ બનાવનું વ્રતાંત લખેલ છે પરંતુ તેનું નામ લખેલ નથી. છેવટે અમને કામથી ગરજ છે, નામ કંઇ પણ હોય !

પ્રકરણ ૧૪ મું.

સલીબી જંગમાં સ્ત્રીઓનું શુરાતન.

મધ્યકાળમા સલીબીજંગ (ધાર્મીક લડાઇ) નો જોશ ફક્ત ઇસાઇ પુરૂષોની અંદરજ આવી રહેલો હતો એવું નહોતું પરંતુ ઇસાઇ ઓરતો સુદ્ધાંત શુરવીર હતી. અને અમ્માત કાતિબના કહેવા પ્રમાણે ઘણી ઇસાઇ અર્ધાંગનાઓ રણક્ષેત્રમાં સામેલ રહેતી. જો કે સઘળા મુસલીમોમાં ધાર્મિક લડાઇના મુકાબલામાં જોશ ફેલાયો નહોતો, તેમજ મુસ્લિમ મહીલાઓ તેનાથી બેભાન હતી, તેરા સંજોગોમાં એક વેળા ઉસામાં નામનો એક મુસલીમ અમીર જ્યારે સલીબી જંગમાં સામેલ થયો ત્યારે તેની માતા

તથા બહેન પણ તેની સાથે સામેલ હતી. બંને બરાબર હથીયાર લગાવીને ઉસામાની સાથે સાથે ઇસાઇયોપર હુમલો કરવામાં તેને મદદ કરતી.[૧] મુસલમીન માતાઓના એવાજ ધાર્મિક જોશની એવી અસર હતી કે તેઓના ઉદરથી જન્મેલ નાના નાના વીર બાળકો સુદ્ધાંત તેવા જોશની અભિલાષા રાખતા હતાં.

ઇસાઇઓ લાંબાકાળ સુધી એક્રાને ઘેરો ઘાલીને પડયા હતા. જ્યારે તે થાકી ગયા અને તેઓએ જોયું કે હવે મુસલમાનો સાથે મીત્રાચારી કર્યા વીના છુટકો નથી, ત્યારે તેઓ મુસલમાનોની ખુશામત કરી તેમનાથી વધારે સંબંધ રાખતા ગયા. જ્યારે તેઓ બંનેમાં ભાઇચારો તથા સંપ થઇ ગાઢ સંબંધ થયો ત્યારે તેઓએ એવી ઇચ્છા જાહેર કરી કે ઇસાઇ બાળકો તથા મુસલમાન બાળકોને એક બીજા સાથે દ્વંદ્વ યુદ્ધ કરાવી તેમના બળની પરીક્ષા કરવી. આખરે બંને પાર્ટી સંમત થવાથી કેટલાક ઇસાઇ બાળકો ત્યાંથી નીકળ્યાં અને કેટલાંક મુસલમીન બાળકો અહીંથી નીકળ્યાં. આ વખતે એક રાંડીરાંડ અરબ અબળાના બે નાના બાળકોએ પણ આ યુદ્ધમાં જવાની માંગણી કરી, ત્યારે તે અબળાએ કહ્યું "નહિ, બેટા, અદ્યાપિ તમો બહુજ નાના છો, ઇસાઇ બાળકો તમારાથી મોટા છે એટલે તમો ત્યાં જવાને યોગ્ય થયા નથી, માટે જાઓ અહીં મોહલામાં રમો કુદો."

---

૧ આ વૃતાંત એહમદ બકઆન ઇફરીની "હુકુકુલ મિરઆને વલ ઇસલામ" નામના ગ્રંથમાંથી લીધેલ છે.

"ના, ના, અમ્માં અમે તો અવશ્ય અમારા મિત્રો સાથે મેદાને જંગમાં જઇશું. શું! અમે અરબની ઓલાદ નથી? શું અમારા અંગમાં લડવાની શક્તિ નથી? અમ્માં, અમો તમારૂં પીધેલ દુધ હલાલ કરી ફક્ત અમો બંને ભાઇયોજ આઠ દશ ઇસાઇ બાળકોને હરાવવા શક્તિવાન છીએ, માટે અમારા ઉત્સાહનો ભંગ ન કરો અને અમને અમારા મિત્રો સાથે જવા દો. અમ્માં, તમે જોજો તો ખરાં કે અમે મેદાને જંગમાં કેવી વિરતા બતાવીએ છીએ? અમ્માં આપના ગર્ભમાંથી અમે બ્યર્થ જન્મ લીધો નથી! અમે માતાની કુખને કદાપિ કલંકિત કરવાના નથી! અમે મેદાને જંગમાં મરદાનગી બતાવીને તમારા નામને ઉજવળ કરીશુ."

તે વીરમાતાના નેત્રોને હર્ષમાં આંસુ આવી ગયાં, હર્ષાતિરેકથી તેનું ગળું ભરાઇ આવ્યું અને તે મંદ સ્વરથી પુત્રોને ધન્યવાદ આપતી કહેવા લાગી. "શાબાસ, બહાદુર બાળકો, શાબાસ! આજે તમારા આ વીરતા સુચક વાક્યો અને આ ઉદગારોનું શ્રવણ કરીને મારા સ્ત્રી જન્મની સાર્થકતા થએલી હું જોઇ શકું છું. એટલુંજ નહી પણ આજે તમારી આ વીરતાથી તમારા પિતાની રૂહ મુબારક પણ રાજી થઇ હશે. મારા બહાદુર વહાલાં બાળકો જ્યારે તમારી પુર્ણ ઇચ્છા છે તો તમો ખુશીથી જાઓ. તમારૂં નામ નિષ્કલંક અને અમર રહેજો.

આ બાળકો પણ બાળ યુદ્ધમાં ગયા. ઘણો વખત મુકાબલો રહ્યો. આખરે ઇસ્લામના તે નાના હાથોએ તે મસીહી બેટાઓની જમણી બાજુને (ઇસા. અલે. ના બેટાઓ

સમાન ઇસાઇ બાળકોની હારમાંથી જમણી બાજુના બાળકોને) પકડી પકડીને સીંદરીથી બાંધી દીધા.[૧]

વાંચક ! આ ઉપરથી જોઇ શકશો કે પ્રાચીન કાળમાં ઇસલામી બચ્ચાંઓ સુધ્ધાંત કેવા પરાક્રમી તથા ઉત્સાહી હતા તે આ બનાવ ઉપરથી સહેજે સમજાઇ આવશે. તેનું કારણ બાળ વયથીજ તેમને યુધ્ધનું શિક્ષણ આપવામાં આવતું હતું.

પ્રકરણ ૧૫ મું.

રજીયાની રણ કૌશલ્યતા.

ઇસલામના ઇતિહાસીક જાહોજલાલીના વર્ણનોમાં બહુધા કરીને હીંદુસ્તાનનું વર્ણન આવતું નથી પરંતુ આ ખાસ લઘુ વિષયમાં હવે તેનુંજ નામ આવશે.

હીંદુસ્તાનની ઇસલામી ત્વારીખમાં ઘણીખરી એવી મુસલમીન મહિલાઓનાં નામ દ્રષ્ટીગોચર થાય છે કે જેનાં સાહસ, ઉત્સાહ, પરાક્રમ વીગેરે પુરૂષોના મુકાબલામાં કેવાં શ્રેષ્ઠ સાબીત થાય છે.

શાહે અલ્તમસની દીકરી રજીયા સુલતાના જેણે ઇસલામી સુલતાનાઓમાં જો કે ટુંક વખત રાજ્ય ચલાવેલ છે, તોપણ સઘળી સુલતાનાઓ કરતાં શ્રેષ્ઠ રાજ્ય ચલાવેલ છે.

૧ અલફતહુલ કુસ્સી રીસાફતહીલ કુદસી.

ઇબ્ને બતુતા જે મહમદ તઘલખના સમયમાં હિંદુસ્તાન આવ્યો હતો તેણે લખ્યું છે કેઃ--

"રજીયા પુરૂષના પોષાકમાં સઘળાં હથીયાર લગાવીને ઘોડા ઉપર સવાર થઇ બહાર નીકળતી હતી."

શહેનશાહે હિંદનો રીવાજ હતો કે તેઓ શિકારની સહેલગાહે જતા તો સઘળી બેગમો તથા દાસીઓ પણ સાથે રહેતી હતી. એક વેળા અલ્તમસ સિંહના શીકાર માટે ગયો હતો. બેગમો પાછળ હતી તેવામાં એક સિંહ ઝાડીમાંથી નીકળીને બાદશાહ ઉપર હુમલો કર્યો. પરંતુ સિંહણરૂપી રજીયાએ એવો તો સખ્ત તરવારનો પ્રહાર કર્યો કે સિંહ અધમુવો ધરણીપર ઢળી પડયો.

રાજ્યાસનપર બિરાજીને રજીયાએ એવો તો રોબ ધારણ કર્યો કે અમીર સરદાર વીગેરે તેનાથી કાંપતા હતા. કેટલાક અમીરોએ આવી સ્થીતી જોઇ વીરૂદ્ધતા ધારણ કરી. નીઝામુલ મુલ્ક વઝીરે સલ્તનત, મલીક અઝ્ઝુદીન, મલીક સઇફુદીન, મલીક અલાઉદીન વીગેરે જે રાજ્યના સ્થંભરૂપ હતા તેઓ વિરૂદ્ધ થઇ ગયા. તે વિરૂદ્ધતાએ દુશમનીનું રૂપ ધારણ કર્યું તેથી તેઓ દિલ્હીની બહાર ફોજ લઇને પડયા હતા. રજીયાની મદદ માટે જેઓ બહારથી આવતા તેને પણ ફુટવીને તેઓ પોતા સાથે ભેળવી લેતા, તે છતાં રજીયાએ રણ કઉશલ્યતા બતાવી, એવા ઉત્તમ ઉપાયો યોજી, બહાદુરીથી દુશમનોને એવા પાયમાલ કર્યા કે તેઓ આમ તેમ ઠોકરો ખાતા ભટકતા રહ્યા પરંતુ તેમને મદદ મળી નહી.

સને ૬૩૭ હીજરીમાં જયારે લાહોરના હાકેમે માથું

ઉઠાવ્યું તો પોતે ફોજ લઇને યુદ્ધ કરવા નીકળી પડી: અને એવી તો રણ કઉશલ્યતા બતાવી કે લાહોરના હાકેમનો પરાજય થયો.

ત્યાર બાદ ભટીંડાના ગવરનરે જ્યારે તેના ઉપર ચડાઇ કરી તે વખતે પણ પોતે ફોજ લઇને નીકળી પરંતુ પોતાના નોકરોની નીમકહરામીથી થયેલ દગાને પરિણામે રસ્તામાંજ તે કેદ થઇ ગઇ અને તેની જગ્યોએ દિલ્હીમાં તેના ભાઇ મોઇજ્જુદીનને લોકોએ રાજ્યાભિષેક કરી ગાદીએ બેસાડયો.

રજીયા જ્યારે કેદથી છુટી ત્યારે ફરીથી, એક સૈન્ય તઇયાર કરી બે ત્રણવાર દિલ્હીના તખ્ત માટે લડી પરંતુ રજીયાની ફોજ બીલકુલ નવી ભરતીની હોવાથી વ્યુહ રચનાથી અગ્નાત હોવાને લીધે પરાજય પામતી.

પ્રકરણ ૧૬ મું.

ગુલબેહસ્તની બહાદુરી.

મહાન સુલતાન અલાઉદીનના સમયનો એક આશ્ચર્યકારક મહાન બનાવ એ છે કે જેનાથી ઇસલામી હીંદુસ્તાનનો ઇતિહાસીક દબદબો કેવો વૃદ્ધિ પામેલ હતો. શાહાને હિંદના વિભાગમાં અલાઉદીન ખિલજીની મહાન મુર્તિ અધિકપદ ભોગવે છે. તેના ઇતિહાસ ઉપરથી તે ખિલજી વંશ ભુષણ ઇસલામી દેશના તારક, શત્રુદલ સંહારક અને

ઇસલામી કુલોધ્ધારક દ્રષ્યમાન થાય છે.

આ મહાન સુલતાને તાતારનો જોસભેર પુર કે જેને બગદાદ અને ખારઝમના મજબુત કિલ્લાઓ હઠાવી શકયા નહોતા અને ન તો ચિનની મહાન દીવાલો રોકી શકી હતી અને ન તો ઈરાન તથા રૂસની તાકતો દબાવી શકી હતી, તેવા મહાન દેશને પ્રબળ પરાક્રમતાથી પાછો હઠાવી દીધો, ત્યારે તેને સીકંદરે આઝમની આલમગીર હકુમતના (સીકંદરે આઝમની દુન્યાની હકુમત) તર્ક ઉત્પન્ન થયા. એક દિવસે તેણે દરબારમાં વાત ઉપરથી વાત નીકળતાં કહ્યું કે "હવે હિંદુસ્તાનમાં કોઇ એવું રાજ્ય નથી કે જે મારા થી જીત મેળવે. આ સમયે કિલ્લે જાલોરનો રાજા કાનીયર દેવ દરબારમાં હાજર હતો તેણે અભિમાનથી કહ્યું કે "જાલોરનો કિલ્લો કદી પણ શરણે થઇ શકતો નથી." આ સાંભળી સુલતાન અલાઉદ્દીન ગુસ્સે તો થયા પરંતુ તેણે તે સમયે એક શબ્દનો ઉચ્ચાર પણ કર્યો નહીં. બે ત્રણ દિવસ બાદ રાજાને દિલ્હીથી રજા આપવામાં આવી અને તેને કહેવામાં આવ્યું કે "રાજાજી હજુ અભિમાન ધરાવી અમારા સાથે લડાઇ કરવાને સામર્થ્યવાન છો એવી વિરતાનો ફાંકો રાખો છો તો હું તમને નોટીસ આપું છું કેઃ—મારા તરફથી કોઇ પુરૂષ તો શું પરંતુ મારી એક લોંડી રૂપી જોરૂ જાલોર ફતેહ કરવાને સમર્થ છે માટે તમારે જાલોરનો જે પ્રમાણે બચાવ કરવો હોય તે પ્રમાણે ત્રણ માસમાં બચાવ કરી લેજો." અલાઉદ્દીને અલ્ટીમેટમ આપતાં કહ્યું.

ત્યારબાદ ત્રણ માસ પછી સુલતાને પોતાની એક લોંડી કે જેનું નામ ગુલબહેશ્ત હતું તેને સિપેહસાલારીણી બનાવીને જાલોર ઉપર ચડાઇ કરવાને મોકલી દીધી.

ગુલબહેશ્ત પોતાના લશ્કર સહીત વીજળી પેઠે જાલોર પહોંચી અને પ્રારંભમાંજ એવું શૌર્ય બતાવ્યું કે:—રાજાજી મુકાબલો કરી શકયા નહીં અને કિલ્લેબંધ થઈ ગયો. ગુલબેહશ્તે તેને ઘેરી લીધો અને એવી બહાદુરી તથા હિંમતથી તેણીએ કિલ્લા ઉપર હુમલો કરવો શરૂ કર્યો કે રાજાજીનું અભિમાન ઉતરી ગયું. કિલ્લો શરણ થવાની અણી ઉપર હતો કે એકાએક ગુલબેહશ્ત અથાગ શ્રમને લીધે બીમાર પડી અને એવી ભયંકર બીમારીમાં પટકાઇ પડી કે તે ફરીને ઉઠી ન શકી. ગુલબહેસ્ત બીજું બધું કરી શકતી હતી પરંતુ યમરાજના યુધ્ધને રોકી શકતી નહોતી. આખરે યમરાજે (મલેકલમોતે) તેના પ્રાણ હરી લીધા.

ગુલબહેસ્તના કુદરતી મરણથી રાજાજી હીંમતમાં આવી ગયા અને કિલ્લો ઉઘાડીને શાહી લશ્કરને તેણે ઘણું પાછું હઠાવ્યું અને તેમાં ગુલબહેસ્તનો લખ્તેજીગર (દીકરો) શાહીન માર્યો ગયો.

આખરે દિલ્હીમાં આ સમાચાર પહોંચતાં ત્યાંથી નવા સિપેહસાલાર તરીકે કમાલુદીન આવી પહોંચ્યા અને તેણે જાલોરને ફતેહ કરી લીધો.[1]

૧ તારીખે ફરીશ્તા ભાગ ૧ લો પાને ૧૨૮

પ્રકરણ ૧૭ મું.

નુરજહાંની જવાંમર્દી.

સાતમી સદીની આખરમાં અને આઠમી સદીની શરૂઆતમાં દુનીયાનું એક આશ્ચર્યકારક પરીવર્તન થયું. અમીર તૈમુર શું હતો ? તે ઇરાનના અરણ્યમાંથી એક નવીન સુર્યનો ઉદય થયો હતો. જેના તેજોમય કિરણો વડે તુર્કની મજબુત સલ્તનત હચમચી ગઇ. દમિશ્ક તથા અરબ ધ્રુજી ગયા, તઘલખ ખાનદાનરૂપી પ્રભાતના પ્રકાશનો લોપ થયો અને મુગલે આઝમની સલ્તનતના સુર્યનો ઉદય થયો કે જેનાથી ઉચ્ચાં દરજ્જાની કોઇપણ હકુમત હીંદુસ્તાનમાં કાયમ થઇ નહી.

જો કે આ વિજયનું ફળ ખુદ તૈમુરીવંશને પુરા સવાસો વર્ષ પછી પ્રાપ્ત થયું તો પણ તે મુદત દરમ્યાન સૈયદ તથા લોદીની હકુમતનો જમાનો તે તૈમુરી તવારીખની શરૂઆત હતી, જેનું અધ્યક્ષ પદ ઝહીરૂદ્દીનશાહ બાબરના નામથી દીપે છે. પરંતુ શું આ વિજયમાં વનિતાઓની કંઇ કોશીશ સહાયભુત નહોતી ? બેશક હતી. અમીર તૈમુરના જહાંગીરી લશ્કરમાં (દેશ જીતી લેનાર લશ્કર) ઘણી ઇસ્લામી અબળાઓ હતી જે રણક્ષેત્રમાં લડતી હતી અને હુમલાઓમાં ધ્રુસ્તી હતી. બહાદુર લશ્કરોથી મુકાબલો કરતી, તેમજ તલવારો ચલાવતી હતી, ભાલા ભોંકતી હતી,

ર મારતી હતી, ટુંકાણમાં કોઇપણ વાતમાં મરદોથા તરતી નહોતી. તૈમુરી ઝગડાઓમાં તે મહિલાઓનું પ્રાધાન્યપદ નથી ![2] બેશક છે. તૈમુરી કુળનો હરએક શાહઝાદો ણોજ બહાદુર હતો પરંતુ તમો શું અન્યાય કરી શકો તૈમુરી શાહઝાદીઓને તેમના વારસથી વિમુખ કરી દીયો ?

બાબરનામા, હુમાયુનનામા અને તઝકેરે જહાંગીરી જુઓ. રેક જગ્યાએ જોશો કે તૈમુરી તરુણીઓ બરાબર હથીયાર ારણ કરતી હતી, ઘોડાઓ ઉપર સ્વાર થતી હતી, ીકાર કરતી હતી, સિંહને સ્વધામ પહોંચાડતી હતી, ઘોડ-ડ રમતી હતી, તીર ફેંકતી હતી. તાત્પર્ય એ કે—ફુન્નેહ, સેપેહગીરી અર્થાત લડાઇના હુન્નરથા તે સારી રીતે માહિ-ગાર હતી. તઝકેરે બાબરી તરફ દ્રષ્ટિ દોરવાથી જણાશે બાબરને જે વિજયમાળા કાબુલ, સમરકન્દ, ફરગાનાં ગેરે સ્થળે મળી તેમાં ઇસ્લામી ભગિનીઓનો પણ ાગ હતો.

નુરજહાન તૈમુર તેમ બાબરની બેટી નહોતી પરંતુ ુ (દીકરાની વહુ) હતી. પરંતુ તે દરેક વખતે હાથી પર સ્વાર થઇ સિંહના શિકાર માટે જંગલમાં જતી તી અને એક એક ગોળીથી સિંહને સ્વધામ પહોંચાડી તી હતી. જહાંગીર " તઝકે જહાંગીરી "માં નુરજહાંના શકારની સહેલગાહ માટે અભિમાનથી એક જગોએ ખે છે કે:—

૨ અન્તયમુલ મક્દુર ઈબ્ને અરબશાહ પાને ૨૩૩

" એક વખતે હું શિકારે નીકળ્યો. મારી સ્વારીમાં એક હાથી ઉપર હું અને રૂસતમખાન હતા અને બીજા હાથી ઉપર નુરજહાન હતી. સામી ઝાડીની અંદર એક સિંહ છુપાઇને બેઠો હતો. હાથીને શેર (સિંહ) ની વાસ આવવાથી તે ધ્રુજવા લાગ્યો. આવા ભયંકર સંજોગોમાં નિશાન તાકવું અને તે પણ વળી અંબાડીમાં બેસીને તાકવું એક મહા કઠીન કાર્ય છે. નિશાનબાજીમાં મારા સાથી રૂસતમખાનનો કોઇ બરોબરીયો નહી હતો પણ તે હાથીપર બેસીને શિકાર કરતી વેળા ઘણીવાર ત્રણ ત્રણ ચાર ચાર ઘા ચુકી જતો હતો, પરંતુ નુરજહાંએ તો અંબાડીમાં બેઠાં બેઠાં પહેલાજ અવાજમાં તે સિંહને પુરો કરી દીધો.[1]

એક વેળા નુરજહાં જહાંગીરની સાથે શીકારે ગઇ. હાથી ઉપર તે સ્વાર હતી. સામેથીજ ચાર વિકાળ સિંહ ગર્જના કરતા નીકળ્યા પરંતુ નુરજહાંના કપોળ પ્રદેશ ઉપર કરચલી કીંવા કંઇ પણ ભયદર્શક ચિન્હ દ્રષ્ટીગોચર થયાં નહીં, પરંતુ તેણે ઘણી ધૈર્યતાથી બંદુક ચલાવી અને બે સિંહને એકેક ગોળીમાં તથા બાકીના બેને બબ્બે ગોળીમાં ઠાર કીધા.

આ પરાક્રમતાથી જહાંગીરને અગાધ આનંદ થયો તેની ખુશાલીમાં કેટલાક કીંમતી દાગીના નુરજહાંને ઇનામ આપ્યા. આ સમયે એક શાયર તેજ વેળા એક શેર જોડી કાઢી બોલ્યો.

૧ તુઝેક જહાંગીરી પાનું ૨૭૯.

" નુરજહાં ગરચે બસુરત ઝનસ્ત
દર સફે મરદાં ઝને શેર અફગનસ્ત."

" અર્થાત.

નુરજહાં જે પ્રથમ અલી કુલીખાન શેર અફગનની અર્ધાંગ્ના હતી તેથી તે ઉપરના શેરમાં " ઝને શેર અફ-ગન " વાળા શબ્દોએ તે શેરને શ્રેષ્ઠ બનાવી દીધો છે. જહાંગીરના છેલ્લા સમયમાં નુરજહાંના ભાઇ આસુફખાંના કારણથી નુરજહાં તેમજ જહાંગીર એ બંનેનાં મન, મહો-બતખાનને માટે સાફ ન હતાં. આસુફખાનની તો એ કોશી-શજ હતી કે મહોબતખાન બેઇજ્જત થાય તેથી એક વેળા જહાંગીર ભર નદીના પાસે તંબુ નાંખી પડયો હતો તે સમયે એક દીવસ પહેલાંજ આસુફખાં લશ્કર સહિત નદીની પેલીપાર ચાલ્યો ગયો. મહોબતખાંએ આ મોકો સાંધીને જહાંગીરને કેદ કરી લીધો.

નુરજહાંન પણ સંજોગો મળતાં તે નદીની પેલીપાર જઇ ફોજની સાથે મળી ગઇ અને ત્યાં તેણે " ઉમરાવ અયને દોલત " ને તેડાવીને સખ્ત ઠપકો આપ્યો કે ફક્ત તમારી બેદરકારીથી બાદશાહ કેદ થયા છે. તેમણે હીંમતથી કહ્યું કેઃ—કાલે પ્રભાતમાંજ હજુરની સાથે કુલ ફોજ સહિત નદીની પેલીપાર જઇ ગમે તેમ કરીને પણ બાદશાહને કદમ બોશી કરવી એજ ઉત્તમ માર્ગ છે. સવારે પ્રભાતમાંજ આખું લશ્કર તઇયાર થયું. મહોબતખાને પુલતો પ્રથમથીજ બાળી નાખ્યો હતો તેથી સ્વારોએ પોત પોતાના ઘોડા તથા હાથી સાથે ઝંપલાવ્યું. નુરજહાં પણ એક હાથી ઉપર

સ્વાર હતી. તેની સાથે શાહજાદા શહેરયારની બેન અને શાહ નવાઝખાનની દીકરી પણ હતી. હજુ બાદશાહી લશ્કર નદીમાં હતું કે મહોબતખાંએ હુમલો કરી દીધો. એક તો લશ્કર નદીમાં જુદું જુદું વહેંચાએલું હતું અને આમ થવાથી વધારે ગભરાટ ફેલાઇ ગયો. નુરજહાંએ ખાજા અબુલ હસન તથા મોતમીદખાનને કહેવરાવી મોકલ્યું કે—અફસોસ ! તમો એક પરાક્રમી પુરૂષ થઇને જુઓ છો શું ? તમે પણ સામે જવાબ આપો, નહીં તો આવી જાઓ પાછળ. ચાલો, હુંજ સેનાધીકારીણી થાઉં છું. એમ કહી તે આગળ વધવા જતી હતી કે મહોબતખાનના સ્વારોએ આવીને નુરજહાંના હાથીને ઘેરી લીધો. નુરજહાંની અંબાડી તીરનું સરસંધાન થઇ ગઇ; એટલે સુધી કે એક તીર અંબાડીની અંદર પણ આવી પહોંચ્યું અને શાહઝાદીના પડખામાં ભોંકાઇ ગયું તેથી લુગડાં લોહીમાં તરબોળ થઇ ગયાં. આવો મામલો જોઇ નુરજહાં હીંમત હારી નહીં. તેણે બહાદુરી તથા દ્રઢતાથી તીરને પોતાના હાથે કાઢી બહાર ફેંકી દીધું. તેના સાથે તેના ગુલામ હતા તે પણ કામ આવી ગયા. તેનો હાથી પણ જખમોથી ચુર થઇને ભાગી નીકળ્યો. આખરે મોટી મુસીબતથી તે પોતાના મુકામે પહોંચી, અગર જો હાથી ત્યાંજ સ્થીર રહેતે તો નુરજહાં લડવામાં પણ જરાએ ઢીલ ન કરત એવો સંભવ હતો.[1]

મિરઝાં હાદીએ તઝકેરે જહાંગીરીની છેવટમાં એક અબળાની બહાદુરીનું આશ્ચર્યકારક વર્ણન લખેલ છે તેમાં જો કે તેની ટેવની બુરાઇનો પણ ઉલ્લેખ કરેલો છે.

---

1 તઝકરે જહાંગીરી પાને. ૪૦૪-૪૦૫

પ્રકરણ ૧૮ મું.

હમીદ બેગમની હીંમત.

જહાંગીરના જમાનામાં દોલતાબાદનો કીલ્લો નીઝામુલ-મુલ્કથી સબંધ રાખતો હતો, અર્થાત તેના તાબામાં હતો. હમીદખાન હબશી નિઝામુલ-મુલકના દરબારનો વકીલ હતો. મહેલમાં તેની બીવીનો સંપુર્ણ દખલ હતો. જો કે તે એક સાધારણ સ્ત્રી હતી છતાં પણ ધીરે ધીરે નિઝામુલ મુલ્કના દરબારમાં એનો એટલો બધો વિશ્વાસ તથા માન વધ્યું કે જ્યારે તેઓ સવાર થઇને નીકળતા હતા ત્યારે સરદારની ફોઝ વોલ્દ ઉમરાએ દઉલત, તેમની બાજુમાં પેદલ ચાલતા હતા.

નિઝામુલ-મુલ્ક આ બંને મીયાં બીબીના હાથમાં એક પુતળાં સમાન હતો. આ સમયમાં આદીલખાને એક મોટું લશ્કર નિઝામુલ-મુલ્ક સામે લડવાને મોકલ્યું. નીઝામ-ઉલ-મુલ્કને ચિંતા થઇ કે આના મુકાબલામાં કોને મોકલવો? આવી સ્થીતી જોઇ હમીદ બેગમે હિંમત તથા દ્રઢતાથી કહ્યું "લાહોલવલાહ ! બાદશાહ સલામત, એવા ક્ષુદ્ર વિચારોને હૃદયમાં સ્થાન આપી નકામી ચિંતા શા માટે વહોરી લો છો! મારા પ્રાણનાથને મોકલો અને જો તે રણમાં શત્રુ ચાલત કરી રોળાય (શહીદ થાય) તો એક વીર વલ્લભની વિધવા થવામાં પણ હું મારૂં ગઉરવ સમજું છું.

પતિની સેવા કરવી, તેની આજ્ઞાને આધીન રહેવું, ગૃહ કૃત્યમાં તેને સહાય આપવી અને દેશોધ્ધારના કાર્યમાં પણ તેની અંગભુતા થઇને રહેવું એજ કુલીન કામિનીઓનાં કર્તવ્યો છે. સ્ત્રીઓએ દેશ પતિના સુખ અને દુઃખ ઉભયમાં એક સરખો ભાગ લેવો જોઇએ. અમારી નસેનસમાં તમારૂં નમક છે, તેથી આ યુધ્ધમા લડીને હુંજ મારા પ્રાણનું બળીદાન આપવા ઇચ્છું છું માટે આ લશ્કરના મુકાબલામાં હું જાતે જઇશ. જો જીતી તો જીતી અને અગર જો હારી ગઇ તો ઓરતોનો એતેબારજ જશે ! છેવટે નીઝામુલ મુલ્કની રજાથી હમીદ બેગમ ફોજ લઇને રવાના થઇ; રસ્તામાં પોતાના સિપાહોને ઇનામ અકરામથી ખુશી કરતી ગઇ. જ્યારે તે બહાદુર બાળા સમરક્ષેત્ર પાસે જઇ પહોંચી અને બંને લશ્કરોનો મુકાબલો થયો તો હમીદ બેગમ પોતે તમામ હથિયારથી સજ થઇને મેદાનમાં આવી અને પહાડ સમાન રણભુમિમાં ઉભી રહી અને એવી બહાદુરી તથા દિલેરીથી પોતાના લશ્કર સહીત લડતી રહી કે થોડી વારમાંજ આદિલશાહી લશ્કર પોતાનો દરેક સરંજામ છોડીને ભાગી નીકળ્યું, જેથી તમામ હાથી અને તોપખાનું તેણીને હાથ આવ્યું.

આ વૃતાંત માટે મિરઝા હારી (તુઝકે જહાંગીરીનો કર્તા) નાં ખાસ વાકયો આ પ્રમાણે છે.

નિકાબ બરકામતે રેના અફગન્દા બર અસ્પે સવાર મી શુદ વ ખંજર વ શમશીર મુરસ્સા બ કમર મી બસ્ત બાદ અઝ આં કે તહાતીયે સફ઼ઇન

વ મહાઝાતે રીતઇન છતફાક ફિકતાદ
અઝફિલુ હીમ્મત વ ઉલુ જુરઅત દીલેરાનાં
બા લશ્કરે આદીલખાની મસાફ દાદ
સિપાહ વ સરદારા રા બ કત્લો હર્બ
વ ઝર્બ તરગીબ વ તેહરીસ નુમુદા કદમે
મરવાં ગીરાં દરાં બેહરે વીગા વલુ જેહછજા
ચું કોહે ઉસતુવાર બર્જા દાસ્ત
વ આં ગનીમ વ દુશ્મને અઝીમરા શીકસ્તે ફાર દાદ
જમી ફીલાં વ તોપખાનારા બદસ્ત આવુર્દા
સાલેમન વ ગાલેમન મુરાજેઅત બરઅફરાખ્ત
અર્થાત

પોતાના મોઢા ઉપર નિકાબ (બુરખા જેવો પડદો) નાંખીને ઘોડા ઉપર સવાર થતી હતી. જડાવ તલવાર અને ખંજર કમર ઉપર બાંધતી હતી અને લશ્કરની હાર સીધી કરતી હતી. બુલંદ હિમત અને બુલંદ બહાદુરીથી આદીલખાની લશ્કરના સામે મુકાબલો કર્યો.

સિપાઇ તથા સરદારોને કતલ કરવા માટે અને લડાઇ માટે ભારે હીંમતથી દઢ બનાવી દરીયારૂપી લડાઇમાં પહાડ સમાન મજબુત થઇ, પુરૂષાતનથી રણભુમિમાં પગ મુકતી હતી. તે ચઢાઇ કરનારા મોટા શત્રુનો પરાજય કરી તમામ હાથી તથા તોપખાનાને પોતાને કબજે લઇ સહી સલામત પાછી ફરી.

પ્રકરણ ૧૯ મું.

પુંજી ખાતુનની પરાક્રમતા.

મુસલમીન મહિલાઓની પુરૂષાતની હિંમત તથા બહાદુરીનાં વૃતાંતો આગળ વાંચી ચુકયા હવે આ એક બીજો શ્રેષ્ટ બનાવ એ છે કે:—

આદીલશાહી ખાનદાન જેની હકુમતનું પાયતખ્ત શહેર બીજાપુર હતું, તેમાં આ પ્રકરણની નાયિકા પુંજીખાતુન તેના પહેલા રાજ્યકર્તા યુસુફ આદીલશાહની પત્નિ હતી. યુસુફ આદિલશાહ સને ૧૮૧૬ હીજરીમાં સ્વર્ગે સીધાવ્યા ત્યારે તેમનો ગાદીવારસ નાનો છોકરો ઇસમાઇલ આદીલશાહ તખ્તનશીન થયો અને કમાલખાન દખની નાયબુસ સલ્તનત (વઝીર) મુકરર થયો. જોકે દેશપતિ તરીકેનું નામ ઇસમાઇલ આદીલશાહનું હતું પરંતુ રાજ્ય કમાલખાન ચલાવતો હતો. તેને એક દીવસે એવો તર્ક ઉત્પન્ન થયો કે આ દેશપતિ તરીકેનું નામ પણ કેમ ન મટી જાય !

પુંજીખાતુન કમાલખાનના ઇરાદાથી ગાફીલ નહોતી. તેણીએ કમાલખાનને બરતરફ કરવાની કોશીશ શરૂ કરી પરંતુ તે શું કરી શકતી હતી ! સઘળા અમીરો તથા સૈન્યાધીકારીઓ કમાલખાનના કબજામાં હતા. પુંજીખાતુને મનમાં સંકલ્પ કરી લીધો કે કાં તો કમાલખાન આ રાજ્યમાં નહી કાં તો આદીલશાહી ખાનદાન નહી. તેથી તેણે સંજોગ

જોઇ યુસુફ તુર્ક કે જે ઇસમાઇલ આદીલશાહનો દુધભાઇ હતો તેને સઘળી હકીકત સમજાવી કમાલખાન પાસે મોકલ્યો. યુસુફે ચુપાચુપ એકજ ખંજરમાં કમાલખાનનું તમામ કામ પુરૂં કરી દીધું. યુસુફ ત્યાં ગીરફતાર થયો અને પોતાના પ્રાણનું બળિદાન આપ્યું.

આ બનાવ જોઇ કમાલખાનની માએ તેજ વખતે કમાલખાનના દીકરા સફદરખાનને તેડાવી સઘળા મામલાથી સાવચેત કરી કહ્યું કેઃ-" હમણાંજ ઇસમાઇલ આદીલશાહ અને પુંજીખાતુનને કત્લ કરી તખ્ત ઉપર બેસી જા, તમામ લશ્કર તારી સહાયે આવશે. સફદરખાન પોતાના પિતાની લાશ જોઇ એક ચીસ મારવાને તત્પર થયો પરંતુ તેની માતાએ કહ્યું કેઃ—ખબરદાર ! કમાલખાનના મરણની ખબર ફેલાઇ જાય નહીં. તું લશ્કરને કહે કે કમાલખાન કહે છે કે ઇસમાઇલ આદીલશાહનું માથું જોઇએ છે. પુંજીખાતુન પ્રથમથી સમજતી હતી કેઃ-આ આફત આવવાવાળી છે. કિલ્લામાં તે વેળા કમાલખાન તરફથી વચુસો મુગલ અને બસો માણસો દખણી તથા હબસી સિપાહી હતા. પુંજી ખાતુને તેઓને તેડાવી કહ્યું કેઃ-તમે જાણો છો કે આ તખ્ત આદિલશાહનું છે, ઇસમાઇલ હમણા સુધી સગીર છે, કમાલખાન અમોને જુદા કરીને પોતે બાદશાહ બનવા ચાહે છે, માટે તમારામાંથી જેઓ આદિલશાહી તખ્તનો વફાદાર હોય તેઓ હમારા સાથે કિલ્લામાં રહે અને અમારી મદદ કરે અને જેઓને પોતાની જાન પ્યારી હોય તે કિલ્લામાંથી નીકળી જાય. તમે દુશ્મનોની હીલચાલથી ન ડરો. કમાલ-

ખાનને તેના દેશદ્રોહ અને રાજદ્રોહના ગુન્હાની સજા મળી જશે. એ તો પ્રત્યક્ષ છે કે આવા વિકટ મામલામાં કમાલખાનનો પક્ષ મુકીને વફાદારો સિવાય બીજા કોણ પુંજી ખાતુનને મદદ કરે તેમ હતું ! ત્રણસો મોગલોમાંથી અઢીસો અને બસો ત્રણસો હબસીઓ અને દખનીયોમાંથી ફકત સતર સિપાહોએ પુંજીખાતુનની મદદ માટે કબુલ કર્યું અને બાકીના કિલ્લામાંથી નીકળી સફદરખાન સાથે મળી ગયા. પુંજીખાતુને એ પણ દીર્ઘદ્રષ્ટી વાપરી કે પ્રથમથીજ બળવાખોરોથી કિલ્લો પાક કરી લીધો, જો સમય ઉપરજ તેઓ દુશ્મનો સાથે મળી જતે તો શું થાત !

પુંજીખાતુને પ્રથમ ચારે તરફથી કિલ્લો બંધ કરી લીધો અને તેજ બસો માણસો-સિપાઇઓને મહેલની છત ઉપર ઉભા કરી દીધા અને ખુદ પુંજીખાતુન જાતે તથા દીલશાદઆગા, યુસુફ આદીલશાહની બેન અને થોડીક બીજી મહિલાઓ, ઇસમાઇલ આદીલશાહની સાથે તીરોકમાન હાથમાં લઇ છત ઉપર ચઢી ઉભી થઇ ગઇ. સફદરખાન એક મોટી ફોજ સાથે કિલ્લા તરફ આવ્યો. તે પરાક્રમી પુંજીખાતુન તથા દીલશાદ આગા અને સિપાહોએ સફદરખાનને તીર તથા પત્થરા ઉપર ધરી લીધો અને અચાનક તેજ વખતે મુસ્તફા આકા કે જે આદીલશાહી ખાનદાનનો એક જુનો નીમકહલાલ નોકર હતો તે પચાસ તોપચી લઇને ખાતુનની મદદે આવ્યો. તે તોપચીયોએ ઉપર પહોંચીને ગોળા ફેંકવા શરૂ કર્યા.

સફદરખાન પોતાની માના હુકમથી મોટી તોપો લગા-

વીને હમચુંજ કીલ્લો ફુરચે ફુરચા કરી નાંખવા પાછો ફર્યો. પુંજીખાતુન અને બીજી બાળાઓએ કહ્યું કેઃ—અગર જો તોપો આવી ગઇ તો પછી કંઇ થઇ શકશે નહી તેથી તેનાથી પહેલાં કંઇ બાજી રચાય તો ઠીક ! ચર્ચાના અંતે એમ ઠર્યું કે સિપાહીએ છુપી જવું બાળકોએ અને સઘળી સ્ત્રીઓ અહી ઉભી રહે તેથી દુશ્મનો સમજશે કે સિપાહીઓ આ અબળાઓને કિલ્લામાં મુકીને ભાગી ગયા. મતલબકે એવુંજ કરવામાં આવ્યું અને સઘળા સિપાહો અહીં તહીં છુપાઇ ગયા અને અબળાઓ—સ્ત્રીઓ ઉભી રહી. દુશ્મનોની જ્યારે નજર પડી તો જોયું કે અહીં તો ફક્ત અબળાઓ છે તેથી કીલ્લો શરણ કરવાને જરાએ ઢીલ થશે નહી, એમ તેઓને હિમ્મત થઇ, તેથી ફરીને તેઓએ બીજીવાર હુમલો કર્યો અને કીલ્લાનો દરવાજો તોડી નાખ્યો, તે છતાં અબળાઓએ આંગળી પણ ન હલાવી અને ઉભા ઉભા જોયા કર્યું. સફદરખાન ધારતો હતો કે પહેલો દરવાજો તોડીને બીજો તોડી નાખું તેટલામાંજ સિપાહીઓએ નીકળીને એવા જોરથી હુમલો કર્યો કે દુશ્મન પાછો ન જઇ શક્યો. આવા સંજોગોમાં ત્રણસો માણસોના લશ્કરથી ફોજની ફોજ સામે મુકાબલો કરવો કંઇ સાધારણ બાબત નહોતી.

પ્રકરણ ૨૦ મું.

ચાંદબીબીની બહાદુરી.

નિઝામશાહી ખાનદાન જેણે દખણમાં લગભગ સવાસો વરસ સુધી મોટી શાનોશૌકત તથા ન્યાય પરાયણતાથી રાજ્ય કર્યું અને જેનું પ્રાયતખ્ત શહેર એહમદનગર હતું તેની એક શાહજાદીએ એવી પરાક્રમતા તથા દ્રઢતાથી અકબરે આઝમની ફોજનો મુકાબલો કર્યો કે જે અદ્યાપી સુધી હીંદુસ્તાનના ઇતિહાસમાં સોનેરી અક્ષરે કોતરાયલ છે, જેનો સંક્ષિપ્ત સાર હેઠળ જણાવેલ છે.

ચાંદ ખાતુન (ચાંદબીબી) નિઝામશાહી રાજ્યની દીકરી અને આદીલશાહી રાજ્યની વહુ હતી. હુસેન નિઝામશાહ બેહરી (અહમદનગર) તેણીનો પિતાશ્રી હતો તથા અલી આદીલશાહ (બીજાપુર) તેણીનો સ્વામી હતો. અલી આદીલશાહના મર્ણ પછી બીજાપુરથી એહમદનગર તે આવી રહી હતી.

અકબરને જ્યારે હીંદુસ્તાનની લડાઇઓથી ફુરસદ મળી તો તેને દખણ ફતેહ કરવાની અભિલાશા થઇ તેથી તેણે શાહજાદા મુરાદ તથા ખાનખાનાનને આ ચડાઇ ઉપર મોકલ્યા. તે વખતે તખ્તે એહમદનગર ઉપર બુરહાન નીઝામશાહ રાજ્ય કરતો હતો. તેણે શુબે બરાર અકબરને ખંડણીમાં આપ્યું, પરંતુ આ કરાર પુર્ણ થયા પહેલાં બુરહાન

શાહનો સ્વર્ગવાસ થયો એટલે બરાર ઉપર અકબરનો કબજો થઇ શક્યો નહીં.

શાહજાદા મુરાદ અને ખાનખાનાન સમયની શોધ કરતા, ગુજરાતની અંદર ફોજ લઇને પડયા રહ્યા હતા, તેજ અરસામાં બુરહાનશાહનો ગાદી વારસ શહેજાદા ઇબ્રાહીમશાહ વિ રાત્રના હાથે માર્યો ગયો. હવે તેની ગાદી માટે મંઝુખાન (વઝીરે સલ્તનત) અને આહંગખાન તેમજ ઇખલાસ એ ત્રણે વચ્ચે ઝગડો ઉત્પન્ન થયો. હરએકે પોતાનો એકેક જુદો બાદશાહ બનાવી લીધો. પરિણામે અંદર અંદરના કુસંપે ગંભીરરૂપ ધારણ કર્યું અને મામલો ખુનરેજી થવાની અણી ઉપર પહોંચ્યો. મંઝુખાને મળીને, શેહજાદા મુરાદને લખી મોકલ્યું કે: - નિઝામશાહી બળ ભસ્મ થઈ ચુક્યું છે માટે તમો અહીં ફરજો, હું વગર વિચારે એહમદનગરનો કીલ્લો તમારે હસ્તગત કરીશ.

આ પ્રમાણે હકીકત વાંચી મુરાદ તૈયાર થયો. ખાનખાનાન શાહરૂમ મિરઝા વાલીએ બદખશાન, શેહબાઝખાન, રાજા જગન્નાથ, રાજા દુર્ગા, રાજા રામચંદ્ર અને બીજા કેટલાક ઉમરાવોને લઇને રવાના થયો. જ્યારે આ લોકો અહમદનગરના લગભગ પહોચ્યા તો મંઝુખાનને પોતાની ઉતાવળ માટે સખ્ત અફસોસ થયો. કારણકે તે આ વખતે તમામ વિરૂદ્ધ પક્ષને દબાવીને ખુદ મુખત્યાર થઇ ચુકયો હતો, છતાં પણ પોતાના કર્યાં પોતાનાં પગમાં આવ્યાં અને આખરે લાચાર થઇ કીલ્લો મુકી ચાલતો થયો.

ચાંદખાતુને જોયું કે અમારા બાપ—દાદાની હકુમત

ફના થવા ચાહે છે તેથી તેણે ઠરાવ કરી લીધો કેઃ--આ પ્રાણ જતાં પણ હું સહ્લતનતને બચાવીશ. તેણે પ્રથમ પોતાના કેટલાક ઉમરાવોને કિલ્લામાંથી કાઢી મુકયા અને બાકીનાને સમજાવી લીધા. ત્યારબાદ કુતુબશાહને ગોલકન્ડા તથા આદીલશાહને બીજાપુરથી મદદ મોકલવા માટે કહેવરાવ્યું અને પોતે કીલ્લાને સઘળી બાજુથી મજબુત કરી, શાહજાદા મુરાદ અને ખાનખાનાનની રાહ જોતી રહી. શાહજાદા મુરાદે તા. ૨૩ રબીયુલસાની સને ૧૦૦૪ હીજરીમાં પોતાની ફોજ કિલ્લા તરફ વધારી; આ જોઇ ચાંદબીબીએ પણ હુકમ કર્યો કે "આપણી તોપોનાં મોઢાં પણ ખોલી નાંખો."

આખો દિવસ મુરાદ કોશીશ કરતો રહ્યો કે કિલ્લા સુધી પહોંચી જાઉં, પરંતુ ચાંદખાતુને એક પગલું પણ આગળ વધવા ન દીધો. સાંજના મુરાદ થાકીને પાછો હઠી ગયો. બીજે દીવસે શાહજાદો મુરાદ, શાહરૂમ મીરઝાં ખાનખાનાન, શેહબાઝખાન, રાજા જગન્નાથ વગેરેએ મોરચા નાખીને ચારે તરફથી કીલ્લાને ઘેરો ઘાલ્યો. કેટલાક નીઝામશાહી ઉમરાવોએ લડી લડીને ચાંદખાતુનની મદદ માટે કિલ્લામાં જવાનું ચાહ્યું, પરંતુ ખાનખાનાએ જવા ન દીધા. શેહઝાદા મુરાદ અને ખાનખાનાન મહીનાઓ સુધી કીલ્લાને ઘેરો ઘાલી પડયા રહ્યા, પરંતુ કિલ્લાને એક ઠોકર પણ ન મારી શકયા. આણીગમ ચાંદખાતુનની દરખાસ્ત મુજબ આદીલશાહે પચીસ હજાર સવાર ચાંદખાતુનની મદદ માટે મોકલ્યા અને કુતુબશાહે પણ પાંચ છ હજાર સવાર અને

કંઇક પીયાદા રવાના કર્યા. મંઝુખાન, ઇખલાસખાન, અહંગખાન, વીગેરે ઉમરાવો પણ આ નિઝામશાહી ફોજની સાથે થઇ ગયા. મતલબકે આવી તરેહ મેળ મીલાવીને એક જબરદસ્ત ફોજ તૈયાર થઇ ગઇ. શેહજાદા મુરાદને જ્યારે આ સૈન્યની ખબર પડી તો તે ગભરાઇ ગયો. તમામ ફોજમાં ખળભળાટ મચી રહ્યો. આખરે એ નક્કી થયું કે આ ફોજના આવી પહોંચવા પહેલાં કીલ્લો લઇ લેવો જોઇએ. આમ લડીને કિલ્લામાં ઘુસી જવાને તો તેઓ સામર્થવાન નહોતા. ત્રણ મહિનામાં છાવણીથી લઇને કીલ્લાના બુર્જ સુધી પાંચ સુરંગો ખોદીને અંદર દારૂ પાથરવામાં આવ્યો કે જેમાં આગ લગાવીને કીલ્લો ઉડાવી દેવાની ધારણા રાખવામાં આવી હતી.

ચાલાક ચાંદબીબીને આ સુરંગોની ખબર પડી ગઇ. તેણે તેજ વખતે દારૂને કઢાવી નાંખી સુરંગો ભરી દેવા તજવીજ કરી. શાહજાદા મુરાદને તો આ વાતની ઉતાવળ હતી કે આ કિલ્લાની ફતેહ અમારા નામ ઉપર લખાઇ જાય અને ખાનખાનાનનો તેમાં હાથ પણ ન લાગે; તેથી તે બપોરના ખાનખાનાન સીવાય તમામ ઉમરાવ અને ફોજ લઇને કિલ્લાની તરફ મજબુત ઉભો થઇ ગયો કે પેલીગમ દારૂથી કિલ્લો ઉડયો અને અહીં સુધી પહોંચ્યો. ચાંદખાતુન ત્યાં સુધીમાં બે સુરંગો ભરી ચુકી હતી અને ત્રીજી ખોદવામાં આવતી હતી કે શાહજાદાએ સુરંગમાં આગ લગાવવાનો હુકમ આપી દીધો અને એવા જોરનો એક અવાજ તેમજ ધબાકો થયો કે ત્યાં સઘળા સમજ્યા

કે, આ શું: આકાશ ફાટયો કે વીજળી તુટી પડી! તરતજ પચાશ ગજ દીવાલ ધમ દેતી પડી ગઇ અને તેજ સાંજે શાહજાદો પોતાના રજપુત તથા મોગલ લશ્કર સાથે ઉભેલો નજર આવ્યો. કીયામત થઇ ગઇ. લોકોનાં દીલ બેસી ગયાં, કામ કરવાવાળાએ કામ છોડી દીધું, સિપાહોના હાથ પગ ફુલી ગયા, લશ્કર સરદાર નાસી છુટયા, ટુંકાણમાં આખા કિલ્લામાં અજબ ગભરાટથી હોશ ઉડી ગયા! આવા સંજોગોમાં પણ ચાંદખાતુનની હીંમત જુઓ. તે એકદમ, એક વાઘણ પેઠે તેજ વખતે શસ્ત્ર ધારણ કરી, ઘોડા ઉપર સ્વાર થઇ, હાથમાં તલવાર લઇને તંબુની બહાર નીકળી આવી. આ વખતે શાહજાદો એવા તર્કમાં હતો કે બાકીની બે સુરંગો પણ ઉડી જાય કે તરતજ હુમલો કરી દેવો. પરંતુ ઉડેલી સુરંગો ઉપર પણ ચાંદખાતુને અલ્પકાળમાં ઝપાટાથી સેંકડો અગ્નિ પ્રસારક તોપો ગોઠવી, તે તુટેલી દીવાલના સ્થાને મુકી દીધી અને સઘળા લશ્કરને ધીરજ સાથે હીંમત આપીને પાછા લડવા ઉપર મક્કમ કરી દીધા.

મોગલ તથા રાજપુત સૈન્યે જીવના જેખમે બહાદુરીથી હુમલો કર્યો. શેહજાદો મુરાદ માથું પટકી પટકી મરી ગયો તો પણ ચાંદખાતુને એક ઇંચ પણ કિલ્લો ન આપ્યો અને એવા શાૈર્યથી સૈન્યને લડાવતી રહી કે કિલ્લા નજદીકની ખાહીઓ સંધ્યાકાળ સુધીમાં મોગલ અને રાજપુત લશ્કરના ઘાયલ અને મૃત લશ્કરોના શબોના ઢગલાથી ભરાઇ ગઇ. મરી ગએલા હાથી તથા ઘોડાઓનાં શબો નાના પર્વતો જેવા દેખાવા લાગ્યાં. પરીણામ એ આવ્યું કે:-

ચાંદબીબીના લશ્કરના અખંડ શસ્ત્ર પ્રહારથી શાહજાદા મુરાદના લશ્કરમાં ધરાડો થયો અને તેમના પગ રણભુમિમાંથી ઉખડી ગયા અને આખરે તે નિરાશ થઇ પાછો પલટ્યો.

ચાંદખાતુને આખી રાત્રી જાતે ઉભી રહીને પચાસ ગજ લંબાઇના કિલ્લાની તુટી ગયેલી દીવાલને ત્રણ ગજ ઉંચી ચણી લીધી. સુર્યોદય થતાં મુરાદે જોયું તો તે પહેલીજ દીવાલ નુકશાનવાળી જોઇ. દોસ્ત અને દુશ્મન સંઘળાઓના મુખમાંથી ચાંદખાતુનના આ બહાદુરીભર્યાં કૃત્ય માટે ધન્યવાદના ઉદગારો નીકળી પડયા અને કહેવા લાગ્યા કેઃ—ખરેખર ચાંદ—ચંદ્ર સમાન તેજસ્વીની ભરત ભુમિની પુત્રી, તમારી વીરતાનું સર્વ ઇસલામી સંતાનોના મનમાં શુભ પરિણામ થાઓ અને ભરત ભૂમીના સંતાનો રાજભક્ત તથા સ્વધર્મપરાયણ થાઓ એજ અમારી પરવર પ્રત્યે પ્રાર્થના છે. તમારા સ્વદેશ પ્રેમ અને આત્મબલિદાનની વાર્તા જે કોઇ સાંભળશે તેના મનમાં આજે કે ભવિષ્યકાળમાં આશ્ચર્ય થયા વિના રહેશે નહીં એટલુંજ નહીં પણ ભરતખંડના ઇતિહાસમાં તમારૂં નામ સોનેરી અક્ષરે સદાકાળ અમર રહેશે. જે ભરત ભુમિએ પાક ઇસલામ મહઝબમાં તમારા જેવી દેશહિતેષિણી દુહિતાને જન્મ આપ્યો છે તે મહઝબની ધન્યતાનો અવધિજ થયેલો કહી શકાય. આવી શુરવીર સુંદરીઓના જન્મનું માન ઇસલામ સિવાય બીજા કોઇ ધર્મને મળેલું નથી અને હવે પછી મળશે કે નહિ એની પણ શંકાજ છે. આ વખતથીજ ચાંદ ખાતુન મટી ચાંદ સુલતાના થઇ.

આ ભારે પરાજયથી શાહજાદા મુરાદના હાંજા ગડગડી ગયા. ઉમરાએ અકબરીમાં મુકાબલાની કુવ્વત ન રહી, તેથી લાચાર થઇ સુલેહની માંગણી કરી. પ્રથમ તો ચાંદ સુલતાનાએ તેનો અસ્વિકાર કરતાં કહ્યું કે દુશ્મનો લડવાથી બેદીલ થઇ ચુક્યા છે માટે થોડા પ્રયત્નથી તેને નુકશાન થઇ શકે છે. પરંતુ સુલતાનાનું સૈન્ય કિલ્લામા બંધ હોઇ ગભરાઇ ગયું હતું તેથી ચાંદ સુલતાનાએ પણ છેવટ સુલેહ પસંદ કરી લીધી અને કરારને અનુસરી બરાર શાહજાદા મુરાદને હવાલે કરી દીધો.[1] વાંચક, વિચાર કર કે કયાંઇ પણ ચાંદ સુલતાનાથી વિશેષ કોઇ પણ સુંદરી શુરવીર થઇ શકે છે અને તે પણ એવા સંજોગોમાં કે, સલ્તનતનો પાયો કમજોર, અમિર ઉમરાવોમાં કુસંપ, તેમજ પરસ્પર લડાઇ. કિલ્લામાં ફોજ નહિં, ખાધખોરાકી નહીં, કિલ્લાની દીવાલ તુટી ગયેલી તથા પડી ગયેલી ! એટલુંજ નહીં પણ પ્રથમથી કિલ્લામાં લડાઇની તૈયારી નહી અને વળી મુકાબલો અકબરે આઝમ તથા ખાનખાનાનના મહાન લશ્કરથી ! આવા સંજોગોમાં દુશ્મનનું દમન કરીને કિલ્લાને બચાવી લેવો તે એક મુસલમિન મહિલાનું નાનું સુનું કૃત્ય નથી.

આ સિવાય યમનના ઝેદીખાનદાનની બે શાહજાદીયો સઇયદા અને આસેમા પણ ઘણી બહાદુરીથી પોતાના દુશ્મનો સામે લડવાને પ્રખ્યાત થઇ ગઇ છે.

---

૧ તારીખ રસીદુદ્દીન ખાની પાનું ૧૯

પ્રકરણ ૨૧ મું.

ગુલરૂખ બેગમનું ગૌરવ.

સ્ત્રી તો પણ શુરવીર સિપાહની છે સુત.
આપે માથું રણક્ષેત્રમાં પણ ન લગાવે માનું કુખ.

આ લઘુ ઐતિહાસીક ગ્રંથમાં બીજી પરાક્રમી પ્રેમદાઓ સાથે ભારતની ભામીનીઓની વીરતાનું વર્ણન પણ કરેલ છે. પરંતુ એક ગુર્જર ગામીની ગુલરૂખ બેગમ કે જે બહાદુર સિપાહી જ્ઞાતીની છે તેની પ્રબળ પરાક્રમતાનું વર્ણન વાંચક સમક્ષ રજુ કરૂં છું.

ગુલરૂખ બેગમ તે બહાદુર સિપાહ જ્ઞાતીની છે કે જે સિપાહ શબ્દનો ઉચ્ચાર થતાંજ શુરાતન ચડે છે. સિ-માથું પાહ-પાદશાહ. અર્થાત પાદશાહનું માથું-પાદશાહનો તાજ પાદશાહના રક્ષણ કર્તા હતા. મહેનાઇ મહેમાનગીરી તથા અબ્બાસી ખાનદાનપણું તેમનામાં હતું. દરેક માન મરતબો તેમને મળતો હતો. દરેક મીલીટરી ઉંચી પદ્વી તેમને મળતી અને તેજ લડાયક પ્રજા તરીકે પ્રસીદ્ધ હતી. દરેક કોમ તેમની અદબ કરી પ્રતીષ્ઠા જાળવતી અને જમાદાર સાહેબ કહીને બોલાવતા. રજપુત જ્ઞાતીમાં છત્રીસ કુળ કીવાં શાખા છે, ત્યારે આ શુરવીર સિપાહ જ્ઞાતીની બાવન શાખા છે. રજપુત રાજ્યકર્તાઓ પોતાના જાતીભાઇઓ માટે જેટલા હોસ્ટેલ, ગરાસીયા કોલેજ વીગેરે સ્થાપી તેમાં રજપુત કોમનાં બાળકોને સારી રીતે કેળવી તેમને ઉન્નત કરે છે

એટલુંજ નહીં પણ તેમને પોતાના રાજ્યમાં ઉંચ્ચા હોદ્દા આપી તેમનું ખાનદાન તથા માન જાળવે છે ત્યારે સિપાહ ગ્નાતીમાંથી પણ ઘણાખરા રાજકર્તાઓ છે પણ ક્યાંઇ સિપાહ હોસ્ટેલ અથવા ખાસ સિપાહ કોમને આગળ વધારવા ખાસ સ્કોલરશીપો અથવા તો પોતાના રાજ્યમા તેઓ માટે ખાસ ઉંચ્ચી જગ્યા છે! તેજ બતાવી આપે છે કેઃ—ઇસલામી રાજ્યકર્તાઓને ઇસલામીઓની ઉન્નતી કરવા પ્રત્યે લક્ષ નથી. એશઆરામ તથા ભોગવિલાસમાંજ સાર્થકતા મનાય છે તેથીજ બિચારા સિપાહ જાતીના સાહેબજાદા સુધરી શકતા નથી અને સાત રૂપીયાની પટાગીરીમાં પોતાનું જીવન ગાળે છે.

આ પ્રકરણની મુખ્ય પાત્ર ગુલરૂખ બેગમ તે અમીર તૈમુર ગોરગાનના વંશથી ઉતરી આવેલ ઇબ્રાહીમ હુસેન મીરજાના દીકરા મીરઝાં કામરાનની દીકરી છે કે જે અબળા જાતી હોવા છતાં તેના યુદ્ધ ચાતુર્ય તથા પરાક્રમથી તવારીખમાં પોતાનું નામ અમર રાખી ગઇ છે. ઇબ્રાહીમ હુસેન મીરઝાંનો પીતા મુહમ્મદ સુલતાન વૃદ્ધાવસ્થાને લીધે સંભલ તાલુકા પૈકી પોતાની જાગીર આજમબાદમાં દિવસ ગાળતો હતો અને લાગ આવે પોતે શહેનશાહત સ્થાપવાની અભીલાષા રાખતો હતો.

હવે જ્યારે હિંદુસ્તાનના શહેનશાહ અકબર, દેશપરદેશ ફતેહ કરી છેક પંજાબ સુધી તેની સવારી જઇ પહોંચી ત્યારે મીરઝાંઓએ રેઢું પડ જોઇ સંભલ તાલુકાની બહાર નીકળી દીલ્હીને ઘેરો ઘાલ્યો પરંતુ જ્યારે અકબર

બાદશાહને આ ઘેરાની ખબર મળી ત્યારે તે પાછો દિલ્હી આવ્યો તેથી મિરઝાંઓ, ઘેરો ઉઠાવી માળવા તરફ કુચ કરી ગયા.

આ સમયે તે દેશ, મોહમ્મદ કુલીખરલાશના તાબામાં હતો. તરતજ મિરઝાંઓ ઘેરો ઘાલી મુહમ્મદ કુલિખરલાશને તાબે કરી માળવાના ધણી થઇ પડયા. માળવા કબજે કર્યા બાદ ઇબ્રાહીમહુસેન મીરઝાં સુરત આવ્યો અને તેના કિલ્લાને સમારકામ કરાવી ત્યાંજ પોતાનું નિવાસસ્થાન રાખ્યું પરંતુ તે બહુ સાહસીક અને પરાક્રમી હોવાથી શાન્ત થઇને બેઠો નહોતો પણ મહી નદીમાંથી બીકાનેરના ઘાટે ઉતરી, સરનાળમાં ફોજ લઇને છાવણી નાંખી પડયો હતો. આ ખબર બાદશાહને પહોંચતાં, તે ફોજ લઇને ચડી આવ્યો. સરકારી સૈન્ય વિશેષ પ્રમાણમાં હોઇ ઇબ્રાહીમ હુસેન મીરઝાં ત્યાંથી નાસી મુલતાન ગયો જ્યાં તેનો અંત આવ્યો.

પછી સરકારી સૈન્ય સુરત ભણી પહોંચ્યું કે જ્યાં મીરઝાંનું કુટુંબ હતું, જેમાં આ પ્રકરણની નાયિકા ગુલરૂખ બેગમ પણ હતી. આ ફોજે સુરતના કિલ્લાને ઘેરો ઘાલ્યો. આ સૈન્ય જોઇ ગુલરૂખ બેગમ પોતાના દીકરા મીરઝાં મુઝફ્ફરહુસેનને સાથે લઇ કેટલાક ભરોસેદાર નોકરો સહીત દક્ષીણ તરફ જતી રહી. અમીરોએ પુંઠે જઇ પકડી લાવવા ઘણી મહેનત કરી પરંતુ તેમનાથી તે નહીં પકડાતાં તે શુરવીર સ્ત્રી પુરૂષાતન દેખાડી જતી રહી.

ઇ. સ. ૧૮૩ માં ગુજરાતનો બીજો સુબો મીરઝાંખાન નીમાયો પણ તે યુવાન હોઇ તથા તેનો આ પહેલોજ અ·

વીકાર હોઇ રાજ્ય વહીવટના કામમાં અજ્ઞાત હોવાથી વજી-રખાનને મદદનીશ નીમ્યો. આ વખતે ગુજરાતમાં મોટું ટોળું હસ્તી ધરાવતું હતું; તેમાં મહેરઅલી મુખ્ય હતો, તેને ગુલરૂખ બેગમ જઇ મળી. બંનેના લશ્કરે ભેગા મળી અમદાવાદ તરફ કુચ કરી. આ વેળા વજીરખાન (નાયબ સુબા) પાસે સૈન્ય ઠીક નહોતું તેથી તેને આ આક્રમણની ખબર પડતાં, અમદાવાદના કોટના દરવાજા બંધ કરી કીલ્લેબંધ થયો અને રાજા ટોડરમલ કે જેને બાદશાહે આ પહેલાં ગુજરાતના બંદોબસ્ત અર્થે તથા દફતર તપાસણી માટે સૈન્ય સહીત મોકલ્યો હતો તે પાટણ સુધી આવી પહોંચ્યો હતો, તેને વજીરખાને ખેપીયા મોકલ્યા અને શત્રુઓ જ્યારે સુલતાનપુરની હદમાં પહોંચ્યા ત્યારે વ્યાકદાસ તથા બાજ બહાદુરને લડવા મોકલ્યા. ગુલરૂખ બેગમ તથા મહેરઅલીની સેના પુર જોશ તથા ઉમંગમાં થનુથનાટ કરી રહી હતી. નિર્મળ તડકામાં તરવાર, નેજા, ખડગો, ચક્રો ચળકી રહ્યાં હતાં. સરનાલના પ્રગણામાં બંને બાજુના સૈન્યનો ભેટો થયો. આ વખતે ગુલરૂખ બેગમે પુરૂષ વેશમાં સજ્જ થઇ સૈન્યાધ્યક્ષ પદ ધારણ કરી, પોતાના સૈન્યને ભાષણ આપતાં કહ્યું કેઃ—"વહાલા સૈનિકો, આજે આપને અત્યાનંદ તથા લડાઇ કરવાને ઉમંગી જોઇ મને અતી હર્ષ ઉત્પન્ન થાય છે અને તમારી વીરતાના વખાણ કરવાને મારી પાસે પુરા શબ્દો પણ નથી. અકબર પાદશાહ હમેશાં હમજાતી સીવાય અન્ય જાતીને તથા તેના ધર્મને વીશેષ ચાહે છે તથા તેમને ઉંચી જગ્યા આપે છે, તે આપણી સામે લડવા ઉભા

રહેનાર સૈન્યનો સેનાધિપતી બ્યાકદાસ છે. તે શું ફતેહમારી કરવાના હતા! આ તલવારના ઝટકાથી તેમનાં માથાં ધડથી જુદા પાડીશું અને જગતને બતાવી આપીશું કે અન્ય સિપાહ શુરવીરોને પરાજિત કરવાને કોઇ પણ સમર્થ નથી. મુલકમાં મુસલમાન સીપાહ સમાન શુરવીર અન્ય જાતિમાં કોઇ ઉત્પન્ન થયા છે કે જેઓ રણભુમિને પોતાની વિહાર ભુમિ સમાન સમજતા હોય? વીર નરો તમો રણક્ષેત્રમાં વીરતા બતાવી નામના મેળવશો કે પુંઠ બતાવી બદનામી વહોરશો? તરતજ રણગર્જના થઇ કે અમો ઇનશાઅલ્લાહ ફતેહ મેળવીશું, એમ કહી અલ્લાહો અકબર, મારો મારો, કાપો કાપો, કહેતા આગળ વધ્યા અને તરતજ બ્યાકદાસનું માથું તલવારથી ઉડાવી દીધું. આ બીના જાણી સરકારી સૈન્ય નાહીંમત થઇ પાછળ હઠવા લાગ્યું તેથી શત્રુથી ગુલરૂખ બેગમની હીંમત વધતી ગઇ.

હવે બાદશાહના લશ્કરને મદદ કરવા રાજા ટોડરમલનું લશ્કર આવી પહોંચ્યું. તે વડોદરાથી ચાર ગાઉ છેટું રહ્યું ત્યારે શત્રુઓએ જાણ્યું કે આવા મોટા લશ્કર સાથે ટક્કર ઝીલવાથી નકકામી હાની થશે અને પાછું લશ્કર મેળવવું મુશ્કેલ છે તેથી તેઓ ખંભાત ભણી પાછા હઠયા પરંતુ સરકારી લશ્કર તેઓની પુઠે પડયું અને ખંભાત જઇ લડાઇ શરૂ કરી. સરકારી લશ્કરના કમાન્ડર સઇયદ હાસમને તીરથી માર્યો જેથી તે ઘાયલ થઇ કિલ્લામાં ભરાઇ બેઠો એટલે આ શુરવિર સિપાહીનીએ ખંભાતને ઘેરો ઘાલ્યો; ત્યાં તો બાદશાહી ફોજ આવી પડી એટલે તેણીએ ઘેરો ઉઠાવી જુનાગઢ તરફ

પ્રયાણ કર્યું. પરંતુ બાદશાહી ફોજ તેમની પાછળ પડવાથી " ધોળકા " આગળ ઘેરાઇ ગયા. ગુલરૂખ બેગમના લશ્કરમાંથી ઘણા ખરા હાથીઓ, ઘોડાઓ તથા પુરૂષો વીગેરે ખંભાત આગળની લડાઇમાં કામ આવી ગયા તો પણ તે બહાદુર વાઘરૂપી સ્ત્રી, પોતાની સાથે જે સ્ત્રીઓ હતી તેને ઉદ્દેશીને કહેવા લાગી.

" હે ! રણશુર સિપાહીની સુંદરીઓ ! તમારા સ્વાભિમાન અને પોતાની ફરજ બજાવવાની હિંમતની જેટલી પ્રસંશા કરવામાં આવે તેટલી થોડીજ છે. જ્યાં સુધી આ ભારતનું ભગ્નાવસ્થામાં પણ અસ્તિત્વ છે અને " **મીરાતે એહમદી** " આલમમાં વંચાય છે, ત્યા સુધી તમારી વિમળ કીર્તિનાં ગીત સઘળે ગવાતાં રહેશે. અત્યાર સુધી પણ આ ભારત ભુમિની જે મહત્તા ટકી રહી છે તથા આપણા ખલીફતુલ સુલતાનની શહેનશાહત લડાઇ લડવાના કામમાં પ્રખ્યાત છે, તેનું કારણ તમારા જેવી સાચી સ્ત્રીઓજ છે. તમારાજ ઉદરથી તેવા નર રત્નો પેદા થાય છે, જેને તમો નહાનપણથીજ, તે એક વીરનરની પદ્વી પામે તે માટે કાળજી રાખો છો.

અરે ! ખલિફતુલ સુલતાનની શહેનશાહી તો દુર રહી પરંતુ આ ભારત ભુમિમાંજ દિલ્હીની સુલતાના " રઝીયા બેગમ " પણ તમારા જેવી એક અબળાજ હતી કે જેમનું આજ અસ્તિત્વ નથી છતાં પણ તેના એક વીર નરને પણ ભુલાવી દીયે તેવાં પરાક્રમો આજપર્યંત હયાત છે. તે તો

ભુતકાળની વાત થઇ પરંતુ વર્તમાન સમયમાંજ થયેલ અહમદનગર તથા વિજાપુરની વીર રાણી ચાંદબીબી એ પણ એક વીર વીરાંગનાં થઇ છે, કે જેમના ગુણોનાં ગીતો સઘળે ગવાય છે તે પણ તમારા જેવી સિપાહીનીઓજ હતી. તમો તે વીર નરની પુત્રીઓ છો કેઃ-

" ગુંજતે થે જીનકે ડંકોસે જમી ઓર આસમાં
ચુપ પડે હેં કબ્રમે અબ હું ન હાં કુછભી નહીં "

હાય ! તમો જાણો છો કે ખંભાત આગળની લડાઇમાં તમારા પીતા, પતિ, પુત્ર, વીગેરેએ રણમાં પ્રાણાહુતિ આપી અમર કીર્તિ મેળવી છે તેથી હવે આપણી સાથે પુરૂષોની સંખ્યા નામનીજ છે અને આપણી ઉપર સંકટ આવી પડયું છે ત્યારે તમો શું હીચકારાપણું કરી અહીંથી ભાગી જઇ, તમારી માતાઓની કુક્ષા કલંકીત કરશો કે તમારા કુટુંબીઓ પાછળ તમારા પ્રાણ આપશો ? "

તરતજ રણ ગર્જના થઇ કેઃ-" અમો રણક્ષેત્રમાં અમારા પ્રાણ આપવા તૈયાર છીએ. "

આ શૌર્યત્પાદક શબ્દો સાંભળી તરતજ તે બહાદુર વાઘરૂપી વનિતાઓ તમામ મહિલા મંડળને પુરૂષોનો પોષાક પહેરાવી તીર છોડવાને ઉભી કરી દીધી. આ માટે આ વૃતાંતને ફારસી લેખક કહે છે કેઃ-

" ઝનો મર્દરા કર્દ યકસર હશર "
દરંદસ્ત ગે શેર માદા ચે નર,

અર્થાત—

" સરખા સરજ્યા ઇશ્વરે કાં પુરૂષ કાં નાર,
વાઘ કે વાઘણ કોઇપણ છે ફાડી ખાનાર "

આ સમયે સરકારી લશ્કરની ગોઠવણ સારી હતી તેમજ આ લશ્કર પણ ઠીક હતું. ભારે યુદ્ધ જામ્યું, બંને તરફથી જોઇએ તેવી બહાદુરી દેખાડવામાં આવી, પણ ક્ષણ માત્રમાં તે આનંદમય અને આમોદમય રણભુમિએ કબ્રસ્તાનનું સ્વરૂપ ધારણ કરી લીધું. ઘણી ખરી સ્ત્રીઓ પણ ખપી ગઇ. હવે તેઓ ચારે તરફથી ઘેરાઇ ગયા, અને કેટલીક તીર મારનાર સ્ત્રીઓને તેમના હાથી ઘોડા વીગેરે માલ સહિત કેદ પકડી, રાજા ટોડરમલે પોતાના પુત્ર સાથે દરબારમાં મોકલી દીધી અને તે વાઘરૂપ શુરવીર સિપાહીની ગુલરૂખ બેગમે બાહુબળથી લડી યુદ્ધ સંગ્રામમાં પોતાની પ્રાણાહુતિ આપી. ખરેખર

" સ્ત્રી તો પણ શુરવીર સિપાહીની છે સુત
આપે માથું રણક્ષેત્રમાં પણ ન લજાવે માતકુખ "

પ્રકરણ ૨૨ મું.

અર્વાચીન યુવતિઓની યુદ્ધ સેવા, સમાજ સેવા તથા દેશ સેવા.

વાંચક, આ ગ્રંથમાં તમે પ્રાચીનકાળની પરાક્રમી પ્રમદાઓની પોથી વાંચી, પરંતુ અર્વાચિન કાળની ઇસલામી યુવતિઓ, તેમાં પણ વર્તમાન સમયની સુંદરીઓની સ્વદેશ સેવા, યુદ્ધ સેવા તથા સમાજ સેવાનું હું વર્ણન નહીં લખું તો પ્રાચીનકાળની પરાક્રમી પ્રમદાઓ તથા વર્તમાનકાળની વીર વનિતાઓ, એ બે વ્યક્તિમાંની એક પ્રત્યે પક્ષપાત કર્યો લેખાશે, એટલુંજ નહી પણ અર્વાચીન યુવતિઓ પ્રત્યે અન્યાય કર્યાનો દોષ મારે માથે આવશે. જો કે પુસ્તકનું નામ જોતાં, તેમનું વર્ણન ન લખું તો પણ પ્રથમ દર્શનિક હું દોષિત ઠરતો નથી છતાં પણ ટુંકમાં તેમનું વર્ણન આપવાથી પ્રસંગને અનુસરતું થશે.

પ્રાચીનકાળમાં જેવી રીતે રજીયા બેગમ તથા ચાંદબીબી વીગેરે રાજ્યતંત્ર ચલાવી ગઇ છે, તેમ હાલમાં ભોપાલનાં નામદાર બેગમ સાહેબ તથા કાઠીયાવાડમાં આવેલ માણાવદરનાં બેગમ સાહેબ કુશળતાથી રાજ્યતંત્ર ચલાવે છે. તેમાં પણ ભોપાલનાં નામદાર બેગમ સાહેબ એક ઉમદા લેખિકા છે. તેઓ સાહેબે અંગ્રેજીમાં એકાદ બે ગ્રંથ લખેલા છે અને તે ઘણા લોકપ્રીય થયા છે. માણાવદરનાં બે

સાહેબ પણ ઉર્દુ અરબ્બી ઉપરાંત ગુજરાતી તેમજ સાધારણ અંગ્રેજી જ્ઞાન ધરાવે છે.

સાહિત્ય સેવા પણ ઇસલામી યુવતિઓ કરે છે, તે દિલ્હીમાં પ્રગટ થતું "ખાતુન" તથા લાહોરનું "અસમત" નામના ચોપાનીયાંઓ, ઇસલામી અબળાઓના એડિટરપણા હેઠળ ચાલે છે તે ઉપરથી જણાય છે. એટલુંજ નહી પણ બે ત્રણ ઇસલામી બાળાઓ ગ્રેજ્યુએટ પણ થયેલ છે. તેમાં એક નવાબ અમાદુલ મુલ્ક સૈયદહુસેન બેલગ્રામીનાં વડા બેટી તયાબાબેગમ તે મીસીસ ખોદીવે જંગ, પંદર વરસ ઉપર મદ્રાસ યુનિવર્સીટીમાં બી. એ. પાસ થયાં હતાં. ત્યારે હાલ હબલુલ મતીન પત્રના અધિપતિ હીઝ એમીનસ પોનયદ ઉલ ઇસ્લામનાં વડા બેટી, બેગમ સુલતાન મોનયઝાદા કલકત્તા યુનિવરસીટીમાં બી. એ પાસ થએલ છે (જુઓ અ. ઇ. તા. ૧૦-૭-૨૦) અને મારી યાદદાસ્ત જો મને દગો ન દેતી હોય તો લાહોરમાં પ્રગટ થતું જમીનદાર કે પૈસા અખબારનાં બેટી પણ બી. એ. કે એમ. એ. પાસ થયેલ છે. આ ઇસલામી ભારત બગીનીઓના વિદ્યાભ્યાસ તથા સમાજ સેવાનું ટુંકમાં વર્ણન થયું, પરંતુ તુર્ક રમણીઓની દેશસેવા પણ મુલ્ક મશહુર છે.

ઇન્ડીયન ઇસલામી અબળાઓ કરતાં તુર્ક તરૂણીઓ, માસીકો અને પત્રો સારી રીતે ચલાવે છે એટલુંજ નહીં પણ જે કેળવાએલી કામીનીઓ હતી તેમને એમ લાગ્યું કે જ્યાં સુધી હજુ વધારે પ્રમાણમાં કન્યા કેળવણીનો પ્રચાર

નથી ત્યાં સુધી દેશમાં પ્રગતી થવાને વિલંબ છે. આને માટે પ્રથમ એક શાળા ઉઘાડવામાં આવી જેનું નામ "દાર-ઉલ-માતરંત" છે. આ મદરેસામાં મહિલાઓને કેળવણી આપવાને માટે સબળ પ્રયત્નો શરૂ કર્યા બાદ આ શાળામાં કેળવણી પામેલી સ્ત્રીઓએ જનાનખાનામાં અને ઉમરાવ કુટુંબની સ્ત્રીઓને અને પોતાની અણકેળવાએલી બહેનોને તાલીમ આપવાનું અને દેશની ખરી સ્થિતીથી વાકેફ કરવાનું કામ ઉપાડી લીધું. આ પ્રમાણે દેશમાં જે વિદ્યાનું બી વાવવામાં આવ્યું તે ધીમે ધીમે અંકુર પામતું ગયું અને ફળફુલવાળા વૃક્ષ સમાન થવા આવ્યું. દેશની ખરી સ્થીતિનું કેળવણીના પ્રચારથી ઘણાઓને ભાન થયું. આ પ્રમાણે ભાન કરાવ્યું એટલુંજ નહી પણ કેટલીક તુર્ક રમણીઓએ કુંવારી જીંદગી ગાળી દેશનો ઉદ્ધાર કરવાને વ્રત લીધું. આ અરસામાં કેટલાક તુર્ક તરૂણો પોતાનો અભ્યાસ આગળ વધારવાને માટે પેરીસ ગયા; તેમાં અહમદબે નામનો એક વિદ્વાન માણસ હતો. તે પોતાની સાથે પોતાની બ્હેન સલિમા હાનુમને લઇ ગયો. સલિમા હાનુમે પોતાની માતૃભાષાનો સંપુર્ણ અભ્યાસ કર્યો હતો. પેરીસમાં જઇને તેણે ફ્રાન્સ દેશના ઇતિહાસનો અભ્યાસ કર્યો, યુરોપના ઇતિહાસને અવલોકયો અને સાહિત્યનું સન્માન જ્ઞાન મેળવ્યું. બાદમાં તુર્કસ્તાનમાં આવી દેશમાં જાગૃતિને માટે ઠેર ઠેર ભાષણો આપવા લાગી. તુર્કસ્તાનમાં પ્રજાકિય પક્ષનો વિજય થયો તે વખતે સ્ત્રીઓએ જે સેવા કરી હતી તેમાં આ બાનુ મુખ્ય હતી. તુર્કોએ કોઇ પણ જાતના રક્તપાત

વગર જે રાજ્યના બંધારણમાં ફેરફાર કર્યો તે ઘણે અંશે આ સાધ્વી સ્ત્રીઓનેજ આભારી હતું. તેઓએ જનાનખાનામાંથી સંદેશા લાવ લઇ જવાનું કામ માથે ઉઠાવ્યું હતું અને પુરૂષો સાથે બહાદુરીથી દેશસેવાના કામમાં ભાગ લીધો હતો.

કોન્સ્ટેન્ટીનોપલમાં સલિમા હાનુમે જેવું કાર્ય કર્યું હતું તેવુંજ કાર્ય સેલોનિકામાં ગુલિસ્તા હાનુમ નામની બાનુએ કર્યું હતું. જયાં ગુલિસ્તાં હાનુમ જેવી સ્ત્રીઓ ઉત્પન્ન થાય ત્યાં દેશની ઉન્નતી સત્વર થાય એમાં નવાઈ શી છે? આ બાનુએ પોતાના દેશના અભ્યુદયના કામોમાં એટલી તો સહાય આપી છે કે તુર્કસ્તાનના ઇતિહાસમાં આ રમણીનું નામ સોનાના અક્ષરે લખાઇ રહેશે. જેટલા માનની નજરથી આપણે આપણા પુજ્ય દેશભક્ત વીગેરેને જોઇયે છીએ તેટલાજ માનની નજરથી તુર્કસ્તાનના લોકો ગુલિસ્તા હાનુમ પ્રતિ જુએ છે. ગુલિસ્તાં હાનુમે કોન્સ્ટાન્ટીનોપલના "દાર–ઉલ–માતરત" માં કેળવણી લઇ, અમેરિકનો તરફથી ચલાવવામાં આવતી શાળામાં વધુ અભ્યાસ કર્યો. તેનાં લગ્ન આસિમબે નામના તુર્ક નવ યુવાન સાથે કરવામાં આવ્યાં. આસિમબે અંગ્રેજી કેળવણીથી અનભિજ્ઞ હતો અને આ કારણને લીધે દેશના કાર્યોમાં ઉત્સાહથી ભાગ લઇ શકવા અસમર્થ હતો. સ્ત્રીઓ જો મનપર કોઇ વાત લે તો તેમને શું અશક્ય છે! ગુલિસ્તા હાનુમે પોતાના સ્વામિને અંગ્રેજી શિખવ્યું અને બંને જણા કેળવણીના પ્રસાર માટે યત્ન કરવા લાગ્યાં. બોસ્ટનના જાણીતા અંગ્રેજી

પત્રોના આરટિકલોનું ભાષાંતર તુર્ક ભાષામાં કરી, લોકોમાં જાગૃતિ ફેલાવવા માંડયા. કેળવણીના પ્રશ્નોમાં તેઓ ઉમંગથી ભાગ લેતા એટલુંજ નહીં પણ દેશમાં ઐકયતા વધે તેને માટે તેઓએ પ્રાણતોડ યત્ન આદર્યા હતા. આનું પરિણામ ઘણુંજ ફળદાય નીવડયું પોતાના પ્રિય કાર્યની પાછળ આ બાઇએ તન મન અને ધન ખર્ચવામાં કંઇ બાકી રાખ્યું ન હતું. તુર્ક લોકોએ આની કદર પણ સારી રીતે બુઝી. પ્રજા મતનો વિજય થયો. તુર્કોને નવા રાજ્ય બંધારણનો લાભ મળ્યો અને જ્યારે " યુવાન તુર્ક મંડળ " ના અગ્રેસરોને માન આપવામાં આવ્યું ત્યારે સાલોનિકાની સ્ત્રીઓએ ગુલિસ્તા હાનુમને પોતાના તરફથી પ્રતિનિધિ નિમી હતી. શું આ એક સ્ત્રીને માટે થોડું માન હતું ?

દેશોપકાર કરનાર બાનુઓમાં હાલિદા હાનુમનું નામ પણ મુલ્ક મશહુર છે. હાલિદા હાનુમ એ શ્રીમંત માબાપની પુત્રી હતી અને કંઇ ને કંઇ કારણોને લીધે તેને અભ્યાસ કરવાને માટે અટકાવ કરવામાં આવ્યો હતો. તે આ પ્રતિબંધથી લેશ પણ ડરી નહીં. તેણે લાગવગથી અભ્યાસ કરવાને માટે છુટ મેળવી અને તેના પિતાએ તેને અભ્યાસ કરવા દીધો. તેણે પોતાના અભ્યાસમાં એવી તો નિપુણતા બતાવી કે સાહિત્ય, ઇતિહાસ અને ખગોળ વિદ્યામાં પ્રથમ નંબરે માર્ક મેળવ્યા. ઇ. સ. ૧૯૦૮ ના જુલાઇ માસમાં પોતાની શક્તિ બતાવવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. યુવાન તુર્ક મંડળનો વિજય થયો તેને ઉદ્દેશી એક નહાના કાવ્યની તેણે રચના કરી. આ કાવ્યના ઉદાત વિચાર,

ફ્રાન્સ ભાષા અને મનોહર શૈલિને લીધે સારા દેશમાં તેની કીર્તિ પ્રસરી. તુર્કસ્તાનના પ્રથમ પંક્તિના પત્ર "તાનીન" પ્રતિધ્વનિના તંત્રીએ તેને પોતાના પત્રમાં લેખ લખવા માગણી કરી. તે હજુ સુધી એ પત્રમાં લખાણ કરે છે. તેના લખાણના ઘણા વોલ્યુમ પ્રસિદ્ધ થાય તેમ છે. તુર્કસ્તાનમાં સ્ત્રી કેળવણી અને શાળાના અભ્યાસ ક્રમપર તેણે ઘણા લેખ લખ્યા છે. આ બાળાનો સ્વામી એક કોલેજમાં પ્રોફેસર હતો. નવા રાજ્યબંધારણ પછી તેને વિદ્યાધિકારીખાતામાં નોકરી લેવરાવી. તે એટલા માટે કે હાલિદા હાનુમની કેળવણીના પ્રચાર માટેની યોજના અમલમાં મુકી શકાય. આ કામ તેણે ઘણીજ કુશળતાથી સિદ્ધ કરી બતાવ્યું. આ કાર્યને લીધે તેની એટલી તો કીર્તિ વ્યાપી કે ઘણી ક્લબોમાંથી તેને આમંત્રણ આવવા લાગ્યાં, એટલુંજ નહીં પણ પુરૂષોની કેટલીક ક્લબે તેને પોતાની સંસ્થાની ઓનરરી મેમ્બર નીમી. તે કેવળ તુર્કસ્તાનની આવી કેટલીક સંસ્થાની સભ્ય છે એમ નથી પરંતુ ફ્રાન્સ, ઇટલી આદિ દેશોના પ્રગતિકારક મંડળોની સભ્ય છે અને તે દેશોના પત્રોમાં લખાણ પણ કરે છે.

આ સિવાય એક જાણીતી તુર્કબાળાના નામનો ઉલ્લેખ પણ કરવા યોગ્ય છે. આ બાનુનું નામ ફરિદ હાનુમ છે આ બાઈએ કેળવણીના કાર્યમાં સ્હાય કરી છે અને તે ઉપરાત તુર્ક રાજ્યક્રાંતિ વખતે પોતે જાતે અને અન્ય સ્ત્રીઓની મદદથી તે વખતની રાજકીય ઘટનામાં ઘણીજ કીંમતી મદદ આપી છે.

જાતિમા હાનુમની સેવા પણ કંઇ ઓછી કીંમતી નથી ! તે પ્રથમ પંક્તિની સ્ત્રી કવિ લેખાય છે અને ઘણાં અંગ્રેજી કાવ્યોનો અનુવાદ તેણે પોતાની માતૃભાષામાં કર્યો છે જે ઘણા આદરને પાત્ર નિવડયો છે. સ્ત્રીઓ સહસા કેવી રીતે દેશને ઉપયોગી થઇ પડે છે તેનો દાખલો ત્વા-ફિક ફિક્રત એની પ્રિયતમાના કાર્યપરથી લક્ષમાં આવે છે. ત્વાફિક ફિક્રત એ તુર્કસ્તાનમાં અવ્વલ નંબરનો અને આલા દરજ્જાનો કવિ લેખાય છે. એક સમયે તેની કવિતા પ્રસિદ્ધ થવાને માટે મનાઇ હતી. એ ઉપરાંત જો તે પોતાના કાવ્યોને કાગળપર લખી રાખે તો તે પણ નાશ થવાનો સંભવ હતો. આવા સંજોગોમાં તેને સહાય કરી અને તે કાવ્ય રચતો તેને મ્હોઢે કરી નાંખવા લાગી. આ પ્રમાણે તેણે સઘળાં કાવ્યો કંઠસ્થ કર્યાં. જો આ કાવ્યો નાશ પામ્યાં હોત તો તુર્ક સાહિત્યમાં કેટલાંક અણમોલ રત્નોનો પણ નાશ થાત ! અત્યારે તે સર્વ પ્રસિદ્ધ થયાં છે. કોના પ્રતાપે ? એક ઇસ્લામી તુર્ક અબળાના !

તે સિવાય બીજી કેટલીક તુર્ક સન્નારીઓનાં નામ મશહુર છે. તુર્કસ્તાનની તરક્કી કેવળ તુર્ક રમણીઓનેજ આભારી છે. તેઓએજ કન્યાશાળા સ્થાપવામાં મદદ કરી છે. તેઓએજ અનભિજ્ઞ કુટુમ્બોમાં કેળવણી ફેલાવી છે. તેઓએજ દેશની સુસ્તી ઉડાડી જાગૃતિ જગાડી છે. તેઓએજ જ્ઞાન વિસ્તારણમાં પહેલ કરી છે. રાજબંધારણમાં કેટલાક કાનુનોનો ફેરફાર તેમનેજ આભારી છે. શાળાના અભ્યાસક્રમની

યોજનામાં તેમણેજ શ્રમ લીધો છે. તુર્કસ્તાનના પ્રથમ પંકિતના પત્રનું સુત્ર તેમનાજ હાથમાં છે. રાજ્ય વહીવટમાં પણ તેમની લાગવગ જાણીતી છે. ટુંકામાં તુર્કસ્તાનની ઉન્નતિની સર્વ દિશામાં સ્ત્રીઓએ કંઇ શ્રમ લીધો ન હોય એમ નથી. ઉપર તુર્ક તરૂણીઓની દેશ સેવા તથા સમાજ સેવાનું સંક્ષિપ્તમાં વર્ણન કર્યું, પરંતુ તેઓ યુદ્ધ સેવામાં પણ પ્રાચીનકાળની પરાક્રમી પ્રમદાઓ પેઠે પ્રખ્યાત છે. હાલની ભયંકર લડાઇના પરીણામે તુર્કી સાથે જે એકતરફી સુલેહની શરતો થઇ છે તેથી તુર્ક તરૂણીઓ કેવી ઉશ્કેરાઇ, દેશ હિતના કાર્યમાં ભાગ લે છે તેનું વર્ણન ડેલીએકસપ્રેસના ખબરપત્રી સર પરસીવલ ફીલીપ્સે આપ્યું છે, જેનાથી જણાય છે કે એક ટર્કીશ બાળા ખાલીદી અદીબખાનમની લડાયક કોશેશોનો અહેવાલ મજકુર પત્રને લખ્યો છે જેમાં જણાવ્યું છે કેઃ—ટર્કીમાં સ્થીતી હવે એવી ભયંકર થઇ પડી છે કે મરદોજ નહી પણ સ્ત્રીઓ સુદ્ધાંત દેશના અભ્યુદય માટે પ્રાણાહુતિ આપવા નીકળી પડી છે અને ઇસ્લામી માન અને આબરૂ તથા પોતાની કોમી લજ્જા અને અભિમાન ઉપર પોતાનો જીવ કુરબાન કરવા ચાહે છે. મજકુર ખબરપત્રી લખે છે કેઃ—ખાલીદાખાનમ પોતે હવે લડાયક મેદાનમા આવી પડી છે અને મજકુર સાધ્વી બાઇ એકલીએ પંદર દિવસમાં બાર હજાર રિક્રૂટો મુસ્તફા કમાલપાશાના લશ્કરમાં દાખલ કરાવ્યા છે. મજકુર શુરાતની સિંહણે મોટી અસર મેળવી છે અને તેણી એનેટોલીયામાં સામાન્ય ફેરફેરણી કરવાની કોશીશમાં લાગી છે. એ બાઇ

ધર્મને ઘણો વહાલો ગણે છે અને તેઓનું માનવું છે કે ધર્મ છોડી મુસલમાનો દુનિયામાં કદીપણ જીવી શકનાર નથી. જ્યારે ગ્રીસોએ ટર્કોની ઉપર જુલમાટની હદ લાવી નાંખી ત્યારે, તે ઘરમાંથી નીકળી પડી અને મુસલમાનોને ભેગા કરી કહેવા લાગી કે:—હું લાચાર છું, હવે મારામાં સબરની તાકાત નથી. એજ દીવસથી આ હિમ્મતવાન બાળા દેશ અને કોમનું માન જાળવવાની કોશીશમાં સંડોવાઇ ગઇ છે. એક ઇસિલામી, જેનાં અંતઃકરણમાં સહેજ પણ ઇમાનનો જુસ્સો હશે તે આ સમજદાર તથા બહાદુર બાળાની હિંમતનો હાલ વાંચી તેની ઉપર આશ્ચર્ય કર્યા વિના રહેશે નહીં. આ ધર્મચુસ્ત અને કોમપરસ્ત બાળાએ પોતાના આવા મરદાનગી ભરેલા કાર્યોથી જે ઝળકતો અને કીર્તિવંત દાખલો રજુ કર્યો છે તેની અસર, ટર્કીશ પ્રજા ઉપર તેમજ આ ઇસલામીઓ ઉપર ઘણીજ ઉંડી પડશે. જો કે ટર્કી તરૂણીઓ અને અરબ અબળાઓ, કીવાં ઇસલામી યુવતિઓનો લડાઇમાં સામેલ થવાનો આ બનાવ કાંઇ નવો નથી, એમ વાંચક આ ગ્રંથમાં પ્રથમ જોઇ ચુકયો છે. હાલના સમયમાં મજકુર તુર્ક તરૂણી વીના બીજી ટ્રીપોલીની અરબ યુવતી ફાતીમાનો બનાવ જે હાલના બ્રીટીશ હુમલાના સમયમાં બન્યો હતો, તે પણ લોકોને હજી યાદ છે. એ ઉપરાંત ગેલીપોલી ઉપર અંગ્રેજી લશ્કર ઉતરવાના સમયમાં ત્રણ ટર્કીશ બાળાઓએ કેટલીક રાત્રી સુધી પોતાની ગોળીઓ વતી સંખ્યાબંધ સિપાહોને ઘાયલ કર્યા હતા.

સંક્ષિપ્તમાં જણાવવાનું એટલુંજ કે:-પ્રાચીનકાળની પરાક્રમી પ્રમદાઓ જેટલી નહીં તો કંઇક અંશે હજુ ઇસલામમાં વીર વનિતાઓ વીધ્યમાન છે એટલું જણાવી લેખીનીને વિશ્રાંતી આપીશું.

સમાપ્ત.